# Amatha Amatha Kem Na Hasie (Gujarati)

Sairam Dave

VISIT…

LANZAROTE Caliente.com

# અમથાં અમથાં કેમ ન હસીએ ?

ગુજરાતી બેસ્ટસેલર : ૫,૦૦૦ ઉપરાંત નકલો વેચાઈ ચૂકી છે.






સાંઈરામ દવે

સદીનો શ્રેષ્ઠ હાસ્યકલાકાર




આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

આપણા જીવનમાં મેડિકલ સાયન્સ હાસ્યને પૂરી ગંભીરતાથી મહત્વ આપ્યું છે. પહેલાં એવું કહેવાતું : હસે તેનું વસે પણ આજના આ દોડધામના સમયમાં જીવતા માણસને જોઈને હવે એવું કહેવાનું મન થાય છે કે હસે એ શ્વાસે .

ઘણીવાર ખબર નથી પડતી કે માણસ જીવવા માટે આટલો બધો દોડે છે કે દોડવા માટે જીવે છે?! સમયની અછતમાં જીવતા માણસ પાસે બે ઘડી મુક્તમને હસવાની ફુરસદ નથી. ખડખડાટપણે નહીં હસી શકવાના કારણે જ કદાચ આજનો માણસ દર્પણ સામે ઊભા રહીનેય પોતાને જ શોધતો હોય તેમ લાગે છે.

આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે લેખક તમારી સામે બેસીને – બોલીને – તમારી સાથે સંવાદ સાધીને હસાવતા હોય એવું, તમે પાને પાને અનુભવશો! વક્તા હાસ્યકાર જયારે કલમ ઉપાડે છે ત્યારે એના હાસ્યમાં એક જુદા જ પ્રકારની તાજગી, એક નવા જ પ્રકારની થ્રિલ, એક અનોખું કૉમ્યુનિકેશન જોવા મળે છે! આ પુસ્તક વાંચવાનું શરૂ કરશો ત્યાં જ તમે હસી પડશો કે વાહ, હાસ્ય પણ આટલું રોમાંચક હોઈ શકે છે!

# અમથાં અમથાં
# કેમ
# ન
# હસીએ ?

ખડખડાટ હસાવતા હાસ્યલેખોનો સંગ્રહ

## સાંઈરામ દવે



**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

**AMTHA AMTHA KEM NA HASIYE ?**
Written by Sairam Dave
Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**
Mumbai ☐ Ahmedabad



પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧



Cataloging-in-Publication (CIP)

**Dave, Sairam**
**Amtha Amtha Kem Na Hasiye?** / Sairam Dave
Ahmedabad : **R. R. Sheth & Co. Pvt. Ltd.** ,
136p., 22cm.
**ISBN :**
(1) Gujarati Humour I. Sairam Dave II. Title

અર્પણ

ઉંમરમાં નાના હોવા છતાં,
સમજણ અને સંવેદનામાં હું જેને
મારાથી મોટા ગણું છું એવા

બન્ને લઘુબંધુઓ કિશન અને અમિતને

વહાલપૂર્વક અર્પણ...

# પ્રસ્તાવના

છેલ્લાં સત્તર વરહથી હું લોકોને હસાવવાના રવાડે ચડ્યો છું. જોક્સ બોલીને હસાવવા એ હવે મારા માટે સહજ અને સિદ્ધ રમત થઈ ચૂકી છે. પરંતુ લેખ સ્વરૂપે કશુંક લખીને હસાવવા એ થોડુંક કસરતવાળું કામ છે. વળી બોલચાલની ભાષામાં જેવી રીતે હું હાસ્ય-લોકસાહિત્યના પ્રોગ્રામો આપું છું એ જ શૈલીમાં મેં આ લેખો લખ્યા છે. મારી મજા લેવી હોય તો મને મારી મર્યાદા સાથે સ્વીકારજો.

જે હું ક્યાંય પ્રોગ્રામમાં બોલ્યો નથી એવું ઘણું મેં લેખ દ્વારા પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો છે. બાકી તો,

મુજે અફસોસ નહીં કી મેરે પાસ સબ કુછ હોના ચાહિએ થા,
મૈં તો ઉસ વક્ત ભી મુસ્કુરાતા થા જબ મુજે રોના ચાહિએ થા!

મારો હેતુ માત્ર અને માત્ર આપને શુદ્ધ અને પારિવારિક હાસ્ય પીરસવાનો છે. વલ્ગર કૉમેડી શૉની વણજાર વચ્ચે પારિવારિક હાસ્યને ટકાવવું એ પણ એક અઘરું કામ થાતું જાય છે. છતાં જ્યાં સુધી તમે હસતા રહેશો ત્યાં સુધી લખતો રહીશ ઈ પ્રોમિસ.

'સંદેશ' દૈનિકમાં 'મસ્તીનાપુર' નામે કૉલમ શરૂ કરાવનાર તંત્રી મિત્રશ્રી ક્રિષ્ણકાંત ઉનડકટને આપું એટલી વધાયુ ઓછી. આ લેખમાળાના મારા કડક આલોચકો ભાઈ કિશન, અમિત, મનિષ, ગુણવંત ચુડાસમા, અશોક શેખડા અને જેની સાથે અડધોઅડધ લેખ વિચાર્યા ઈ જીગરીયા અતુલ પંડ્યાને હૃદયપૂર્વકનાં વધામણાં. 'મસ્તીનાપુર' કૉલમના વાચકોનો દિલથી આભાર. હૃદયસમા મારા હર્ષદ મામા, જેણે જોડણીની ભૂલોમાંથી આ પુસ્તક ઉગાર્યું એને કેમ ભૂલું? અને પ્રિય મોરારિ બાપુ, જેમણે વિમોચનની 'હા' ભણી અને ઋણી રાખ્યો ઈ સૌનો હૃદયથી આભાર.

જનરલી લોકો હાસ્યકલાકારોને સિરિયસલી લેતા જ નથી હોતા. એવા વાતાવરણમાં આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.એ મારી કલમ પર ભરોસો રાખ્યો અને પ્રિય ચિંતનભાઈએ મારા લેખનનું સ્કેનિંગ કરી આ પ્રકાશનનું જોખમ ખેડયું. એમની હિંમતને ધન્યવાદ.

બાકી હું પણ જાણું જ છું કે કિનારે પહોંચવું સહેલું નથી. યાર, સાગરના મોઢે પણ ફીણ આવી જાય છે, તો આપણે તો કાચી માટીના માનવી છઈએ...!

કવિ હાલીના એક શેરથી ટૂંકાવું તો –

ફરિશ્તે સે બઢકર હૈ ઈન્સાન હોના,
મગર ઈસમેં પડતી હૈ મહેનત જ્યાદા.

આવો, કોમવાદ નહીં 'હાસ્યવાદ' ફેલાવીએ.

– સાંઈરામ

# અનુક્રમણિકા

## કાઠિયાવાડનું બીજું નામ ગાંઠિયાવાડ હોવું જોઈએ

**મા**રા જ એક શેરથી ઉપાડ કરું તો –

હું વસ્તુ સૌથી મોંઘેરી ને જાજરમાન વહેંચું છું,
ઓલ્યા ઈમાન વેચે છે ને હું મુસ્કાન વહેંચું છું.

મને સતત એવું લાગ્યા કરે કે, અમારું કાઠિયાવાડ એ માત્ર કાઠિયાવાડ નથી, એનું બીજું નામ 'ગાંઠિયાવાડ' પણ હોવું જોઈએ. ચણાના લોટને અમે લોકો સિમેન્ટ અને સોના કરતાં પણ વધુ મૂલ્યવાન ગણીએ છીએ. વણેલા અને ફાફડા ગાંઠિયાનો જે મહિમા સૌરાષ્ટ્રની પ્રજાને છે એ કદાચ વિશ્વની કોઈ પ્રજાને નહીં હોય. અમારે કલાકારોને મન તો ચા અમારી કુળદેવી અને ગાંઠિયા અમારા સૂરાપૂરા.

સાંજ પડયે દોઢ કરોડના ચા-ગાંઠિયા ફાકી જતા અમે બધાય કોઈ પણ ડખાનું સમાધાન ચા-ગાંઠિયાથી કરીએ છીએ ને વળી કોઇ ચા-ગાંઠિયાનો વિવેક ન કરે તો ડખો પણ કરીએ છીએ. ડાયરામાં હું કાયમ કહું કે –

ભડકે ઈ ભેંસ નહીં, બેહે ઈ ઘોડો નહીં,
ગાંગરે નહીં ઈ ગાય નહીં, જાગે નહીં ઈ કૂતરો નહીં,
હસે નહીં ઈ માણા નહીં,
ને ગાંઠિયા ન ખાય ઈ ગુજરાતી નહીં.

મારા ગોંડલ ગામમાં ભુક્કા કાઢી નાખે એવો ચંદુ નામે એક ગાંઠિયાવાળો વસે છે. રોજ રાત્રે અમારા જેવા કેટલાય નિશાચરો અને ભ્રમણ નક્ષત્રમાં જન્મેલા અતૃપ્ત જીવોની ભૂખને ચંદુના ગાંઠિયાથી મોક્ષ મળે છે. ઐશ્વર્યાના પોસ્ટર પાસેથી નીકળો અને જેમ એને ટીકી ટીકીને જોવી જ પડે એવી જ મોહકતા ચંદુના ગાંઠિયામાં છે. એની રેંકડી પાસેથી નીકળો એટલે ગાંઠિયા ખાવા જ પડે. આ મારી ચૅલેન્જ છે અને અનુભવ પણ.

અમારાં ઘણાં બધાં ઉપવાસ અને એકટાણાં ચંદુની રેંકડી ઉપર શહીદ થયાના દાખલા છે. વળી ચંદુના ગાંઠિયારથનું નામ ખૂબ મૉડર્ન છે, 'રિલાયન્સ ગાંઠિયા સેન્ટર'. અને ટાઈટલ નીચે ઘાસલેટના ડબ્બા જેવડા અક્ષરે લખ્યું છે કે, 'અમારી બીજી કોઈ શાખા નથી.'

એક રાતે દોઢેક વાગ્યે હું ઝરમર વરસાદમાં મનમાં દોઢસો ગાંઠિયાનો સંકલ્પ કરી ચંદુના રથ ઉપર પહોંચ્યો. ગાંઠિયા બાંધી દીધા પછી ચંદુએ એક અઘરો સવાલ મને પૂછી નાખ્યો કે, '"સાહેબ, અટાણે તમને કોણે મોકલ્યો?" હું ગળગળો થઈ ગયો. મેં કહ્યું, '"ચંદુ, મારી બા મને રાતે દસ વાગ્યા પછી બહાર નીકળવાની ના પાડે છે. તું વિચાર, અટાણે મને કોણે ધક્કો માર્યો હશે? ઘરવાળી સિવાય કોઈની હિંમત છે કે મારી ઉપર આવી સરમુખત્યારશાહી ભોગવે?" મેં આટલો ઉત્તર વાળ્યો ત્યાં તો ચંદુની ઘોલર મરચાં જેવી આંખમાં આંસુડાં તગતગવાં માંડ્યાં. ગાંઠિયાનો જારો મૂકીને ઈ મને બાથ ભરી ગ્યો કે, સાહેબ, તમે તો મારી દુખતી રગ ઉપર પગ મૂકી દીધો. હું રોજ રાત્રે દસ વાગ્યે રેંકડી લઈને આવું છું ને

સવારે પાંચ વાગ્યા સુધી આખા ગોંડલ હાટું ગાંઠિયા વણું છું. મનેય શું મારી બા મોકલતી હશે? પછી તો અમે બેય સમદુખિયા એટલું રડ્યા કે અમારા ગાંઠિયા પલળી ગયા.

ગાંઠિયાનો મહિમા અપરંપાર છે. મારા તો ઍપેન્ડિક્સના ઑપરેશન વખતે આંતરડાંમાંથી ડૉક્ટરે અડધો કિલો ચણાનો લોટ કાઢ્યાનો દાખલો છે. મારી દૃષ્ટિએ કોમવાદી બનવું એના કરતાં ગાંઠિયાવાદી કે હાસ્યવાદી બનવું સારું.

નેસ્ટ્રોડેમ્સની જેમ મારી આગાહી છે કે, ગુજરાતમાં ગાંઠિયા, જ્યાં સુધી તળાતાં રહેશે ત્યાં સુધી ખવાતાં રહેશે. મારી તો કલ્પના છે કે, ઈ.સ. ૨૦૨૦માં ભારત સરકાર બસ્સો કરોડની ગાંઠિયાની યોજના વહેતી મૂકે તો નવાઈ નહીં. વિશ્વના તમામ દેશોમાં ગુજરાતના ગાંઠિયા ઍક્સપોર્ટ કરવા માટે કૅબિનેટમાં ચટણીમંત્રી, મરચામંત્રી અને ગાંઠિયા વિકાસમંત્રીની નિમણૂક થશે. દરેક કંદોઈને લાલ ગોળાવાળી ગાડી અને લોટ બાંધતી વખતે ઝેડપ્લસ સુરક્ષા અર્પણ કરાશે. યાદ રાખજો, ગાંઠિયાનો વિકાસ એ જ ભારતનો વિકાસ હશે. ગાંઠિયાવાદી પાર્ટીની જય હો.



~ હાઉકલી ~

આપને મોબાઈલના ટાવર પર ભરોસો છે, પણ પરમાત્માના પાવર પર ભરોસો નથી.

# અખિલ વિશ્વ કાગડા કૉમ્યુનિટીનો ધમકીનો email

ચં નલોવાળાએ આ ભાદરવામાં આતંકવાદીના ધમકીભર્યા email ખૂબ ચલાવ્યા. આવો જ એક ધમકીભર્યો email : kagdacommunity@kagavas.com પરથી મારી ઉપર આવેલો છે. જેમાં કોઈ પણ શબ્દના ફેરફાર વગર સમગ્ર કાગડાઓની વેદના વ્યથાકથા આપના સુધી શબ્દશ: પહોંચાડી રહ્યો છું.

આદરણીય મનુષ્યો, (તમામ જ્ઞાતિ, તમામ ધર્મ)

વિષય : પિતૃપદેથી V.R.S. આપવા બાબત.

શ્રાદ્ધપક્ષના દિવસો ચાલી રહ્યા છે અને ના છૂટકે તમને આ અરજન્ટ email કરવો પડયો છે. જેનો તાત્કાલિક અમલ કરવા હું 'અખિલ વિશ્વ કાગડા કૉમ્યુનિટી' તરફથી સમગ્ર માનવજાતને આ વિનંતિસહ ધમકી પાઠવું છું. તમે માણસો કયા બેઈઝ ઉપરથી અમને પિતૃઓ ગણો છો? આ મુદ્દે અમારા પક્ષીસમાજમાં ખૂબ મોટા ઝઘડાઓ થઈ ગયા છે. એક તો એકેય બાજુથી તમે લોકો કાગડા જેવા લાગતા નથી. કાગડા હોવાનો પ્રથમ નિયમ એ છે કે જેવા અંદર હો એવા જ બહાર દેખાવું પડે, અને જે ગુણ તમે કદી આત્મસાત કરી શકતા નથી. ઊલટાનું તમે તો સફેદ કપડાં પહેરીને કાળા ધંધા આદરો છો. જે ગુણ બગલા સાથે મળતા આવે છે. તો આપ સર્વે મનુષ્ય સમાજને વિનંતી છે કે બગલા અથવા વાંદરાને આપ ખીર ખવડાવો. આમેય ગયા ભાદરવે તમે લોકોએ જે ખીર ખવડાવી એમાં પાવડરના દૂધની ખીર ઉડાડી'તી એટલે અમારી નાતમાં ત્રણ હજાર અને બસ્સો જેટલા કાગડાઓને ઝાડાઊલટી થઈ ગયા'તા. વળી અમારે તો તમારી જેમ ઈમરજન્સી ૧૦૮ જેવી વ્યવસ્થા પણ ન હોય, તમારા પિતૃઓની તો ખબર નથી, પરંતુ ગયા ભાદરવે તમારી ભેળસેળવાળી ખીરથી અમારા ૨૧૫ જેટલા કાગડાઓ અવસાન પામીને પિતૃ થઈ ગયા. જેમનાં સંતાનોને રહેમરાહે નોકરી આપવામાં અમને ફીણ આવી ગયાં.

આથી અમે કાગડાઓએ ઓણ નક્કી કર્યું છે કે તમે લોકો ખીરના ગમે એટલા લોંદા ઉડાડો તોય, અમે કોઈ આ વર્ષે તમારી અગાસી ઉપર ફરકવાના નથી. બીજી બહુ અગત્યની વાત કે ભાદરવા માસમાં અમારી કાગડીઓ બચ્ચાંને જન્મ આપે છે, એ બચ્ચાંના આહાર માટે જે તે સમયે તમારા વડવાઓએ આ ખીર ખવડાવવાનો 'રિવાજ' શરૂ કર્યો હતો. આ પક્ષીપ્રેમનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ હતું. હવે તમે લોકો એને પિતૃઓ સાથે જોડી અમને ઈમોશનલી બ્લેક મેઈલ કરવાનું બંધ કરો તો સારું. અમારી કાગડાની આખી જ્ઞાતિનું મુખ્ય કામ સમાજમાંથી કચરો દૂર કરવાનું છે અને તમારી આખી જ્ઞાતિ આ સિદ્ધાંતથી વિરુદ્ધ ધરતી ઉપર કચરો વધારવાનું કામ કરી રહી છે. જેનાથી અમને ખૂબ ઠેસ પહોંચે છે.

અત્યાર સુધી અમે તમારી જ્ઞાતિને ઘણા બધા મુદ્દાઓ પર માફ કરી દીધા છે જેમ કે, તમે તમારાં સંતાનોને 'કાગડો કા કા કરતો આવે' આવાં જોડકણાં અને ગીતો અમારી પૂર્વ પરવાનગી વગર વર્ષોથી ગવડાવ્યાં કરો છો. 'જૂઠ બોલે કૌઆ કાટે, કાલે કૌએ સે ડરીઓ' આ

ગીતકારને પણ અમારી જ્ઞાતિવિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ અમે માફ કર્યો છે. તો પેલો દલેર મહેંદીએ 'સચ બોલ કાલા કૌઆ કાટ ખાયેગા' આવું ગાઈગાઈને કરોડો રૂપિયા બનાવી લીધા ને અમને રૉયલ્ટી પેટે કશું નથી મોકલ્યું. હોરર ફિલ્મ 'ફૂંક'વાળા ઉપર તો અમારો યુવા કાગડા સમાજ ધૂંઆપૂંઆ છે. એકમાત્ર કવિ રમેશ પારેખે 'કાગડો મરી ગયો' આ કવિતામાં અમારી વેદનાને વાચા આપી જે બદલ સંસ્થા એમનો આભાર માને છે. તમારી આખી દુનિયામાં માણસ એ જ છે ને એ છે બિલ ગેટ્સ. જેણે પોતાની કંપની 'માઈક્રૉસૉફ્ટ' નામ રાખ્યું એમાં ક્રો (કાગડો) આવતું હતું એટલે તેમણે અમારા સમાજને રૉયલ્ટી પેટે કરોડો રૂપિયા મોકલ્યા. જેમાંથી આજ અમારી યુવા પેઢી કમ્પ્યૂટર શિક્ષણ લઈ રહી છે. ત્રીજી વાત 'કાગડો આવવાથી મહેમાન આવે છે' આવી ખોટી અફવાઓ ન ફેલાવો યાર, અમુક લોલિયાવના ઘરે પણ અમે લોકોએ જવાનું બંધ કર્યું છે.

અંતમાં સમગ્ર કાગડા કૉમ્યુનિટી વતી પ્રાર્થના છે કે અમે લોકો તમારા પિતૃપદેથી V.R.S. લેવા માંગીએ છીએ. તમારા કારનામાંઓથી કંટાળીને અમારી જ્ઞાતિએ આ નિર્ણય લીધો છે. અમને માફ કરજો અને આ ભાદરવે અમારી રાહ ન જોતા.

છેલ્લી મફત સલાહ કે તમે માણસો પિંડદાન, પિતૃતર્પણ અને પિતૃમોક્ષ માટે મા-બાપના મર્યા પછી જેટલો ખર્ચો કરો છો એનાથી અડધો જો જીવતાં મા-બાપને સાચવવામાં કરો તો કદાચ તમારા પિતૃઓને જીવતાં જ મોક્ષ મળી જાય. આ mail મળ્યા પછી પણ જો તમે 'કાગ-કાગ'ની રાડો પાડશો તો ન છૂટકે અમારે સુપ્રીમ કોર્ટનાં દ્વાર ખખડાવવાં પડશે અને માનહાનિનો દાવો માંડવો પડશે. સહકારની શ્રદ્ધા સાથે.

સૂચનાનો અરજન્ટ અમલ કરવા વિનંતી.

પ્રમુખ (સહી અવાચ્ય)
અખિલ વિશ્વ કાગડા કૉમ્યુનિટી



~ હાઉકલી ~

પાણી પાણી પોકારતો જેનો આતમો ઊડી જાય. પછી પીપળે પાણી પાય, ઈ મર્યા પછી શું માનડાં .

(લોક સાહિત્યનો દુહો)

# સહનશક્તિનું પર્વ!

સમગ્રમગ્ર વિશ્વનો 'લોંન્ગૅસ્ટ' ડાન્સિંગ ફૅસ્ટિવલ શરૂ થવામાં છે. મારા છોકરાએ મને બહુ વિનમ્રભાવે પૂછી નાખ્યું કે, 'પપ્પા, આ નવરાત્રિ એ શક્તિનું પર્વ છે?' મેં ઠંડે કલેજે જવાબ આપ્યો કે 'હા, બેટા આમ તો આ બધાંય માટે શક્તિનું પર્વ જ છે પણ ખેલૈયાનાં મા-બાપ માટે આ "સહનશક્તિનું" પર્વ થઈ ગયું છે.' સાધકો માટે આ ભક્તિનું પર્વ છે તો પોલિટિશિયન માટે આ શક્તિ પ્રદર્શનનું પર્વ થઈ ગયું છે. તો અમારા ગાયકો માટે રૂપિયા કમાવવાનું આ મસ્તીનું પર્વ પણ થઈ ગયું છે. અમુક સિંગર્સ તો પહેલા નોરતે બહાર પડે છે ને દશેરાએ દેવ થઈ જાય છે. જસ્ટ ફૉર ઑડિયન્સ નૉલેજ એક અંગત વાત કહી દઉં તો દાંડિયારાસ ગવડાવતી પચાસ ટકાથી વધુ મહિલા કલાકારોને 'અષાઢ ઉચારા' અને ડમક ડમક દાદુર ડમ ડમક' આ બે સરકારી છંદ જ આવડે છે છતાં આયોજકો પૂરું પેમેન્ટ કરે છે અને ફૅસિલિટી આપે છે, કારણ કે તેઓ મહિલા છે અને અમારા પુરુષ ગાયકો બિચાકડા નવ નવ દી'લગી ગાંગરી ગાંગરીને ગળાં લીલાં કરે તો'ય દશેરાએ એનું પેમેન્ટ કપાય છે. (કારણ કે તેઓ પુરુષ છે યાર!)

હું જાણું છું કે ખેલૈયાવ આજ એક દિવસનું પેપર વાંચી શકશે પછી તો સીધું દશેરા પછી વાંચશે, કેમ કે સવારે આ લોકો સીધા ઘરે સૂવા જ આવશે. સો ફ્રૅન્ડઝ, મોજથી નાચજો. દૃઢ ડાહ્યાપણું નેવે મૂકીને નહીં પણ દોઢિયું રમી લેજો. તાલમાં કંઈ ટપો ન પડે તો'ય ટપ્પો રમવાનું ચૂકતા નહીં. બાપાના રૂપિયાનો ઝાઝો ઉલાળિયો કર્યા વગર ઉલાળિયો રમજો. તમારા ગ્રૂપની મસ્ત છોકરી આ વખતે બીજા કોઈના ગ્રૂપમાં ગોઠવાઈ ગઈ હોય તો ચાર ટિટોળા નાંખ્યા વગર ટિટોડો રમી લેજો. એ તમને ઠેંગો બતાવી ગઈ હોય તો તમે તેની આજુબાજુ અઠંગો રમો... હિમ્મત રાખો યાર...

દુસરો કી અમાનત દેખ કે હેરાન મત હો,
ખુદા તુજે ભી દેગા યાર પરેશાન મત હો

પગની પિંડિયું કેરીના ગોટલા જેવી થઈ જાય ત્યાં સુધી રમજો. ઘણાય ખેલૈયાઓ તો જજની આજુબાજુ જ પરસેવો પાડતા હોય છે. પ્રિન્સ થવાની દોડમાં એટલી બધી કમર ન હલાવતા કે પછી ત્રણ મહિના સુધી સ્પાઈનલ સર્જનનું ખિસ્સું ભરવું પડે. ખેલૈયાઓ, બી પ્રૅક્ટિકલ. માઈકવાળા, મંડપવાળા, લાઈટવાળા, ગાવાવાળા, ખાવાવાળા અને જોવા આવવાવાળા આ બધા વાળાઓને ગોઠવવામાં આયોજનવાળાઓને ફીણ આવી જાય છે અને આ ફીણ બહુ સાયલન્ટ હોય છે. ગઈ નવરાત્રિના જે આયોજકોને તમે આ નવરાત્રિએ ન ભાળો એટલે સમજી લેજો કે એ ભાઈલાઓને ઓલા ફીણના બળબળિયા આવી ગયા છે. અને દાંડિયા રમવાવાળાં છોકરા-છોકરીઓને છેલ્લી ટિપ્સ... નવરાતમાં જે સરસ નાચી શકે છે ઈ છોકરો કે છોકરી જીવનસાથી તરીકે આખી જિંદગી તાલમાં–સૂરમાં સરસ જીવી શકશે એવા વહેમમાં ન રહેતા. નાચવાની પેરને જીવન જીવવાની પેર બનાવતા પહેલાં લાખ વાર વિચાર

કરજો કે લગ્નજીવનમાં આ હીંચ આવી ને આવી નહીં રહે. દોસ્ત છોકરાંઓ તરત જ ઉલાળિયું રમવા લાગે છે ને છોકરીઓની વાંહે પછી ટિટોળા જ વધે છે. માટે જ કદાચ નોરતાં પૂરા એટલે સંબંધ પૂરા એવી જ સ્ટ્રેટેજી લોકો પસંદ કરે છે. નહિતર જો ક્યાંક ડિસ્કો દાંડિયામાં જ મેચિંગ ગોતીને ગોઠવાણા તો' ઈસ દાંડિયા કી ગુંજ તુમ્હેં જિંદગીભર સુનાઈ દેગી, દોસ્ત.'

મારો મિત્ર સંજય સાગઠિયા મને કાયમ કહે છે કે અન્નકૂટ અને નવરાત્રિમાં હું કદી નથી જાતો, કારણ કે આ બંને ઉત્સવોમાં બધી જ વાનગીઓ (!) માત્ર દર્શન અને પ્રદર્શન માટે જ હોય છે.

# રાવણની વ્યથાકથા

**આ** જુબાજુ બધી દિશામાં હીંચતાલની પડઘમ આવી રહી છે, ક્યાંક 'હો રંગ રસિયા' ગવાય છે તો ક્યાંક ક્યાંક જુવાનિયાવ ડિસ્કો દાંડિયાના બહાને આખા ગામને ગોળી પાઈ 'રંગ રસિયા' રમી પણ આવ્યા છે. મારા પાડોશની છોકરીએ નવદી'ના દાંડિયા રાસમાં એના દાંડિયાના પાર્ટનરને લાઈફ પાર્ટનર બનાવી દીધો.

છોકરા-છોકરી એની પેર બદલાવે ઈ પહેલાં મા-બાપે કુનેહ વાપરીને યુદ્ધના ધોરણે સગાઈ ગોઠવી નાખી. પોતાનું પાત્ર પોતે સિલેક્ટ કર્યું છે એટલે જાણે અજમલ કસાબને જીવતો પકડ્યો હોય એવી હરખૂડી થઈને છોકરી મને સગાઈનું રૂબરૂ નિમંત્રણ આપવા આવી. મારા ઘરમાં મારી એકની એક સગી ધર્મપત્ની સામે મને ક્યે 'અંકલ, આવવાનું જ છે હોં.' મેં હસીને પરાણે કહ્યું, ભલે હોં બેન, ચોક્કસ આવીશ... કોઈ પણ યુવાન છોકરી કોઈ પણ પુરુષને અંકલ ક્યે એટલે મેં જોયું છે એને હાડોહાડ લાગી આવે છે. તમામ પુરુષો તરત જ ઓલા સિંઘમના વિલન જયકાંત શિકરેનો ડાયલોગ મનમાં બબડે છે કે 'કુછ ભી કરને કા, પર અપુન કા ઈગો હર્ટ નહીં કરને કા' પુરુષોને કોઈ અંકલ ક્યે એટલે શેરબજારના સેન્સેક્સમાં જેમ પાંચ હજારનો કડાકો બોલે ને ડે-ટ્રેડરનો નિસાસો નીકળે એમ પુરુષો દાંત કચકચાવે છે.

મારું માનવું છે કે ત્રીસ વરસની ઉપરના પુરુષોને આજકાલની છોકરીઓ અંકલ કહીને એનું ઉમેદવારીપત્રક ગેરલાયક ઠેરવે છે. અથવા તો પોતે પાણી પેલા પાળ બાંધે છે. ધારો કે કોઈ પુરુષ સોસાયટીની તમામ બેનું-બાયુંને માસી કહેવા લાગે તો કેવા તિખારા ઝરે! મૂળ વાત પર આવું તો નાની ઉંમરે અંકલની પદવી અકારણ પ્રાપ્ત કર્યા બાદ મનના ડામ અને દાઝને મનમાં દફનાવી હું શેરીની એક દીકરીની સગાઈમાં ગયો. મુરતિયો જોઈને મને ઓતર આવી ગયો... બિચાકડાને દાંડિયારાસ સિવાય બીજું કશું જ આવડતું નહોતું. હળવી શૈલીમાં મેં એને સૅલરી અને કારકિર્દીના પ્રશ્નો પૂછ્યા તો એણે મુંબઈના ફ્લાયઓવરની જેમ બાયપાસ કર્યા પછી, કન્યાને કાનમાં એક ચોવીસ કૅરેટની વાત કહીને આવ્યો કે બેટા, તમે સ્ત્રીઓ સાડીને મેચિંગ ફોલ જો પ્રોપર ન મળે તો માર્કેટમાં ત્રણ દિવસ સુધી ધક્કા ખાવ છો અને અને બેટા તેં જિંદગીનું મૅચિંગ આટલી જલદી ગોતી લીધું! વાહ તારું સિલેક્શન વાહ... નવરાત્રિના આવાં કેટલાંય જોડલાંઓએ આવતી નવરાત્રિએ છૂટાછેડા લઈ લીધા હશે... એનાં નસીબ... પણ આવતી કાલે દશેરા છે. આપણા દેશમાં દર વર્ષે રાવણનું દહન કરવું પડે છે. રાવણ આમ તો એકેય બાજુથી હસાવવા માટે યોગ્ય નથી, છતાંય અમે તો નજર નાખીએ એટલે કૈંક તો મળી જ જાય. દસ માથાંવાળા રાવણની પરાક્રમગાથા તમે ભલે રામાયણમાં સાંભળી વાંચી હશે પણ મને તો વ્યથાકથા સ્પષ્ટ દેખાઈ છે. રાવણ બિચાકડો દશ માથાંને લીધે કોઈ'દી પડખું ફરીને સૂઈ નહીં શક્યો હોય... રાવણ કદી ટી-શર્ટ નહીં પહેરી શક્યો હોય. એટલે જ એના માટે બટનવાળા શર્ટની શોધ થઈ હશે. મિત્ર અતુલ પંડ્યાએ મારી વાતમાં ટાપસી પુરાવી કે હા ભાઈ, રાવણને માથું દુખતું હશે ત્યારે મંદોદરી કયા માથાને બામ ઘસતી હશે? ઈથી આગળ, રાવણનાં લગ્ન વખતે દશ માથાંની દ્વિધામાં એની સાળીએ કયા માથાનું નાક ખેંચ્યું હશે? બે

મિનિટ માટે વિચારો તો ખરા, ખરેખર રાવણ જો જીવતો હોત તો? તો શું એને દસ માથાંદીઠ કુપનની ખાંડ અને મેક્સીમમ કેરોસીનનો લાભ મળતો હોત? રાવણ જો જીવતો હોત તો એ પાનની દુકાને જઈને જોરથી ઑર્ડર આપત કે એક સિગારેટ અને નવ સાદી બીડી આપો! રાવણભાઈ, અત્યારે તે તમને તમારા માટે ઈનોવા કે ફૉર્ચ્યુન પણ ટૂંકી પડત. ઊભી લિમોઝિન અમારે સ્પેશ્યલ ડિઝાઈન કરવી પડત અને ફેસબુક પર તમારાં દસ એકાઉન્ટ હોત... એફ.એમ. સાંભળવા તમારે દસ દસ ઈયર ફોનના સેટ વસાવવા પડત.. આટલી બધી લપ કરવી એના કરતાં સારું કર્યું શ્રીરામે તમને ટાણાસર કૈલાશવાસ પહોંચાડી દીધા. કઠણાઈ તો જુઓ, દર વર્ષે માબાપ જેટલાં હોંશે હોંશે સંતાનોને રાવણ દેખાડવા લઈ જાય છે એટલી હોંશ રાખીને રામનાં દર્શન કરાવવા લઈ જાય તો આખાય હિન્દુસ્તાનનો ઉદ્ધાર થઈ જાય.



~ હાઉકલી ~

તમારી જાતને સતત 'આઈ લવ યુ' કહેતા રહો, પાસપોર્ટ અને વિઝાની જેમ શબ્દોને પણ એક્સપાઈરી ડેટ છે.

# પતિને બદલી નાખતી પત્નીઓ !

**લો**કસાહિત્યનો બહુ જૂનો દુહો છે :

કૂવાનું ઢાંકણ પાવડો, જગનું ઢાંકણ જાર,
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર!

આપણા લોકાચાર્યોએ લખ્યું છે કે અગ્નિ સોનાની કસોટી કરે છે, સોનું સ્ત્રીની અને સ્ત્રી પુરુષની કસોટી કરે છે. પત્ની આમ તો એક અવ્યાખ્યાયિત પદ છે છતાં એટલું જરૂર કહી શકું કે ત્રીસ વર્ષ સુધી તમારા પર ટકટક કરે કે આ હેરસ્ટાઈલ બરાબર નથી બદલો, આ શર્ટ સારું નથી લાગતું બદલો, આ સારો નથી બદલો, આ છાપું મને જરાય પસંદ નથી બદલો...! આપણને (પતિદેવને) ધડમૂળથી બદલ્યા પછી સોસાયટીના ઓટલે બેસીને પાછી એ જ સ્ત્રી ગાડા એકનો નિહાકો નાંખે કે તમારા ભાઈ બદલી ગ્યા છે. આનું નામ પત્ની.

ઘણી પત્નીઓ એના પતિ પાસે મહિનામાં એક વાર મોરચો માંડીને બે સાડી માંગે છે, તો એમાંથી ઘણાંય હિંમતવાળા પતિદેવો એને બેસાડી ધે છે. આજકાલ અડધોઅડધ દાંપત્યજીવન યા તો 'સાડી'થી સળગે છે યા 'સાળી'થી. અમારા એક વડીલ વસ્તાભાઈ બારોટ કાયમ રમૂજમાં કે'તા કે...

ઉસ ચમન કો ક્યા કરું જીસમેં માલી ન હો,
ઉસ ઘર કો ક્યા કહું જીસમેં ઘરવાલી ન હો,
ઉસ સસુરાલ કો ક્યા કહું જીસમે સાલી ન હો,
ઉસ મહેફિલ કો ક્યા કહું જીસમેં તાલી ન હો...

મા, પત્ની, બહેન, દીકરી, સાળી, સાસુ, પાટલાસાસુ, પ્રેયસી કે બીજી કોઈ પણ સ્ત્રીને સમજવામાં પુરુષોની ફૂટપટ્ટી હંમેશાં ટૂંકી જ પડે છે.

એક દંતકથા પ્રમાણે આદમ અને ઈવ આ ધરતીનાં પ્રથમ સ્ત્રી-પુરુષ હતાં. જો કે મને તો હજુ ક્યારેક એમ લાગે છે કે આ બંનેની ભટકતી આત્માઓ સલમાન અને મલ્લિકામાં વસે છે. આદમે ઈવને પ્રપોઝ કર્યું કે 'આઈ લવ યુ – ડુ યુ લવ મી?' ઈવે સુંદર જવાબ આપ્યો કે 'મારી પાસે ચોઈસ ક્યાં છે યાર...!' તમે માનો કે ન માનો કુટુંબના પ્રેશરથી પરણેલી લાખો ગૃહિણીઓ એવી છે કે જેની પાસે બીજી ચોઈસ નહોતી યાર... આ સ્ત્રીઓને સલામ છે. આ લોકો મૂંગા મોઢે પરાણે પરાણે પ્રેમ કરીને ચાર દીવાલ વચ્ચે આખી જિંદગી કાઢી નાંખે છે અને આપણે બેચાર દી' સાસરિયાંમાં રોકાવું પડે તો જામતું નથી. પ્રેમ ચોપડા જેવા સસરા જે ઓસરીમાં વચ્ચે બેઠા બેઠા લગભગ દાઢી કરતા જોવા મળે એ દરેક જમાયુંને પિતૃ જેવા ભાસતા હોય છે.

વેલ, ઈવ એક બાબતમાં ખૂબ લકી હતી કે એને સાસુ કે નણંદ નહોતી યાર. રવિવારની એક સવારે એક પિતા-પુત્ર ફળિયામાં બેઠા બેઠા છાપું વાંચતા'તા એમાં રસોડામાં 'ધડામ' કરતો એક અવાજ આવ્યો. બંનેએ રસોડા તરફ જોયું પણ ઊભા થવાની તસદી ન

લીધી, કારણ કે એક તો રવિવારનો રજાનો મૂડ હતો ને બીજું બાપાને લગ્નનાં ચાલીસ વર્ષ પૂરાં થઈ ગ્યાં'તાં ને દીકરાને પણ લગ્નનાં પંદર વર્ષ પૂરાં થઈ ગ્યાં'તાં. એટલે હડી કાઢીને 'પ્રિયે શું થયું' આવો હરખ બેમાંથી એકેયને નહોતો. દીકરાએ ઠંડે કલેજે કહ્યું કાંઈ નહીં પપ્પા, એ તો મમ્મીથી બરણી ફૂટી છે. બાપા ક્યે તને અહીં બેઠા બેઠા કેમ ખબર પડી કે મમ્મીથી જ બરણી ફૂટી છે? દીકરો ક્યે સીધી વાત છે પપ્પા, મારી ઘરવાળીથી બરણી ફૂટી હોત તો વાંહે વાંહે બીજો અવાજ ન આવ્યો હોત?

ક્યાંક વાંચેલું કે ઓસ્કર વાઈલ્ડે કહ્યું છે કે પોતાની સાચી ઉંમર જણાવી દે એ સ્ત્રીનો કદી વિશ્વાસ ન કરવો, કેમ કે જે સ્ત્રી આવી ખાનગી વાતને ખાનગી ન રાખી શકે એ બીજી કઈ વાત ખાનગી રાખે? મારું તો માનવું છે કે મોટી ઉંમરની સ્ત્રીઓ કદી હોતી જ નથી. આ બધી સ્ત્રીઓ જે આજકાલ સ્કૂટર યા કાર ડ્રાઈવિંગ જાળવીને એટલે કરે છે કે એને શંકા છે કે ક્યાંક ઍક્સિડન્ટ થઈ જાય તો છાપામાં પોતાની ઉંમર છપાઈ જાય ને? સ્ત્રીઓ પોતાની ઉંમરમાંથી પહેલાં બાદબાકી કરે છે અને પછી ભાગાકાર કરે છે અને ત્યારબાદ તેનું વર્ગમૂળ કાઢે છે.

કોઈના પ્રથમ સ્પર્શથી કેટલીક યુવતીઓ શરમાઈ જાય છે. કેટલીક લપડાક ઠોકી દે છે, કેટલીક સેંડલ ફટકારે, કેટલીક સોગંદ લેવડાવે છે, કેટલીક બચકું ભરી લે છે પણ સૌથી વધુ ખતરનાક એ હોય છે જે હસી પડે છે. હાલો તંઈ, સૌ સૌના અનુભવો વાગોળો...



~ હાઉકલી ~

કલ્પના એ મગજની હવા છે.

– અંગ્રેજ કવિ પી.જે. બ્રેઈલી
ઈ.સ. ૧૮૧૬–૧૯૨૦

# અજગર એકમ, કાગડા બીજ, ઘોડા ત્રીજ...

દીપાવલીની મંગલ શુભકામના સાથે આવતીકાલે નવું વરહ બેહશે અને લોકો ઊભા થઈ થઈને એકબીજાનાં ઘરે સાલમુબારક કહેવા જશે. ઈશ્વરને પ્રાર્થના કરું કે આપ સૌના જીવનનું કાળી ચૌદશનું અંધારું દૂર થાય અને ત્યાં દીપાવલીનું અજવાળું પથરાય. આ દિવાળીએ મારી આજુબાજુ અમુક ફેફસાંફાડ ઘટનાઓ ઘટી. જેને ફાસ્ટ ફોરવર્ડ પેટર્નમાં જણાવી દઉં છું.

શેરીના એક વ્યસની કાકાને અમે મહામહેનતે દારૂ છોડાવ્યો હતો. વાઘબારસે એણે અચાનક પીવાનું શરૂ કર્યું. બધાને આઘાત લાગ્યો એટલે એક સાત્ત્વિક મોરચો લઈને શેરીના અમે સૌ નિર્વ્યસની નાગરિકો કાકાને સમજાવવા ગયા કે, કાકા શેરીની સાક્ષીએ છોડેલો આ દારૂ આમ અકારણ શરૂ કરવાનું કારણ શું? નશામાં ઘેઘૂર થયેલા કાકાએ બહુ ઍન્ટિક જવાબ આપ્યો કે દારૂ શરૂ કરવાનાં મારાં બે કારણ છે. એક તો જગજિતસિંહની વસમી વિદાયને લીધે હું પીવા બેઠો છું. મેં કહ્યું, કાકા તમારા કુટુંબમાં કોઈએ કદી ગઝલ સાંભળી નથી. જગજિતનો આઘાત ગઝલપ્રેમીઓને સો ટકા હોય અને રહેવાનો પણ તમારે ક્યાં ઈ માસીના દીકરા થતા'તા કે તમે આમ ગમમાં ડૂબીને 'રમ' પાછો શરૂ કરો? આ કારણ માન્ય નહીં રહે. આખી સોસાયટીએ ગર્જના કરી અમારું રૌદ્ર સ્વરૂપ જોઈ કાકાએ કારણ બદલાવ્યું. એલા ભાઈ, હું તો તમારાં છોકરાવ સાટું પીઉં છું. દિવાળીએ રૉકેટ છોડવા બધાંય ઘરને ખાલી બૉટલની જરૂર પડશે કે નહીં? રાત્રે તમે બૉટલ ગોતવા ક્યાં જાશો? એટલે ઍડવાન્સમાં બૉટલ બુકિંગ કરું છું.

વાઘબારસની વહેલી સવારે મારા છોકરાએ મને જોરદાર સવાલ પૂછ્યો કે, પપ્પા 'વાઘબારસ' નામ શું કામ પડયું હશે? મને રિયલી ખબર નહોતી એટલે મેં જવાબ ઉલાળ્યો કે બેટા એ તો વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે એટલે કદાચ નામ રાખ્યું હશે. છોકરાએ સામી સિક્સર મારી કે પપ્પા એમ તો હૉકી પણ આપણી રાષ્ટ્રીય રમત છે. કેમ 'હૉકી પૂનમ' નથી આવતી. બે મિનિટ તો મારા મગજનું પિસ્ટન ચોંટી ગયું કે સાલી વાત સાચી. ધારો કે વાઘની જેમ દરેક પ્રાણી પક્ષીને તિથિના નામનો ન્યાય મળતો હોય તો... તો પછી આપણી તિથિઓનાં નામ કેવાં હોત? દા.ત. અજગર એકમ, કાગડા બીજ, ઘોડા ત્રીજ, ચકલી ચોથ, પતંગિયા પાંચમ, શ્વાન છઠ્ઠ, સસલા સાતમ, એરુ આઠમ, નોળિયા નોમ, ડાયનોસોર દશમ, વીંછી અગિયારસ, વાઘ બારસ, તેતર તેરસ, ગધેડા ચૌદશ અને પોપટ પૂનમ.

કાળી ચૌદશ એ કકળાટ કાઢવાનો આપણો જૂનો રિવાજ છે. પાડોશમાં એક ભાભીએ પણ એમનાં માથાકૂટિયાં સાસુમાને તગારામાં બેસાડ્યાં અને માથે મૂકીને શેરી વચ્ચેના કૂંડાળામાં મૂકી આવ્યાં. એ કૂંડાળા અગાઉથી જ કોક બીજાએ કાઢેલી નિર્જીવ કકળાટ પર આ સજીવ કકળાટ બેસતાં, બંને કકળાટના છેદ ઊડી ગયા. ગૃહિણીઓ માટે દિવાળી પર ધૂળ-જાળાં નીકળી જાય પછી કઈ કઈ રંગોળી કરવી એ યક્ષપ્રશ્ન હોય છે. અમુક વાતોડિયા અને હરખપદૂડા પુરુષો પણ પાડોશની ભાભીઓને ઈમ્પ્રેસ કરવા માટે રંગોળી પર હાથ અજમાવે

છે. મારા એક પ્રૌઢ પાડોશીના પંડ્યમાં આ કાળી ચૌદશે એમ. એફ. હુસેનનો ભટકતો આત્મા પ્રગટ થયો. એ મહોદયે શેરીમાં એવી 'ભયંકર' રાધા રંગોળીઓ દોરી કે અમારી બધાની રંગોળીમાં કાનુડા, વગર વિઝાએ ગોકુળ છોડી દ્વારિકા ચાલ્યા ગયા. શેરીનાં નાનાં નાનાં ટાબરિયાં તો રાધાનું બિહામણું રૂપ જોઈને અડધી કલાકે છાનાં રહ્યાં. હું માનું છું આ ટપકાંવાળી રંગોળી મોહેંજો દડો અને હડપ્પાની સંસ્કૃતિ સાથે આપણા દેશની માટીમાંથી નીકળી હશે. છાપાંની પસ્તી ન મળતાં મારી અર્ધાંગનાએ તો મારા રિલાયન્સ પાવરના શેરમાં કાણાં પાડી રંગોળીનો અભરખો પરિપૂર્ણ કર્યો.

મારું એકાદું ઈન્વેસ્ટમૅન્ટ મારી પત્નીને વર્ષની આખરમાં ક્યાંક તો કામ લાગ્યું એમ માની મેં પણ મારા બ્રોકરનો આ તકે મનોમન આભાર માન્યો. પ્રિય મિત્ર અતુલે તો રંગોળી કરવા માટે ભાભી પાસે તેર ફૂટનું લીંપણ કરાવ્યું. સાત કલાકની રંગોળીમાં મહેનત કરી અને અતુલે 'સ્માઈલિંગ ડાયનોસોર' દોર્યો. ડાયનોસોરનું મોઢું અતુલના ઘરેથી શરૂ થયું.

# બોણી : એક સાત્ત્વિક ભ્રષ્ટાચાર

જલારામ જયંતીનો આજ પવિત્ર દિવસ છે. સૌરાષ્ટ્રના સમર્થ સંત જલારામ બાપાના ચરણે વંદન કરીને આ બોણીનો લેખ લખવા બેઠો છું. મંદિરની ધર્માદા પેટીમાં રૂપિયો, આઠ આના વગેરે ચિલ્લર દેકારો કરી રહ્યાં હતાં. ત્યાં કોકે દસ રૂપિયાની નોટ નાખી. (છુટ્ટા ન હોવાને લીધે) દસની નોટે પેટીમાં પડતા ભેગો અવાજ કર્યો, 'એય ચિલ્લર દેકારા નહીં, ખબર છે ને હું દસની નોટ છું!' ત્યાં એક રૂપિયો વાંહેથી બોલ્યો, 'એય દસ રૂપિયા શાંતિ તું રાખજે હોં, તું તો આજે આવ્યો છે બાકી અમે તો રોજ હોઈએ છીએ...!'

દિવાળી પછી મને પણ બોણીના ઘણાં ખડખડાટ અનુભવો થયા. આમેય 'બોણી' અને 'કોણી' આ બેયના ઘૂંબાની કળ ઝટ ન વળે.

બેસતા વર્ષની સવારે શેરીમાં ભિખારી સામો મળ્યો કે સાહેબ તમારાથી ભીખની બોણી કરું છું. રૂ. ૫૦થી હેઠે નહીં લઉં? આલે લે..! મારો કોઈ પરભવનો લેણિયાત માંગતો હોય એ રીતે અને એવા વટથી ભિખારીએ બોણી માંગી. ભિખારીને શુકન કરાવ્યા ત્યાં એક ચીંથરેહાલ મહોદય પાવડી લઈને ૧૩૫ના મસાલાયુક્ત મોઢા સાથે સામે ઊભા રહી બોલ્યા કે, સાહેબ બોણી તો કરાવો? મેં પૂછ્યું, ભાઈ તું આ શેરીમાં શું સેવા આપે છે? કોર્સ બહારનો સવાલ પુછાઈ ગ્યો હોય એમ એણે આજુબાજુ જોઈને કીધું કે ગટર કાઢું છું. તને તો કોઈ'દી જોયો નથી? કોઈ પણ જાતની પ્રશ્નોત્તરી વગર ઈ મારા ખિસ્સામાં દસની નોટ બોણીની મૂકીને રીતસર ભાગી ગયો.

ત્યારબાદ હું મિત્રોને મળવા સ્કૂટર લઈને ગામમાં નીકળ્યો. હેલ્મેટ જોઈને એક ટ્રાફિકવાળાએ રોક્યો કે લાઈસન્સ? મેં મોઢું દેખાડ્યું એટલે એણે વાત બદલાવી ને કીધું કે લાઈસન્સ નથી જોવું પણ કલાકાર ઊઠીને બોણી નો કરાવો તો તો અમારું વરહ ફેઈલ જાય. કાંઈક બોણી આપો. એ પતાવી આગળ ચાલ્યો, ત્યાં દારાસીંગ જેવો મારો તબલચી ગિરીશ મળ્યો. સાલમુબારક કે'તા કે'તા એણે મારો હાથ ખેડવી નાંખ્યો ને પાછા હરખાતાં હરખાતાં સમાચાર આપ્યા કે સાહેબ બોણીમાં ઘરે દીકરો આવ્યો! આ લે લે!

બોણીના આ આક્રમણથી કંટાળીને હું ઘરે આવ્યો ત્યાં ઈસ્ત્રીવાળી બેન ફળિયામાં મારી રાહ જોઈને ઊભી'તી. એ બોલે ઈ પેલા મેં કહી દીધું, 'મહેરબાની કરીને તમે બોણી ન માંગતા. ત્રણ હજાર રૂપિયાના કુલ ત્રણ ઝભ્ભા ગયા વર્ષે ખોઈ નાંખ્યા છે. બે પાટલૂન ભેદી રીતે ગુમ છે ને એક ગમતાં સફેદ શર્ટમાં હૃદય દેખાય એવું કાણું તમારાથી પડી ગયું છે. તો'ય બોણી માંગતા શરમ નથી આવતી?' મારું વાક્ય પૂરું થાય ત્યાં પોસ્ટમેન આવ્યો. દિવાળી કાર્ડનો થોકડો લઈને. ઈ કારણ વગર મલકાતો મલકાતો ઊભો રહ્યો. મેં સામેથી પૂછ્યું ભઈલા બોણી આપું! પોસ્ટમેન ક્યે આપની મરજી! શું ભૂખ મરજી! બે મનીઑર્ડર તેં ખોઈ નાંખ્યા, ત્રણ કંકોત્રી જે તેં ગોટે ચડાવી એમાં ઈ સગાં હારે અમારે સંબંધ તૂટી ગયા, રિલાયન્સના ત્રણ વર્ષ જૂના માંડ માંડ પાછા આવેલા રિફંડ તે જૂના સરનામે પહોંચાડ્યા તોય તને બોણી આપું?

ત્યાં તો એ મિ. ઈન્ડિયાની જેમ ગુમ થઈ ગયો.

આમ જુઓ તો જેની સર્વિસથી આપણને સતત અસંતોષ હોય છે એ લોકોને આપણે ફરજિયાત બોણી આપવી પડે છે. ઊલટું જેની સર્વિસ ખૂબ સારી છે તે કોઈ દી' બોણી માંગતા જ નથી. દિવાળીની બોણી એ એક અનિવાર્ય અનિષ્ટ છે અને ઈથી આગળ કહું તો એક 'સાત્વિક ભ્રષ્ટાચાર' છે. હાલો થોડીક વાર વિચારીએ કે ભારતમાં અમુક લોકો આ પ્રકારે બોણી કરીને વરસની શરૂઆત કરે તો :

– કસાબને અફઝલને ફાંસીએ લટકાવવા ભારત સરકાર જેલમાં બોણી કરે તો!
– કલમાડી અને રાજાને જનમટીપ દઈને પબ્લિક બોણી ઊજવે તો!
– મલ્લિકા શેરાવત અને બિપાશા નવા વરસે બુરખો પહેરીને બોણી ઊજવે તો!
– સોનિયા એકાદી મૅચ જીતીને બોણી ઊજવે તો!
– વડાપ્રધાન મનમોહનજી ખડખડાટ હસીને અને એક કલાકનું પ્રવચન આપીને બોણી ઊજવે તો!
– દિગ્વિજયસિંહ નવા વરહે તદ્દન મૂંગા રહીને બોણી ઊજવે તો!
– અટલ બિહારી ૪૦૦ મીટરની વિઘ્ન દોડમાં ભાગ લઈને બોણી ઊજવે તો!
– સચિન તેંડુલકર એના નવા બંગલાના વાસ્તુપૂજનમાં તમને જમવાનું આમંત્રણ આપી બોણી કરે તો!
– એક પણ ટીવી ચૅનલ એક પણ બ્રેકિંગ ન્યૂઝ આપ્યા વગર બોણી ઊજવે તો!
– જો તમે કૉલેજિયન યુવતી હો તો રણબીર કપૂર તમને ડિનરમાં ઈન્વાઈટ કરીને બોણી ઊજવે તો!
– શેરીની મસ્ત છોકરી શેરીના તમામ અલ્લડ છોકરાઓ સામે બેસતા વરહ પછી જરાક હસીને નજરની કાતર મારીને સ્માઈલિંગ બોણી કરાવે તો!
– તમામ છાપાંવાળા એક પણ અક્ષર છાપ્યા વગર કોરે કોરા કાગળ તમારા ઘરે મોકલીને બોણી ઊજવે તો!

આમાંનું કાંઈ પણ આખા દેશ સાથે કે તમારી સાથે થાય તો વાચકમિત્રો મને કાંઈક બોણી કરાવજો!



~ હાઉકલી ~

'જલા' શબ્દને ઊલટાવો એટલે 'લાજ' થાય. એટલે જ તો લાખો કરોડો લોકોની માનતાની લાજ રાખે આપણા જલારામ!

# ફની ફૉર્મ્યુલા

## ફની ફૉર્મ્યુલા–૧

ગત અડવાડિયે આપણા દેશમાં વિદેશી ગાડીઓએ આપણા ખર્ચે દોડાદોડ કરી. રૂપિયા ઈ લોકો તાણી ગ્યા ને આપણા માટે ધુમાડા મૂકતા ગયા. ગાડીની રેસમાં પહેલા નંબરે આવનારા શ્રી વેટલભાઈને મારે એટલું જ કહેવું છે કે તેં અબજોના બનાવેલા રસ્તા ઉપર આટલા ઝડપી કિલોમીટર કાપીને સ્પર્ધા ભલે જીતી લીધી પણ ભેરુ એક વાર ઈની ઈ જ ગાડી લઈને અમારાં ગામડાંના રસ્તે દસ કિલોમીટર કાપી જો! ચાલુ ગાડીએ તારા હાડકાં પાંસળાં હલબલી ન જાય તો કે'જે, કારણ કે અમારા ઘણાં બધા રોડ ઉપર ખાડા નથી, પરંતુ ખાડા વચ્ચે રોડ છે. અને હું તો મારા મિત્રોને ઘણી વાર મજાકમાં કહું કે આ માત્ર રોડના ખાડા નથી, શાસકોના પેટના ખાડા છે. સ્પર્ધા જોવી એ માણસનો અંતરંગ સ્વભાવ છે.

## ફની ફોર્મ્યુલા–૨

ગાડી અને લાડીના તો ખરેખર જમાના આવ્યા છે. બન્નેને જેટલી સાચવો એટલી એવરેજ વધુ આપે. પાડોશનાં એક ઓછું ભણેલાં ભાભીએ સવારના પહોરમાં મારાં ધર્મપત્નીને પેંડા આપ્યા ને કીધું કે લ્યો બેન તમારા ભાઈ સાડા નવ લાખનો 'ખરપિયો' લાવ્યા છે. (ગામડામાં ખેતી કરવા માટે ખરપિયાની જરૂર પડે પણ સાડા નવ લાખનો ખરપિયો કદી હોય નહીં. સાડા નવ લાખમાં તો ખેતીનાં બધાંય ઓજારો આવી જાય. મનેય અચરજ થયું.) હું ને મારાં પત્ની બંને પાડોશીને ઘરે સાડા નવ લાખનો 'ખરપિયો' જોવા ગયાં ત્યાં ભાભીએ સસ્પેન્સ ખોલ્યું કે આ ફળિયામાં પડયો ઈ નવો 'ખરપિયો.' મેં કહ્યું, ભાભી આને 'સ્કોર્પિયો' કે'વાય 'ખરપિયો' નહીં. કંપનીવાળાને ખબર પડશે ને તો ઈ ગાડી પાછી ખેંચી લેશે.

## ફની ફોર્મ્યુલા–૩

ગાજ્યા મેહ વરસે નહીં એમ રામના દેશમાં કદી રાવણ સુપરહિટ જાય નહીં. શાહરુખે બિચાકડાએ પોતાના રા-વનને હિટ કરવા કેટલા ટીવી શોમાં મફત ઠેકડા માર્યા, કેટલાય કલાકારોને ગિફ્ટો આપી પણ રા-વનનું સુરસુરિયું થઈ ગયું. ગુજરાતી ફિલ્મોના પરમ ઉપાસક મારા પાડોશી કાકાએ તો શરત મારી કે શાહરુખની રા-વન કરતાં તો આપણી વર્ષો પહેલાંની 'રાનવઘણ' ફિલ્મ સારી હતી. સરકારે રા-વનના ઈન્ટરવલમાં બેભાન થયેલા પ્રેક્ષકો માટે સબસીડી જાહેર કરવી પડી.

## ફની ફોર્મ્યુલા–૪

સરકારની સામે જે થાય એની વાંહે આ સરકાર આદું ખાઈને પડી જાય છે એ સિદ્ધ થઈ ગયું. બાબા રામદેવની વાંહે પડયા બાદ સરકાર અણ્ણા હઝારેની ટીમ વાંહે પડી છે. દુર્જનોની દુર્જનતા અને સક્રિયતા જેટલી ખતરનાક છે. મારા મતે એટલી જ ખતરનાક સજ્જનોની નિષ્ક્રિયતા છે. એક દારૂડિયાનો જામીન બીજો દારૂડિયો થાય છે પણ એક સજ્જન માણસનો જામીન બીજો સજ્જન નથી થતો. આ આપણા દેશની કરુણતા છે. અણ્ણાના

આંદોલન વખતે અમારા ગામડાના ચોરે ભાભા મંડળ પણ આ આંદોલનનું ઑપરેશન કરતું હતું. એક ભાભાએ બીજાને પૂછ્યું કે, ‘‘અણ્ણા હઝારે કોણ છે?’’ બીજા બાપાએ જવાબ આપ્યો કે ‘‘છે તો એક પણ હજાર જેવા છે એટલે વાંહે હઝારે લખાવે છે.’’ ત્રીજા બાપા ક્યે પણ એને વાંધો શું છે? ચોથા બાપા તરત બોલ્યા, કે એ અણ્ણા એમ ક્યે છે કે બીલ ભરી ધો પણ બિચાકડા વડાપ્રધાન પાંહે રૂપિયા નથી. બીલ ભરાય કેમ? ત્યાં પાંચમાં બાપા બોલ્યા તો હાલો આપણે સૌ ફાળો કરીને એને મદદ કરીએ.

## ફની ફોર્મ્યુલા–પ

મારો અક્કલમઠ્ઠો ભાઈબંધ ચમન રાજકોટમાં મકાન લેવા ગયો. મકાનમાલિકે સોદો પાકો કર્યા પછી કીધું કે કાંઈક ‘બાનું’ લેતા આવજો. (બાનું એટલે સુધી પેઠે આપવામાં આવતી પહેલી રકમ) બીજે દિવસે ચમને ટેબલ ઉપર બાના પેટે એક લાકડી, એક ચોકઠું અને એક જૂના ચશ્માં ટેબલ પર મૂક્યા ને કહ્યું કે બાનું કાંઈ ન મળ્યું એટલે આ ‘બાપુજીનું’ સ્વીકારજો.



~ હાઉકલી ~

ઉસને ઈસ નજાકત સે ચુમા હૈ હોઠોં કો મેરે, કી મેરા રોજા ભી ન તૂટા અ◌ૌર ઈફતારી ભી હો ગઈ.

# પૈસા મારો પરમેશ્વર

ફ ની ફોર્મ્યુલા તમને સંભળાવ્યા બાદ, લ્યો થોડીક મની ફોર્મ્યુલા લલકારી દઉં. લોકસાહિત્યનો અમારો પ્રચલિત દુહો છે :

સંપત દે તો ભેળી સમજણ દે,
નહીંતર તારી સંપતને પાછી વાળ,
સંપત ઘણી અને સમજણ નહીં,
આવા બે બે ધક્કા કાં માર્ય.

'રૂપિયા કમાવાના એક સો અકસીર ઈલાજ' નામનું પુસ્તક ખૂબ વેચાયું. એના પ્રથમ ઈલાજમાં લખ્યું હતું કે આવું પુસ્તક બહાર પાડીને પણ તરત રૂપિયાવાળા થવાય છે. સંપત્તિમાં એટલો બધો કરંટ હોય છે કે સુકાઈ ગયેલા ઝાડના ઠૂંઠા હેઠે જો દસ હજારનો દટ્ટો દાટવામાં આવે તો સુકાયેલાં ઝાડને પણ કૂંપળો ફૂટવા લાગે. એક જણાએ મને કીધું કે રૂપિયાની નોટો આમ ગણો તો માત્ર પસ્તી છે, પસ્તી. મેં જવાબ વાળ્યો કે એ વાત સાચી પરંતુ રૂપિયાની નોટોની પસ્તી માટેની કચરાપેટી હજી સુધી ધરતી પર મેં જોઈ નથી કે કોઈએ બનાવી પણ નથી.

આપણી આજુબાજુ ઘણાં માણસો રૂપિયાના માત્ર ચોકીદારો જ હોય છે. એ માત્ર રૂપિયા ગણ્યા કરે છે, વાપરવાનું એના ભાગ્યમાં હોતું જ નથી. મારો અક્કલમઠ્ઠો ભાઈબંધ ચમન હમણાં એક દી' મને આવીને ક્યે 'સાંઈરામ, હું ગાંધીજીના ફોટાનું કલેકશન કરું છું અને મ્યુઝિયમ બનાવું છું. માટે તમારી પાસે હોય એટલાં પાંચસો અને હજારની નોટનાં બંડલ મને આપી દો.' મેં પણ કહ્યું કે 'ભઈલા, હું ય આ કલેકશન માટે જ ગામોગામ ડાયરા કરતો ફરું છું. ચમનને અમારે રાતોરાત કરોડપતિ થાવાનો અભરખો બહુ.

પ્રેમ મેં કર્યો ને હું સ્વીટ થઈ ગયો છું,
લગન મેં કર્યાં ને હું ફીટ થઈ ગયો છું.
ધર્મપત્ની મારાં થઈ ગયાં છે ચીફ મિનિસ્ટર,
હું તો નગરપાલિકાની સીટ થઈ ગયો છું.
સામટા બળી ગ્યા મુજ કલ્પનાના વાયર,
શોર્ટ થઈ ગયેલી સર્કિટ થઈ ગયો છું,
જ્યારથી આ બંધાણી છેડાછેડી યારો,
ફિક્સ ડિપૉઝિટથી ઍક્ઝિટ થઈ ગયો છું,
સસરા અને બે સાળા પરબારા ખાબક્યા જ્યાં,
એ ચા બની અને હું બિસ્કિટ થઈ ગયો છું.

કે.બી.સી.માં ઓલો સુશીલકુમાર પાંચ કરોડ લઈ ગ્યો એની બળતરામાં અમારા ચમનેય ત્રણ 'દી ખાધું નહીં. ચમનને બકવાસ ઊપડી ગ્યો કે સેટિંગ બાપુ, અમિતાભે અઢી

કરોડમાં સેટિંગ જ પાડી દીધું હોય નહીંતર આમ થોડું બને? આપણી માનવસહજ તકલીફ છે આ કે બીજાનાં દુ:ખે દુ:ખી થનારા આપણે, બીજાના સુખે સુખી નથી થઈ શકતા. ઊલટાનું આપણે આપણા દુ:ખે દુ:ખી નથી એટલાં બીજાનાં સુખે દુ:ખી થઈએ છીએ.

તમે વીસ લાખની ગાડી ખરીદો એટલે તમારો પાડોશી ભગવાનને એ જ પ્રાર્થના કરે કે જલદી ભટકાય તો સારું. ચમને રાતોરાત રૂપિયાવાળા થવાની વેતરણમાં સરકાર સાથે હરીફાઈ કરી. પાંચસોની નોટું છાપવાનું શરૂ કર્યું અને નવો કંદોઈ જેમ બોણીનો ઘાણવો ગ્રાહકને ભાવથી પીરસે એમ પે'લી નોટ ચમને મને બટકાવી. મેં હાથમાં નોટ લીધી તો 'સાતસોની નોટ?' મેં કીધું ચમન આ સરકારે સાતસો રૂપિયાની નોટ ક્યારે છાપી? ચમન મને ક્યે કોઈને કે'તા નહીં. પાંચસોની નોટ છાપતાં છાપતાં લાઈટ વહી ગઈ ને લાઈટ ગઈ એટલે પાંચસોને બદલે સાતસોની નોટું છપાઈ ગઈ છે. હવે કરવું શું ઈ ક્યો? મેં કીધું ભેરુ, આ ગોરખધંધા રહેવા દે, મહેનત શરૂ કર, આમાં મરી જઈશ. ચમન ક્યે ભલે બીજી વાર નહીં છાપું પણ આ સાતસોની નોટનો સેમ્પલપીસ ક્યાં પધરાવું? બહુ વિચારીને મેં ઉત્તર આપ્યો કે અઘરું છે છતાંય અંતરિયાળ ગામડામાં જઈને આ નોટ વટાવવાની ટ્રાય કર. કદાચ ગામડાનો કોઈ અભણ દુકાનદાર તારી નોટ સ્વીકારી લે. મારું માની ચમને ગામડામાં જઈ ઢળતી સાંજે એક અભણ વેપારીને સાતસોની નોટ સરકારે ગઈ કાલે જ બહાર પાડી છે એમ કહીને પધરાવી દીધી. ડખો ઈ થ્યો કે વેપારીએ એના છૂટા આપતાં આપતાં ત્રણસો ત્રણસોની બે નોટું બટકાવીને વળી ચમનને કીધું પણ ખરું કે જે રાતે આ સાતસોની નોટું બહાર પડી ઈ જ સવારે આ ત્રણસોવાળી નોટું બહાર પડી. આવી છે મની ફોર્મ્યુલા જે કમાવા માટે કોઈ જ ફોર્મ્યુલા નથી.



~ હાઉકલી ~

મારા દરદનો જ્યારે પૂરો અંત થઈ જશે, સંભવ છે 'સાંઈરામ' પછી સંત થઈ જશે.

# સામસામે

રાવણની લંકામાં સારામાં સારો બગીચો હોવા છતાં શૂર્પણખા ચિત્રકૂટના બગીચામાં આંટો દેવા આવી ને લક્ષ્મણમાં મોહી, આખી રામાયણના મૂળમાં મને તો આ ઘટના લાગે છે કે જે સ્ત્રીઓ પોતાનો ઘરનો બગીચો છોડી પારકા બગીચે ભટકવા જાય એટલે 'રામાયણ' જ થાય અને આંધળીના આંધળા હોય આવું જે સ્ત્રી ગમ્મત ખાતર પણ વિચાર્યા વગરનું બોલી નાંખે એટલે 'મહાભારત' થાય. પારકાં બૈરાં એટલે પનોતી સદીઓથી આ વાત સિદ્ધ થતી આવી છે છતાં આપણી આ પુરુષની જાત આમાંથી કશું શીખવા માંગતી જ નથી. પુરાણોક્ત પ્રસંગો એક બાજુ મૂકીને નજર સામે બનેલા કિસ્સાઓ જોઈએ તો.

## મંત્રીશ્રી મદેરણા ભંવરીદેવી

રાજસ્થાનની સ્વરૂપવાન નર્સ ભંવરીદેવી જોતજોતામાં રૂપના તરસ્યા મંત્રીશ્રી મદેરણાજીના દિલની ડૉક્ટર બની બેઠી. ડૉક્ટરમાંથી પછી ભંવરી એ મદેરણાનું દર્દ બની અને દર્દમાંથી હવે પિતૃ બનીને ભંવરી ખુદ મંત્રી મહોદય માટે 'ભંવર' બની ગઈ. જૂની કહેવત છે 'એન એપલ અ ડે, કિપ્સ ડૉક્ટર અવે' (એક સફરજન રોજ ખાવ તો ડૉક્ટરથી આઘા રહી શકો) અમારા પાડોશમાં એક નર્સ બહેન ઊંધું સમજ્યા. એણે ડૉક્ટરથી આઘા રહેવા સાડી ઉપર 'સફરજન' ચિતરાવ્યું. ઈશ્વર એમને મદેરણાઓની નજરથી બચાવે.

## અઝરુદ્દીન V/S સંગીતા બિજલાની

બિચાકડો આપણો બાપડો ક્રિકેટર ટીમની ફિલ્ડિંગ ભરતાં ભરતાં ક્યારે સંગીતાની ફિલ્ડિંગ ભરવા લાગ્યો ઈ એને ખબર પણ ન રહી. અને આમેય પ્રેમ અને દેવું એ બંને ખબર ન હોય એમ જ થઈ જાય છે. સ્ટેટ ડ્રાઈવનો માસ્ટર અઝરુદ્દીન સંગીતાની પાણીદાર આંખોથી ક્લીન બોલ્ડ થઈ ગયો. સંગીતા તો અઝરુદ્દીનની જિંદગીમાં મિક્સ થઈ ગઈ પણ ઈ બાપડો ફિક્સિંગમાં ફિક્સ થઈ ગયો. હવે તેની કારકિર્દીને શરદી થઈ ગઈ ને પોતાના ફળિયામાં સંગીતાના છોકરાને અઝરુદ્દીન 'ટપ્પો દડા નાંખી નાંખી કપડાં ધોવાના ધોકાથી ક્રિકેટ શીખવી રહ્યો છે. કારણ? યાદ રાખો. પારકી બૈરી એટલે પનોતી.

## સિદ્ધાર્થ વિજયરાજ માલ્યા V/S દીપિકા પદુકોણ

આખી દુનિયાના બિયરપ્રેમી દેવદાસોએ પોતાના જીવનમાં તમામ ટૅન્શનમાંથી મુક્તિ મેળવવા 'કિંગફિશર' નામે 'જવરસ'નું પાન કર્યું. ફલસ્વરૂપે બધા જ પ્યાસીઓ અને પ્રવાસીઓનું ટૅન્શન આપણા વિજયકાકા ઉપર આવી ગયું. (વિજયરાજ માલ્યાને હું કાકા એટલે કહું છું કે મારે પચાસ ટકા ઓળખાણ છે, હું એમને ઓળખું છું ખરો....!)

લોકસાહિત્યનો આપણો દુહો છે કે –

બેટા જો બાપ તણે અને ચીલે ઈ ચાલે નહીં,

તો જનની કાંઉ જાણે મને વરવી લાગે વેરડાં.

આપણા વિજયકાકામાં પણ નામ પ્રમાણે ગુણ નથી. અટક પ્રમાણે ગુણ છે. એ માલ્યા પણ હવામાં ખૂબ મહાલ્યા છે. જેના બાપુજી હવામાં ઊડતા હોય એના છોકરાના પગ ધરતી ઉપર રહે? માલ્યા પરિવારનો કુળદીપક ચિ. સિદ્ધાર્થ માલ્યા નમણી નાગરવેલ જેવી દીપિકા પદુકોણના કાતિલ સ્માઈલનો શિકાર થઈ ગયો છે. તમે માનો યા ન માનો આ નમણી પનોતી જ્યારથી સિદ્ધાર્થના ગળે વળગી છે ત્યારથી ‘કિંગફિશર’ ગ્રૂપની માઠી બેઠી છે.

ભૂતકાળ તપાસો તો દીપિકાએ સૌથી પહેલાં ક્રિકેટર યુવરાજસિંહનો શિકાર કર્યો બિચાકડાના ફોર્મની અને કારકિર્દીની કઢી થઈ ગઈ. ત્યાર બાદ દીપિકાએ સ્માર્ટ રણબીર સાથે અરથ વગરની પેપ્સીયું પીધા પીધ કરી ને જુઓ રણબીરની ફિલ્મો પિટાઈ ગઈ. હવે સિદ્ધાર્થનું જે થાય તે સાચું. આપણા સંદેશમાં સોમવારે હેડલાઈન હતી કે ‘ડૂબતી કિંગફિશરને બચાવવા પ્રધાનમંત્રી મેદાનમાં’ હું આ વાંચીને રાજી ખૂબ થયો કે પ્રધાનમંત્રી પે’લી વાર પાર્ટી સિવાય કોઈને બચાવવા માટે મેદાનમાં આવશે. ઈશ્વર એમને બોલવાની શક્તિ આપે અને ભારતની બૅન્કોને લોન આપવાની શક્તિ આપે. બાકી એક જણ મને કહે ઈંડિગો ઍરલાઈન્સ અને કિંગફિશર ઍરલાઈન્સ મર્જ કરી દો અને નવી ઍરલાઈન્સ સ્થાપો ‘ગોલમાલ ઍરલાઈન્સ’.

આ નવી ઍરલાઈન્સથી યાદ આવ્યું અટાણે ‘કિંગફિશર’ ફડચામાં આવી તો પ્રધાનમંત્રીથી માંડી દેશભરના મોટા મોટા મંત્રીઓ અને ઉધોગપતિઓને ચિંતા થઈ. આટલી ચિંતા આપણી ‘વૃદ્ધ ઍર ઈન્ડિયા’ને બચાવવા કે ચલાવવા પણ કરી હોત તો!!! તો શું આ બીજી એકે’ય ઍરલાઈન્સના જનમ જ ન થાત..

મસ્તીના પૂરના દરેક વાંચકોને હું વિનંતી સાથે કહું છું કે જીવનમાં એક વખત તો ‘ઍર ઈન્ડિયા’માં વિદેશ પ્રવાસ કરજો (તમારા ખર્ચે). કારણ આ એક જ એવી ઍરલાઈન્સ છે જેમાં તમને તમારી બાની ઉંમરની ઍરહોસ્ટસ દૃશ્યમાન થશે. જગજિતસિંહની ગઝલ ગાતાં ગાતાં ઍર ઈંડિયાનાં પગથિયાં ચડશો ને અનુપ જલોટાનાં ભજન ગાતાં ગાતાં પગથિયાં ઊતરશો. ધરતીથી હજારો ફૂટ ઊંચે ગગન મધ્યે કોઈને કામનો વિચાર ન આવે અને વિચારમાં પણ કામ ન આવે એ સિદ્ધાંતને ઍર ઈન્ડિયાની પ્રૌઢ ઍરહોસ્ટેસો શબ્દશ: અનુસરી રહી છે. ઍરહોસ્ટેસો પણ આખરે તો પારકાં બૈરાં જ કે’વાય ને! ચેતજો બાપલા...! આગલા જોડલામાં સૈફ અલી ખાન C/o. કોનું નામ લખવું એ મૂંઝવણમાં લેખ ટૂંકાવું છું. સૈફ તારા લફરાં હજાર, કિયા નામે લખવી કંકોત્રી.’



~ હાઉકલી ~

તું ઘરબાઈ ગઈ છો પ્રીતમ એમ હવે અંતરમાં, ખીલો જેવી રીતે ખૂંચ્યો’તો જેસલના કરમાં ...!

# આપણાં રાષ્ટ્રીય લગ્ન એટલે એશ-અભિષેકનાં લગ્ન

તમને જો પ્રશ્ન પૂછવામાં આવે કે ભારતનું રાષ્ટ્રીય ફૂલ કયું? તમે કહેશો કમળ, રાષ્ટ્રીગીત – જનગણમન, રાષ્ટ્રપિતા – ગાંધીજી પણ ભારતનાં રાષ્ટ્રીય લગન કયાં? માત્ર મારી પાસે જ જવાબ છે કે ઐશ્વર્યા અને અભિષેકનાં લગ્ન એ ભારતનાં રાષ્ટ્રીય લગ્ન હતાં, કારણ કે આ એક જ લગ્ન એવાં હતાં જેમાં ઐશ્વર્યાના પિતાશ્રી કરતાં આખા દેશના જુવાનિયાવને વધુ ચિંતા હતી કે શું થાશે?

ઐશ્વર્યાનો અનન્ય પ્રેમી મિત્ર અતુલ પડ્યાં કાયમ કીધા કરે, હું ઐશ્વર્યા કરતાં વધુ નસીબદાર છું. મેં કહ્યું યાર, એશનાં પગનાં તળિયા જેવું પણ તારું મોઢું નથી ને તું એના કરતાં નસીબદાર કઈ રીતે? અતુલ ક્યે ભાઈ, વિશ્વસુંદરી હોવા છતાં ઐશ્વર્યાની કુંડળીમાં અમુક ગ્રહોની દશાને લીધે એણે પે'લા લગન ધતુરાના ઝાડ સાથે કર્યાં ને બીજાં લગન અભિષેક સાથે થયાં. ભલે મારા સિવાય આ કોઈને ખબર નથી પણ આપણે એશ કરતાં વધુ નસીબદાર કે આપણાં પેલા લગન તો માણસ સાથે થયાં.

ઐશ્વર્યાનાં લગન ટાણે બધાંને એમ હતું કે ફિલ્મ જેવી સટાસટ્ટી બોલશે સલમાન અથવા વિવેક ચિક્કાર દારૂ ઢીંચીને એશનાં લગન મંડપમાં આવીને. અતાઉલ્લાખાનનું ગીત લલકારશે કે 'અચ્છા સિલા દિયા તૂંને મેરે પ્યાર કા...!' અને ખેલ કરશે પણ એવું કશું ન થયું તો ઘણાને એમ પણ હતું કે રાની મુખર્જી, કરિશ્મા કપૂર કે કોઈ પણ અભિનેત્રી લગ્ન મંડપમાં અભિષેક સામે આવીને કહેશે. પણ આવી કોઈ ધમાલ થઈ નહીં અને ઘીના ઠામમાં ઘી પડી ગયું. આ ફિલ્મવાળા પડદા ઉપર જેટલી આબાદ ઍક્ટિંગ કરે છે એના અંગત જીવનમાં એટલાં જ પ્રૅક્ટિકલ હોય છે. સૌથી વધુ હીરોઈનો સાથે લવસીન્સ ભજવનાર આમિર કે શાહરૂખના જીવનમાં પાછાં લફરાં નથી હોતાં (અથવા બહાર નથી પડતાં) અને અનેક લવસોંગ્સમાં ડાન્સ કરનારી હીરોઈનો રિયલ લાઈફમાં કોઈને પણ પ્રેમ નથી કરતી હોતી. મૉરલ ઑફ ધ સ્ટોરી એ છે કે તમામ ફિલ્મ સ્ટારો આપણને ઈમોશનલી ઍક્સાઈટ કરીને રૂપિયા બનાવે છે અને પોતે પાછા પ્રૉફેશનલી જીવી બતાવે છે.

ઐશ્વર્યાનાં લગન વખતે જયાભાભીએ ક્યાંથી સાડી લીધી ને નવોઢા તરીકે એશ કેવો મેકઅપ કરશે ત્યાં સુધીની સ્ટોરીઓ ચલાવીને ચૅનલવાળાઓએ લોકોના કલાકોનો કચ્ચરઘાણ વાળ્યો. આ રાષ્ટ્રીય લગન બાદ નેસ્ટ્રોડેમ્સની જ્યોતિષની આગાહીની જેમ સમગ્ર દેશે ઐશ્વર્યાની 'રાષ્ટ્રીય સુવાવડ'ની ચર્ચા અને ચિંતા કરી. મને તો સાલું ઈ જ નથી સમજાતું કે આ પે'લા કેટલીય હીરોઈનોને ત્યાં છોકરાં આવ્યાં – ઊછરી ગ્યાં ને કેટલીયને ત્યાં ગુજરી પણ ગ્યાં. કોઈએ ક્યાંય નોંધ પણ નથી લીધી તો ઐશ્વર્યાને ત્યાં જાણે દશમો અવતાર થાવાનો હોય એમ લોકો રાહ જોઈને બેઠા'તા. દરેક સખીમંડળમાં નીચેના પ્રશ્નો જ ચર્ચાતા હતા. (૧) નવ મહિના પૂરા થાશે કે એશને 'ચકુડિયું' આવશે. (૨) ઐશ્વર્યાની બેબી કોના જેવી લાગતી હશે? (૩) ડિલિવરી નોર્મલ થશે કે સિઝેરિયન?

આ તો સારું છે બચ્ચન પરિવારે ચૅનલવાળા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો નહીંતર

ચૅનલવાળા કેવી કેવી સ્ટોરીઓ લાવત લ્યો વાંચો. એક ચૅનલનો ટેલિકાસ્ટ નહીં થયેલો બ્યુરો રિપોર્ટ.

નમસ્કાર, આપ દેખ રહે હૈં ફલાણી–ઢીંકણી પૂંછડી ચૈનલ અૌર મેં હૂં કૈમેરામેન આશિષ કે સાથ નેહા ત્રિપાઠી. હમ આપકો બ્રેકિંગ ન્યૂઝ મેં દિખાને જા રહે હૈ ઐશ્વર્યા કી બેબી કા સબ સે પહલા ડાયપર, ગુજરાતીમેં જીસકો બાળોતિયાં બોલતે હૈ, ઈતની સિક્યુરિટી કે બાવજૂદ હમારી ટીમ ઈસ ડાયપર કે વિઝ્યુઅલ્સ લેને મેં સફલ હુઈ હૈ.

જૈસે કી આપ સબ જાનતે હૈં કિ એશને એક ખૂબસૂરત લડકી કો જન્મ દિયા બહોત જલ્દ હમ ઉસકે રોને કી આવાજ ભી આપકો સુનાને વાલે હૈં. અબ સવાલ યે ઉઠતા હૈ કિ ઈસ નન્હીં સી બચ્ચી કો ‘ગળથૂથી’ પીલાયેગા કૌન? ગળથૂથી કો લેકર અમિતાભજી અૌર જયાજી કે બીચ કાફી ખીંચાતાની હો રહી હૈ. અભિષેકને કિતને અૌર આઇડિયે ભી દિયે મગર માતા-પિતા કો અભિષેક કા એક આઇડિયા મંજૂર નહીં હૈ અૌર યે દેખિયે.. ઓ માય ગૉડ...! બ્રેકિંગ ન્યૂઝ હૈ કિ બચ્ચન પરિવાર કી નજર ચુરા કે અમરસિંહને ગળથૂથી પીલા દી હૈ! અબ ઈસ બચ્ચી કે ભવિષ્ય પર એક સવાલ ખડા હુઆ હૈ. આપકો યે સહી લગા યા ગલત હમારે ચૈનલ પર ઈસી ચૈનલ પર દિખાએંગે કહીં જાઈએગા મત. કૈમરામેન આશિષ કે સાથ નેહા ત્રિપાઠી દેખતે રહે સિર્ફ ફલાણી-ઢીંકણી-પૂંછડી ચૈનલ.



~ હાઉકલી ~

એક સાચી વાત : કોઈ વ્યક્તિ ચૂંટણીકાર્ડમાં દેખાય એટલી ખરાબ નથી હોતી અને ફેસબુક ઉપર દેખાય એટલી સારી પણ નથી હોતી.

## પેલા દુસા ને ચંદ કોનમાં ઓંગરી નોંખીને ગાઈ બતાવો

એક જમાનો હતો જ્યારે વાતચીતમાં દુહો એ જનસમુદાયની અભિવ્યક્તિનું સચોટ અને મર્મીલું માધ્યમ હતો. હવે તો દુહાની દશા એક દુહામાં જ વર્ણવું તો :

રાજ ગ્યાં રાણીયું ગઈ ને સૌની થઈ સરકાર,
આમાં કોણ કરે કવિઓ વિના દુહાની દરકાર.

આપણા લોકસાહિત્યમાં નવેનવ રસના દુહા નોંધાયા છે. આજે દુહાના થોડાંક હાસ્યરસનાં સેમ્પલ તમને યાદ કરાવવાં છે. અમુક લોકો વાંહે પડી જાય છે. લોકસાહિત્યના એક શીઘ્ર કવિ બસસ્ટૅન્ડમાં ઊભા હતા અને એક બહેને એની સાથે ઓળખાણ કાઢી. ઈ બહેને આગ્રહ રાખ્યો કે તમે કવિ છો તો મારા દીકરાનો દુહો બનાવો. ઓલ્યા બિચાકડા કવિને ભારે મૂંઝારો થ્યો કે બેન એમ દુહો ન બને દુહો, બનાવવા મારે જાણવું પડે કે તમારી કેટલી પેઢી તળિયાઝાટક થઈ? તમારા કુટુંબમાં કેટલા લોકો સારા થ્યા ને કેટલા ઉઠિયાણ થ્યા? પછી દુહો લખાય. તોય બેન ન માન્યાં એટલે કવિએ એના અળવિતરા છોકરા સામું જોઈને એક રાફડિયો દુહો ઠપકાર્યો :

કીડી મકોડા ના ચડે ત્યાં
વીર તારો ચડ્યો,
ચડ્યો એવો પડયો નાલાયક
ત્યાં શું કરવા ચડ્યો?

ઈ બહેન છોકરું લઈને હાલતાં જ થઈ ગ્યાં. પણ લોકો કવિઓને આવા લેસન બહુ આપતા હોય છે. અમારા વતનના ગામડામાં એક ચાવડાભાઈ ચાવાળા હતા. ઈ માણસ બહુ સારા પણ ચામાં દૂધ કરતાં પાણી વધુ નાંખે ને કાયમ નબળી ચા પાય. એક'દી ઈ ક્યે મારી ચા વિશે દુહો ક્યો તો સાંઈરામ સાચા. મેં બહુ વિચારીને પછી એક રાફડિયો દુહો ફેંક્યો :

નહીં ગળ્યો નહીં ગળસટ્ટો નહીં સાકરનો સા,
ઊભો ડોબો ખરેરે એવો ચાવડા તારો ચા.

રાફડિયા દુહામાં ચારેય ચરણને એકબીજા સાથે કોઈ સ્નાનસૂતકનો સંબંધ નથી હોતો. દા.ત.

બેડામાં પાણો માર્યો પાણા ખર્યા બે ચાર,
ખોય વાળીને ઊભો રહ્યો ત્યાં રા'ખેંગાર ક્યે રામરામ.

હાસ્યરસનો એક સરસ દુહો છે કે –

ચાએ ટાળ્યું શિરામણ અને બીડીએ ટાળ્યો હોકો,
સાસુનું કહ્યું વહુ ન કરે તો કેનો કરવો ધોખો.

એક કવિ મહેમાન થ્યા, ઘરધણીએ કવિની પરીક્ષા લેવા કહ્યું કે મારા ઘરની ચાર વસ્તુ... હોકો, ખેતી, ગોળો અને જંતર. આ ચારેય વસ્તુ આવી જાય તેવો દુહો બનાવો તો કવિ સાચા.

કવિએ ગુસ્સે ભરાઈને દુહો ફટકાર્યો :

હોકો રહેશે હાથમાં અને ખેતીએ રહેશે રાસ,
ગોળા વાગશે ગેબના તે'દી જંતર વગાડતો જઈશ.

એક અક્કલમઠ્ઠાએ લોકકવિને વિષય આપ્યો કે કાલાવડ, આમરણ, મોરબી અને માળિયા આ ચારેય ગામનાં નામ આવી જાય તેવો દુહો ક્યો તો માનું કે તમે કવિ સાચા. કવિએ તરત જ દુહો લલકાર્યો :

કાલાવડનાં કૂતરાં અને આમરણનાં ઢોર,
મોરબીના વેપારી, ઓલ્યા માળિયાના ચોર.

ભજનિકો ભજનની શરૂઆતમાં એક સાખી હંમેશા ગાય છે કે –

સદાય ભવાની સહાય કરો, સન્મુખ રહો ગણેશ,
પંચદેવ મળી રક્ષા કરો, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

અમારા એક સાથીદાર આ સાખીને પેરોડી પ્રાર્થના કરે છે –

સદાય સ્ટેરિંગ સાથ રહો, સન્મુખ રહોને બ્રેક,
પંચ દેવ મળી રિક્ષા કરો, ટ્યૂબ, ટાયર ને જેક.

પણ ઘણી વાર અમને ડાયરામાં એવા અનુભવો થાય છે. વિદેશના એક કાર્યક્રમમાં એક વડીલે આવીને ફરમાઈશ કરી કે પેલા 'દુસા ને ચંદ કોનમાં ઓંગરી નોંખીને ગાઈ બતાવો.'

મને પરસેવો વળી ગ્યો. મેં કીધું વડીલ, 'દુસા ને ચંદ' ન કહેવાય, 'દુહા ને છંદ' ગવાય અને ઈ ગાતી વખતે કાનમાં આંગળી નાંખીને ગાવાનો ક્યાંય રિવાજ કે નિયમ નથી. હા, અમારા અમુક બેસૂરા કલાકારો જો દુહા પર ચોંટી ને ફાટી જાય તો તમારે કાનમાં આંગળી જરૂર નાખવી પડે. મારી વાત ઈ કાકા માની તો ગ્યા પછી એણે છેલ્લી ફરમાઈશ કરી કે તો મેઘાણીનાં બે ગીતો મને ખાસ સંભળાવજો. 'ઘન ઘોર બની ઘોંઘાટ કરે' અને 'મોસંબીનો રંગ' મેં માથું કૂટ્યું ને કીધું વડીલ 'ઘનઘોર બની ઘોંઘાટ કરે' નથી 'મન મોર બની થનગનાટ કરે' છે. અને અમારા મેઘાણીએ 'કસુંબીનો રંગ' લખ્યો છે મારા બાપ! 'મોસંબીનો રંગ' તો તમારા બાપુજીએ લખ્યો હશે. હવે નીકળો.

મેઘાણીથી યાદ આવ્યું. અમે એક પ્રોગ્રામમાં મેઘાણીજીની ખૂબ યાદી કરી. ચારણ કન્યા બોલ્યો, ગીતો ગાયાં તો ઍન્ડમાં એક બહેન આવીને ક્યે નેકસ્ટ ટાઈમ આવો ત્યારે 'મેઘાણીને સાથે લેતા આવજો' પછી મેં ઈ બહેનને કહ્યું કે, બેન, આમાં તમારો કોઈ વાંક નથી. અમે મેઘાણી વિશે ગાઈએ છીએ ને તમારા જેવા ઘાણી કરે છે. કરુણતા અમારી છે કે જેને અમારા રાષ્ટ્રીય શાયર વિશે ખબર જ નથી એની સામે ગળાના ટાયર ઘસવાનો અમારો વારો આવ્યો છે. અમે કાયર થાઈએ તો હપ્તા ભરાય એમ નથી અને ફાયર થાવું પોસાય એમ નથી. લોકો ગમે એને હાયર કરી લ્યે છે ને મારી આ સેટાયર પણ તમને ગળે ઊતરે તો ઠીક નહિતર લાગે બાગે લોહીની ધાર આપણી ઉપર કંઈ જ નહીં!



~ હાઉકલી ~

યાદ રાખવું, કોઈ કલાકાર કદી ફેઈલ નથી જાતો, હા, ક્યારેક ક્યારેક શ્રોતાઓ ફેઈલ જાય છે.

# દેશી બૉય્ઝ, ટેસી બૉય્ઝ

ઇંગ્લિશ ઠૂમકે, દિલ કી રીધમ પે,
મારે જમ જમ કે દેશી બૉય્ઝ.

દેશી બોય્ઝ આ અલ્લડ ગીતનું પ્યોર કાઠિવાયાવડીકરણ કરો તો,

ભજિયાં ને ગાંઠિયા, આડેધડ ફાક્યાં,
મરચાં પણ ચાખ્યાં, ટેસી બૉય્ઝ,
પિત્ઝા ખૂટવાડ્યાં, બર્ગરોને ચાવ્યાં,
પેટમાં ગડબડિયા, ગેસી બૉય્ઝ.

મારા જીગરજાન મિત્રોએ મને ગયા અઠવાડિયે રીતસર કિડનેપ કરીને દેશી બૉય્ઝ ફિલ્મમાં બેસાડ્યો. અક્ષયકુમાર જેનું નામ સાંભળીને થોડા સમય પહેલાં મેં 'તિસમાસ ખાં' ફિલ્મ શ્રદ્ધા રાખીને ખર્ચો કરીને ટિકિટ લીધી હતી. આખી બોરિંગ ફિલ્મ જોઈને મને અક્ષયકુમારને ત્રીસ વાર મારી મારીને તોડી નાંખવાની ઈચ્છા થઈ'તી. હું એવો ખિજાયો'તો કે, મેં અક્ષયકુમારની ફિલ્મો ન જોવાની આજીવન 'પ્રતિજ્ઞા' લઈ લીધી. પણ મિત્રોને મેં પ્રતિજ્ઞા લેવડાવવાના અને તોડાવવાના હક અબાધિત રીતે આપેલા છે. એટલે ફરી વાર આ ફિલ્મ જોવાઈ ગઈ. જો કે અક્ષય અટાણે ફિલ્મો કરતાં વધારે ટીવી સિરિયલોમાં અર્થ વગરના રિયાલિટી શોમાં ચડ્ડી બનિયાનધારી છોકરા-છોકરીઓને 'હરપ (સર્પ) પકડવાના ધંધા' શીખવે છે. પ્લીઝ અક્ષયને કો'ક વાળો કે આપણા દેશમાં ૯૦ ટકા લોકો આ ધંધો જ કરે છે યાર, આ કોઈને શીખવવાની જરૂર જ નથી.

દેશી બૉય્ઝનો બીજો હીરો જોન અબ્રાહમ, કે જે હિંદી ફિલ્મોમાં અંગ્રેજી અવતાર છે. ઈમરાન હાશમી અને જોન આણી મંડણી હિંદી ફિલ્મોમાં ઇંગ્લિશ લગભગ ફિલ્મોનું 'કામ' બતાવવા લેવામાં આવે છે. બોલિવુડને જરાક હોલિવુડ ટચ આપવા મથતાં આ હીરો-હીરોઈનનું લિસ્ટ બહુ મોટું છે. હવે તો ફિલ્મોમાં બહુ ગરીબ ઘરની દીકરીયું આવે છે. આ બિચાકડી મલ્લિકાબેન, પ્રિયંકાબેન ને બિપાશાબેન (હું બધીને બેન જ કહું છું, કારણ કે આપણે ક્યાં કોઈનું માંગું આવવાનું છે, ખોટો શું જીવ બગાડવો?) આ બહેનો પાસે યા તો પહેરવાં પૂરાં કપડાં નથી યા તો આ બધીયું એનાં નાનકડાં ભાઈબહેનનાં ટૂંકાં અને ચપોચપ કપડાં ઉતાવળે પહેરી લે છે. ઈશ્વર એમના ભટકતા આત્માને શાંતિ આપે.

હું પરિવર્તન અને ફૅશનનો વિરોધી નથી પરંતુ હવે તો દરજીની ભૂલને પણ ફૅશનમાં ખપાવી દેવામાં આવે છે. છોકરાં છોકરિયું એવા ટાઈટ જિન્સ અને સ્લીવલેસ ટીશર્ટ પહેરીને નીકળે છે કે આપણને એમ થાય છે કે જાણે સંચા માથે સૂવડાવીને આ કપડાં સિવ્યા હશે કે શું?

એક કૉલેજિયનના જિન્સમાં આઠ આઠ ખિસ્સાં લબડતાં જોઈને મને આશ્ચર્ય થયું. મારાથી પુછાઈ ગયું, 'દોસ્ત, આ ખિસ્સામાં છે શું?' તો આશ્ચર્ય સાથે જાણવા મળ્યું કે એક ખિસ્સામાં મોબાઈલ હતો, બીજામાં સંતાડેલી સિગારેટ હતી, ત્રીજામાં બાઈકની ચાવી અને ચોથામાં ૪૪ રૂપિયા રોકડા નીકળ્યા. આ ચાર હજારના જિન્સમાં લઈ લેવા જેવું કંઈ નો'તું ને

ચાર ખિસ્સાં ખાલી હતાં. મારાથી કે'વાઈ ગયું કે દોસ્ત આના કરતાં ચારસો રૂપિયાનું સાદું પેન્ટ લીધું હોત તો તારા ખિસ્સામાં ૩૯૬૦ની બરકત તો રે'ત! પણ આપણી ફિલ્મો વાંહે નવી પેઢીના અમુક યુવાનો આધુનિકતા વસ્ત્રોથી પ્રગટ કરે છે. જ્યારે આપણા પૂર્વસૂરિઓ આધુનિતા વિચારોથી પ્રગટ કરતા હતા.

વડોદરામાં એક કૉલેજના કાર્યક્રમમાં સ્કિન ટાઈટ ટીશર્ટ પહેરીને આવેલી એક બેનને મેં પૂછ્યું, 'બેન, તારાં મમ્મી–પપ્પા તને આવું શર્ટ પહેરવામાં ના નથી પાડતાં?' ઈ છોકરીએ મસ્ત જવાબ આપ્યો કે, 'હા સર, આજે મારી મમ્મી મને બહુ ખિજાણી, કારણ કે હું એનું જ ટી શર્ટ પહેરીને આવી છું!' હે રામ! આજુબાજુના તમામ દેશી અને વિદેશી બૉય્ઝને ભલામણ કે મોજ કરો.. 'રોકો' અને 'હંટર'ને રોકી શકાય તો રોકો!

સિદ્ધાંત સઘળા કેવા આ **FOLD** થઈ રહ્યા છે,
સસ્તામાં સસ્તી રીતે સૌ **SOLD** થઈ રહ્યા છે.

ટી-શર્ટ જિન્સ ઉપર તે લાજ કોણ કાઢે,
ભાષણ આ મર્યાદાના બસ **OLD** થઈ રહ્યાં છે.

કોને હવે ફિક્ર છે દુનિયાની, રિવાજોની,
બ્યુટીફૂલોની પાછળ સૌ **BOLD** થઈ રહ્યા છે.

નામેય નો'તું જેનું ભંગારમાંય એક'દી,
પતરાના સ્ક્રેપ એવા જો **GOLD** થઈ રહ્યા છે.

ચૅનલનાં આ ચરિત્રો પરિવાર સાથે જુએ,
લાગે છે લોહી સૌનાં આ **COLD** થઈ રહ્યાં છે.



~ હાઉકલી ~

રાજકોટમાં સમર્થ લોકસાહિત્યકાર સ્વ. જયમલ્લ પરમારની શતાબ્દી પ્રારંભે પૂજ્ય મોરારિ બાપુએ કહ્યું :

શબ્દનો પ્રથમ શ્રોતા અગ્નિ છે, બીજો વૃક્ષ, ત્રીજો નદી, ચોથો પર્વત અને પાંચમો શ્રોતા પક્ષી છે.

# ફીફા ખાંડે **Facebook**

**આ**જકાલ દરેકના કમ્પ્યૂટરમાં ફેસબુકના ફટાકડા ફૂટી રહ્યા છે. મોબાઈલ અને ઈન્ટરનેટ આ સદીની સૌથી અદ્યતન શોધોએ માણસની શાંતિ અને એકાંતની રીતસર ભ્રૂણહત્યા કરી નાંખી છે. રેંકડીવાળાથી માંડી અને રોજગારમંત્રી સુધી અને સાઈકલવાળાથી માંડી મર્સીડીઝવાળા સુધી મોબાઈલનું કવરેજ છે. વેદની ઋચાઓમાં ક્યાંક વાંચેલું કે જેના ઘરમાં ગાય હોય તે ધનવાન ગણાય. આજની શૈલીમાં કહેવું પડે કે જેના ઘરમાં ટીવી, કમ્પ્યૂટર કે મોબાઈલ ન હોય એને ગરીબ ગણી શકાય.

લંડનથી મારા ભાઈબંધ દિલીપ રાયજાદાએ મને કહ્યું કે, 'સાંઈ, અમારે UKમાં હવે emailથી મૅરેજ થવા લાગ્યાં.' મેં રમૂજમાં જવાબ વાળ્યો કે ભાઈ અમારે ત્યાં તો લગન હજી Femaleથી જ થાય છે. એક સમય હતો કે આપણે અનાજમાંથી ધીમેલું (એક પ્રકારનાં જીવડાં) ગોતતાં અને અટાણે કમ્પ્યૂટરમાંથી 'ઈમેલું' ગોતીએ છીએ. આ 'થોબડી ચોપડી' (ફેસબુકનું દેશી ગુજરાતી) જ્યારથી ચગી છે ત્યારથી એક આખે આખી પેઢીએ વાંચવાની ચોપડિયું અભેરાયે ચડાવી દીધી છે. ફેસબુકને હસી કાઢવા મેં કેટલાક રાફડિયા દુહા મિત્રો માટે લખ્યા છે. તમને ગમે તો તમારા ભાગ્ય, નહિતર મારાં...!

ઈન્ટરનેટના દેશમાં, ફેસબુક નામે ગામ,
કારણ વિણ ચોંટી રહે, ઈ નવરા માણાનું કામ.

ગૂગલમાં ગૂંગળાઈ ગ્યા, ઓરકૂટના ઓટે,
કોક મળશે સાચે ખોટે, ફીફાં ખાંડે **Facebook.**

ગામની શાયરી ચોરી ચોરી, ચીતરી એની **Wall,**
ને ઈ નીકળી ઢમઢોલ, ફીફાં ખાંડે **Facebook.**

ફેસબુક કે ઓરકૂટ પર હોવું એ ગર્વ અને પ્રતિષ્ઠાનો પ્રશ્ન થઈ ગયો છે. પહેલાં કૉલેજના મિત્રો વચ્ચે બાઈક, શર્ટ કે જિન્સની સરખામણી થતી હતી ને હવે એ F.B. પર ફલાણાને કેટલા Friend છે એના પર એની સંપત્તિ અને મોટાઈ નક્કી થાય છે. આ બધા મને સાવ અરથ વગરના નોન પ્રોડક્ટિવ એટલે કે ફીફાં ખાંડવાના ધંધા લાગી રહ્યા છે. તેથી મેં લખ્યું છે કે :

'આ ફેસબુક હોય કે ટ્વિટરિયું,
પાંચ પઈની પેદાશ નહીં,
તોય કોઈને કાંઈ નવરાશ નહીં,
ફીફાં ખાંડે ફેસબુક.'

ફેસબુક મેં આત્મા, ગૂગલ હમારો શ્વાસ,
કમ્પ્યૂટર મેં હમ યું રહે,
જ્યું ટૉઈલેટ મેં વાસ.'

મેં નજર સામે જોયું છે કે પોતાની સામે વિશ્વસુંદરી મસ્ત મૉડલ ઊભી હોય તોય એની પાછળ ટાઈમ બગાડવા કરતાં દરેક જુવાનને પોતાની F.B.ના Like-Unlikeથી.

– તમારા કે તમારા બાપુજીના બૅન્કના હપ્તામાં કે વ્યાજના દેવામાં કોઈ રાહત ખરી? કોઈ નોકરી કે ભણવાની માર્કશિટમાં F.B.માં તમારી ઉપર લખાયેલા સ્ટેટમેન્ટના પર્સન્ટેજ કાઉન્ટ થાશે?
– કોઈ છોકરી કે છોકરાને F.B. પર કેટલા ફ્રૅન્ડ્ઝ હતા આનાથી એની મૅરેજ લાઈફમાં કશો ફાયદો ખરો?
– રોજ ચાર ચાર કલાક FB પર બેસનારા લોકોને કંપની તરફથી રૂ. ૧૦૦ રિચાર્જ વાઉચર પણ મળશે?
– સાચા મિત્રો માથે કમ્પ્યૂટરમાં સર્ચ મરાય કે કાળજામાં?

આટલા સવાલોના જવાબ તમારી જાતને પૂછી લેજો. ફેસબુક આજના જુવાનિયાના મગજ ઉપર ચૂઇંગમની જેમ ચોંટી ગઈ છે ને દરેક જુવાન પોતાની જાતે સિંઘમ સમજી રહ્યો છે. દોસ્તો, ફેસબુકના યુઝર્સને ભાંડવા માટે આ લેખ નથી લખ્યો. હા, વિચારતા કરવા માટે જરૂર લખ્યો છે. ભારતનો યુવાન કેસરનો આંબો છે મારા વ્હાલા અને કેસરના આંબાથી ખાટું ન થવાય.

હું પણ ફેસબુક ઉપર છું. ફેસબુકને હસી કાઢો યાર, દેશના કરોડો યુવાનોના અબજો કલાકો જે ઉધઈની જેમ ખાઈ જાય એને સમજદારીનું ઇંજેક્શન મારવું એ જ શાણપણ છે. માટે જ મેં લખ્યું છે કે :

ઈન્ટરનેટ કહે જુવાન કો, બેટા દો બાતાં શીખ લે,
ઢૂંઢો અચ્છી નોકરી, છોકરિયું કો છોડ દે.
કામવાળીને પૂછીયું કેમ, કામે ન આવી કાલ?
કહે **FB** જોઈ લ્યો હાલ, મેં રજા મૂકી સાહેબજી.

દોસ્તો, કડવું લાગે તો માફ કરજો પણ તમારો અમૂલ્ય સમય પરિવાર, પુસ્તકો છેવટે રમતનાં મેદાન સાથે વિતાવો. જિંદગીમાં ક્યાંય કામ ન આવનારી F.B.ની ચૂઇંગમ સાથે નહીં.

છેલ્લે આ લેખ FB પર જરૂર ફોરવર્ડ કરજો ને મને Like-Unlike પણ મોકલજો હોં.



~ હાઉકલી ~

ફોટો જોઈ ભરમાઈ ગ્યો, વાતું કરી મેં ઝાઝી,
નીકળી બરણી આકારની ભાભી, ફીફાં ખાંડે Facebook!

## ચ્યવનપ્રાશ કે નવલત્રાસ ?

એક ડબલાની આત્મકથા

શિયાળો આવે એટલે દરેકના ઘરમાં ગરમ ટોપી, સ્વેટર, મફલરની શોધ અને સંશોધન કાર્યવાહી શરૂ થાય. દરેકના ઘરમાં ગયા શિયાળે પલંગની નીચે RDXની જેમ ગરમ કપડાં સંતાડી દેવામાં આવે છે.

જ્યારે જોરદાર ઠાર પડે ત્યારે ઘરવાળી દરેક પતિદેવને વિનંતી કરે છે જરાક પેટી પલંગનું પાટિયું પકડી રાખો તો જરસી કાઢવી છે. ટચલી આંગળિયે ગોવર્ધન ઊંચક્યો હોય એવા ભાવથી દરેક પતિ મહાશય 'ગાદલાનો ગોવર્ધન' ઉપાડે છે. 'કાકચિયો માંડ ઘામાં આવ્યો' આ કહેવતને યથાર્થ ઠેરવતા અર્ધાંગિની મનમાં ને મનમાં મલકી ઈરાદાપૂર્વક ગરમ કપડાં ગોતવામાં વાર લગાડે છે. અને જેવા આપણે પાટિયું પકડીને હાંફી જઈએ એટલે આપણને સંભળાવવામાં આવે છે કે જોયું અમને લેડિઝ લોકોને એકલા ઘરકામમાં કેટલી તકલીફ પડે છે? ગાદલાની ગોવર્ધન લીલા બાદ પત્ની દ્વારા ઘરમાં 'જરસીદાન' સમારોહ યોજવામાં આવે છે. એ જરસીમાંથી આખા વર્ષની ફિનાઈલની ગોળીઓની 'મીઠી મીઠી!!!' ખુશ્બૂ દરેક પતિદેવે અનુભવી જ હોય છે, પરંતુ કોઈ પતિ કદી આ વાત પત્નીને કરી શકતો નથી. શિયાળો મારી દૃષ્ટિએ પ્રાયોગિક ઋતુ છે. આખા વર્ષ દરમિયાન મેક્સિમમ પ્રયોગો આ ઋતુમાં કરવામાં આવે છે. કુટુંબનાં સૌ સ્વજનો સાથે મળીને યથાશક્તિ આ સિઝનમાં બૉડી બનાવી લેવાના કારસા ઘડે છે. શિયાળાની શરૂઆતમાં હેલ્થ સુધારી જ લેવાની આ યોજના શિયાળો જામતાં સરકારની પંચવર્ષીય યોજનાની જેમ ગોટે ચડી જાય છે. અને આ લાચાર જનતા જેવું શરીર આવતા શિયાળાની રાહ જુએ છે.

આજથી આઠ વર્ષ પહેલાં મારા ઘરમાં એક ભયંકર ઘટના ઘટી, ચ્યવનપ્રાશનું ડબલું એ નવલ ત્રાસરૂપ બની ગયું. લ્યો સાંભળો એ ડબલાની આત્મકથા. ગયા શિયાળાનું એક ચ્યવનપ્રાશનું દુર્દશા પામેલું ડબલું ફળિયામાં અનાથ બનીને રખડતું હતું. મારા ડ્રાઈવરને એ ડબલા પર દયા ઊપજી એટલે એક પ્રાત:કાળે ડ્રાઈવરે એમાં ગાડીના બેરિંગનું ગ્રીસ ભર્યું. એ ગ્રીસવાળું ડબલું ગાડી સુધી પહોંચે એ પહેલાં મારા પિતાજીની કૃપાભરી નજર એ દુ:ખી ડબલા પર ગઈ. અંદરના વિષયવસ્તુની વિગતે ચકાસણી કર્યા વગર પિતાશ્રીને એમ થયું કે પુત્રવધૂની બેદરકારી અથવા તો પૌત્રની અવળચંડાઈના કારણે જ આ આખું ચ્યવનપ્રાશ ભરેલું ડબલું રસોડામાંથી ફળિયા સુધી સ્થળાંતર પામ્યું હશે. પિતાશ્રીએ મનમાં એ પણ વિચાર્યું કે આ ડબલું ડ્રાઈવરને હાથ ન આવ્યું. નહિતર ઈ તો પોતાના પરિવારનો જ પ્રાસ મેળવી લેત. હે ભગવાન! કહી પિતાશ્રીએ કોઈને કશું કહ્યા વગર એ ડબલાને ફ્રીઝ પર પુન: સ્થાપિત કર્યું. કોઈ ખંડિત થયેલા મંદિરની પુન: પ્રાણપ્રતિષ્ઠા થાય અને ધુમાડાબંધ ગામ જમે અને ગામને જે આનંદ અનુભવાય એવો આનંદ પિતાશ્રીએ અનુભવ્યો.

સહેવાગને જેટલો આનંદ વન-ડેની ડબલ સદીનો હતો એટલે જ આનંદ આ દુ:ખી ડબલાને પોતાના આ બીજા જીવનદાનનો હતો. અંદર પુરાયેલું ગ્રીસ મનોમન સંકોચ સાથે

આનંદની મિશ્ર લાગણી અનુભવતું હતું. ગ્રીસને સંકોચ એ વાતનો હતો કે ૫૦ રૂપિયાની પોતાની કિંમત માત્ર આ ડબલા ફેરના લીધે અંદાજે ૩૫૦ રૂપિયા થઈ ગઈ. ગ્રીસ મનોમન વિચારતું હતું કે આ માનવજાત માત્ર બહારનાં ડબલાં જ જુએ છે. અંદર શું પડયું છે એનાથી કોઈને કશો મતલબ નથી. છતાં ગ્રીસને આનંદ એ વાતનો હતો કે એમની સો પેઢીઓમાં કોઈ પણ પૂર્વજને આ રીતે રસોડામાં આદરણીય સ્થાન નહોતું મળ્યું. આમ આ ગ્રીસ ખુદ પોતાના સમુદાય માટે ‘ગ્રીસ કુળ ગૌરવ’ બન્યું એનો ગ્રીસને આનંદ હતો.

અને બીજે દિવસે રાબેતા મુજબ સવાર પડી છાપાના ફેરિયાએ છાપાનો ઘા કર્યો. એ કાગળનો ઘા જોગિંગ કરતા બાપુજીના માથામાં વાગ્યો ને બાપા ધોમ થ્યા. ફેરિયા ઉપર ખિજાયા ને પછી બાપુજી રાબેતા મુજબ પુત્રવધૂ પર તાડૂક્યા. છોકરા સ્કૂલે જવા માટે ઊઠ્યા જ નહીં એટલે ઘરવાળી રાબેતા મુજબ છોકરાવ પર તૂટી પડી. આવો વારસાગત અને પરંપરાગત ગુસ્સો મારા સિવાય તો બીજે ક્યાં સ્થિર થાય? જૂની કબજિયાતને લીધે મારે ટૉઈલેટમાં નાછૂટકે વધુ સમય રહેવું પડયું. એમાં ઘરવાળી બોલી કે તમારી કબજિયાતને લીધે છોકરાવની કરિયર બરબાદ થાય છે, એટલે કહું છું કે શિયાળામાં ચ્યવનપ્રાશ ખાતા જાવ.

આટલું બબડી સમગ્ર ઘટનાની વેઠ મારી નાસ્તાની ભાખરી પર ઉતારી. પત્નીએ ઓલ્યા દુ:ખી ડબલામાંથી ફટાક દઈને ચ્યવનપ્રાશની ચમચી સીધી મારા મોઢામાં મૂકી. અરરરર... રરરર... આવી રીતે ૫૦ રૂપિયાનું ગ્રીસ ૩૫૦ રૂપિયાનું ચ્યવનપ્રાશ બનીને મારા પેટમાં પધરાવાઈ ગયું. બસ તે દિવસથી મારી જીભને ઑઈલિંગ થઈ ગયું છે અને તે હવે સતત અને અવિરત ચાલ્યા જ કરે છે. ત્યારથી હવે ઘરમાં ડબલા પર પ્રતિબંધ છે. સુખ એ થયું કે ઘરવાળી હવે દરેક વસ્તુ શબરીના બોરની જેમ ચાખીને જ આપે છે. વાચકમિત્રોને વિનંતી કે ડબલાં ચેક કરીને જ ચમચી ભરવી. શિયાળાની સવાર હોબાળાની સવાર ન થાય એની તકેદારી રાખજો.



~ હાઉકલી ~

‘એ ક દારૂડિયાએ ભગવાનને પ્રાર્થના કરી કે આવતા જન્મે દાંત ભલે એક જ દેજે પણ લિવર બત્રીસ આપજે પ્રભુ!’

# સરપંચ કે અસરપંચ ?

**સ** રપંચોની ચૂંટણી ગુજરાત આખામાં સાજીનરવી રીતે પતી ગઈ. કેટલાયના સર ઉપર પંચ પણ લાગ્યો. કેટલીક પંચાયતો સમરસ થઈ, કેટલીક માથે રહીને કરાવવામાં આવી, કેટલીક સાવ નીરસ થઈ અને આ ચૂંટણીને લીધે કેટલાયને હરસ પણ થયા.

ગામડાની વાત આવે એટલે મારા દિલમાં મારા વતન ‘અમરનગર’ના નામનો દીવો પ્રગટે. અમારું ગામ બહુ જોરદાર હતું. કોઈને કાંઈ કામ નહોતું છતાંય સાંજ પડ્યે બધા થાકી બહુ જાતા હતા. વીસ વર્ષ પહેલાંની વાત છે. અમારા ગામડે ગામના ચોરે બેઠાંબેઠાં ‘ભાભા પરિષદ’ ભરાતી ને એમાં આખી દુનિયાની ચર્ચા અને ચિંતા કારણ વગર કરવામાં આવતી. પુરાતત્ત્વ ખાતાવાળા મોહેંજો દડો અને હડપ્પીય સંસ્કૃતિના અવશેષરૂપે મ્યુઝિયમમાં રાખવા લઈ જવાય એવા ચાર વડીલો મારા ગામના ચોરે મોઢામાં ‘ફર્નિચર’ વગર કાયમ દર્શન દેતાં.

વળી એની વાતુ અને એના વિષયો બાવન બારા જ હોય. એક વડીલ બોલ્યા કે આપણી ગ્રામ પંચાયતની ગ્રાન્ટ પાછી ગઈ. બીજાએ નિસાસો નાંખ્યો કે નક્કી એકલી હશે નહીંતર પાછી જાય નહીં. હવે જેને ગ્રાન્ટ શું ઈ જ ખબર નહોતી એની સામે શું ચર્ચા કરવી? આપણે જન્મ્યા ત્યારે ભગવાનને આપણે પ્રૉમિસ આપ્યું હતું કે અમે ગઢપણમાં ગોવિંદ ગાશું પણ આપણે ભગવાન સાથે નેતાઓની જેમ ચીટિંગ કર્યું ને વચન ભૂલી ગ્યા. (કદાચ એટલે જ ઈશ્વરે આપણને એનો બદલો લેવા જ વચનપાલકને બદલે ‘વચનભૂલક’ નેતાઓ બટકાવ્યા હશે.)

ક્યાંક વાંચેલું કે જે વિષયની પૂરેપૂરી માહિતી આપણને ન હોય, એ વિષય ઉપર ન બોલવું. જો માણસો આટલી પ્રતિજ્ઞા લઈ લ્યે તો સમાજનો એંશી ટકા વાતાર્લાપ બંધ થઈ જાય.

સૉક્રેટિસના ગામમાં એક વાર એક પ્રશ્ન માટે વિવાદ ને મતમતાંતર થયો. લોકોએ નિવેડો લાવવા વાત સૉક્રેટિસને કરી કે આપ જ્ઞાની છો અને ગામના આ પ્રશ્નને હલ કરો. ત્યારે સૉક્રેટિસે જવાબ વાળ્યો કે ભાઈ, મને જ્ઞાની ન કહો. આટઆટલું વાંચ્યા ને વિચાર્યા પછી મને હમણાં ભાન થયું છે કે હું તો સાવ અજ્ઞાની છું. ગામલોકો તરત બોલ્યા કે એ જ તમારા જ્ઞાની હોવાનું પ્રથમ પ્રમાણ છે કે તમને ખબર તો પડી ગઈ કે તમે કશું જાણતા નથી. અમે તો સાવ લાકડાની તલવારે જંગ ખેલીએ છીએ.

આ વિષય પરથી યાદ આવ્યું કે નાનપણમાં જ્યારે આપણે ભણતા ત્યારે આપણા ગુરુજનો આપણને સતત કહેતા કે ‘વિષયમાં ધ્યાન દો... વિષયમાં ધ્યાન દો.’ જેવા મોટા થયા એટલે સંતો અને ધર્માચાર્યો કહેવા લાગ્યા કે ‘વિષયનો ત્યાગ કરો, વિષયનો ત્યાગ કરો’ વિષયની અસમંજસમાં ખરેખર બધા વિષયો ગોટે ચડી જાય છે. સરપંચના મૂળ વિષય પર આવું તો મહિલાઓ સરપંચ થાય એ મને આમ ગમે ખરું કે બિચાકડી જે પ્રભાબેન, દયાબેન કે રમીલાકાકી કે ઝમકુબાનું પોતાના ઘરમાં આજ સુધી ન હાલ્યું હોય એનું અચાનક આખા ગામમાં હાલવા માંડે. ઘરવાળો પણ નહોતો માનતો ને અચાનક એ મહિલા પદાધિકારીની

સેવામાં પટાવાળો આવી જાય ત્યારે સ્ત્રીઓ અંદરોઅંદર રાજી ખૂબ થાય, પરંતુ મારું એવું માનવું છે કે આ પુરુષપ્રધાન અહંકારી માનસ કદી સ્ત્રીઓને એની રીતે જીવવા કે કામ કરવા દેતું જ નથી. સ્ત્રીઓ પુરુષો માટે આદિકાળથી શોષણ અને શોખનો વિષય છે. જે પુરુષો સરપંચ નથી બની શકતા એ મહિલાઓને ‘અસરપંચ’ બનાવે છે. પરિણીત મહિલા પદાધિકારીઓના પતિઓનો ત્રાસ એ હિટલરથી પણ વધુ ખતરનાક હોય છે. ગામડામાં તો તમે જ્યાં મહિલા સરપંચ પાસે કોઈ કાગળ કે અરજીમાં સહી કરાવવા જાવ એટલે તદ્દન થમ્સ-અપ (અંગૂઠા છાપ) કાકી, બા, બેન કે ભાભી ગુજરાતી સાડીનો મેલોદાટ છેડો મોઢામાં ભરાવીને નીચેનામાંથી કોઈ એક ઉત્તર આપે કે : ‘હું એમ તમારા ભાઈને પૂછયા વગર સહી ન કરી શકું. તમારા ભાઈના મગજની તો તમને ખબર જ છે ને?’

‘હું સહી તો કરી દઉં, પણ પંચાયતનો સિક્કો તો તમારા ભાઈ વાડીએ લઈ ગ્યા છે.’

‘સહી કરી દઉં છું પણ તમારા ભાઈને સિક્કો મારવાના કાંઈક નિવેદ ધરવા પડશે હોં...!’

‘ઈ મને ખબર નો પડે, મારે તો સરપંચ થાવું જ નો’તું. આ તો તમારા ભાઈએ ચડાવી દીધી.’

‘સરકારી ગ્રાન્ટુ-બાન્ટુની મને નો ખબર પડે ભાઈ, મને તો મારા મોન્ટુમાં ખબર પડે.’

તમામ ક્ષેત્રની આગળ પડતી ને આગળ વધતી સર્વે મહિલાઓને મારી પ્રાર્થના છે કે તમારી નિર્ણય શક્તિથી તમે કોઈ ફેંસલો ન કરી શકો એમ હો, તો તમે જે સ્થાન ઉપર છો એને છોડી દો, પાછા રોટલા ઘડવા માંડો...

અમુક બહેનો નિર્ણય ખૂબ સરસ લ્યે છે પણ એને કયાં કયાં નિર્ણય લેવા ઈ એના પતિદેવ નક્કી કરે છે. જેના પતિ દેવ થઈ ગયા છે એના છોકરા એની માથે પ્રેશર કરે છે. કહેવા માટે તો આપણા દેશમાં સ્ત્રીઓનાં રાજ છે પણ સ્ત્રીઓ ઉપર તો પુરુષો જ રાજ કરે છે.

# ઉતરાયણ પછી ડતી પતંગ !

મ કાપવાનું મહાત્મ્ય વધુ હોય છે. આમેય માણસોની આ સદીઓ જૂની ફિતરત છે કે નિંદા ઉપર આપણે કલાકો સુધી બોલીએ છીએ, પણ પ્રશંસા પર પાંચ મિનિટ ટકી શકતા નથી. તમે વીસ લાખની ગાડી લ્યો એટલે તમારો પાડોશી ભગવાનને એ જ પ્રાર્થના કરે છે કે જલદી ભટકાય તો સારું. ‘બહુ ચગેલો હંમેશાં કપાય છે.’ આ જબરજસ્ત સિદ્ધાંત આપણને પતંગ શીખવાડી જાય છે. પણ કોઈને એવું વિચારવાનો ક્યાં ટાઈમ હોય છે? કવિ રમેશ પારેખે એટલે જ તો લખ્યું હશે કે –

પ્રેમ કોઈ માણસની સંગ થઈ જાય છે,
તો પ્રેમભર્યું જીવતર પતંગ થઈ જાય છે.
પ્રેમ અને મસ્તીનો સંગ થઈ જાય છે,
તો માણસનો ચહેરો પતંગ થઈ જાય છે.

છોકરાઓ તો આમ જુઓ તો પૂંડી વગરના પતંગ જેવા જ હોય છે. છોકરીઓ ભાળે કે તરત લોટવા માંડે છે. એક કૉલેજની પાળી ઉપર કેટલાક છોકરાઓ, માબાપ વગરના છોકરાવની જેમ નિમાણા થઈને બેઠેલા. એક સિગારેટમાંથી આઠ જણાએ ફૂંકું મારીને કોઈના મોબાઈલમાં કોઈનો મિસ કોલ (કે મિસિસનો કોલ) પણ નહોતો આવતો, એટલે અંતે એક જણાએ MP3માં ‘કોલાવેરી ડી’ ચાલુ કર્યું. આઠેય જણાના ઈંતેજારનો અંત આવ્યો. ઝાઝો બધો મેકઅપ કરીને એક છોકરી કૅમ્પસમાં દાખલ થઈ. છોકરીના મેકઅપના થપેડા જોઈ એક છોકરો બોલ્યો, કે આ તો લોટના ડબામાં મોઢું નાખીને ભાગી હોય એવું લાગે છે. પણ આ કૉમેન્ટ છોકરી સુધી પહોંચી નહીં એટલે બીજો નંગ બોલ્યો, કે ઓ હો હો! ચંદ્રમા અચાનક ધરતી ઉપર ક્યાંથી આવી ગ્યો? આ સાંભળી ઉત્તરાયણમાં પચાસ પેચ કાપીને કરંટમાં આવેલી છોકરીએ વળતો જવાબ આપ્યો, કે હું એ જ વિચારું છું કે ઘુવડ તો રાતે હોય, આ દિવસે ક્યાંથી? કૉમેન્ટ કરનાર જુવાનની કોલાવેરી કટ થઈ ગઈ. ઈ ઊભો થયો એટલે છોકરીએ ખિજાઈને કહ્યું, સેન્ડલ ખાવું છે? છોકરો ક્યે, ના મારે આજે ઉપવાસ છે. છોકરી બોલી તોય વાંધો નહીં આ ફરાળી સેન્ડલ છે. વાત આપણી પતંગ ઉપર અટકી હતી. મારી દષ્ટિએ દરેક પતિ એ પતંગ છે અને પત્ની એ દોરો (માંજો). માંજા સાથેનું પત્નીનું મેચિંગ પરફેક્ટ છે. આજકાલ તો અમુક માંજા ગળા કાપી નાખે એવા પણ આવે છે. ફિરકી એ કુટુંબ છે. દુનિયા આકાશ છે અને છોકરાઓ ઝગમગતાં ફાનસ છે. જીવનમાં પતંગ લૂંટનારાઓ આપણી આજુબાજુના જ હોય છે. કેટલાક જમાઈ લોટણિયા પતંગ જેવા હોય છે. સસરાની પ્રોપર્ટી માટે વારેઘડીએ સસરાના પગમાં પડતા હોય છે. લગભગ પરણેલા પુરુષોના ઘર ‘સાડી’ને લીધે સળગે છે. ઉત્તરાયણના સંદર્ભમાં મૂલવું તો પતિ જો પતંગ હોય, પત્ની જો માંજો હોય તો સાળી એ ‘ગુંદરપટ્ટી’ જેવી મને લાગે છે. અમુક બહેનો તો પોતાની બેનની પતંગ ફાટે એની રાહ જોતી હોય છે. જીજુ, જીજુ કહીને જીજાજીનું ખિસ્સું ખાલીખમ કરાવતી હોય છે. સાસુ મને ખીહરણના ખીચડા જેવી લાગે છે. જેમાં બહુ મજા ભલે ન આવે પણ ખીચડા વગર જીવનની

ઉત્તરાયણ અધૂરી રહે છે. સાળા એ ગૂંચવાયેલા દોરા જેવા છે. ઝીણી નજર મારો તો જણાય કે સાળા લગભગ બેનોના ઘરથી ગૂંચ ઉકેલવામાં જ રચ્યાપચ્યા રહેતા હોય છે. સસરા મારી દૃષ્ટિએ તલના લાડુ જેવા જ હોય છે. કાં તો દાંત છોલે છે કાં તો તોડે છે. આ રીતે જુઓ તો ઉત્તરાયણની પારાયણ કૈંક આવી છે. પરિવારને સુખી રાખવા માટે એકબીજાના અહમ્ના પેચ કાપવા કરતા સંબંધોમાં ઢીલ દેવી, ઢીલાં ન પડવું. ખેંચવાથી બહુ ઝાઝો ફાયદો કોઈને નથી થતો. ઉત્તરાયણ ભલે વહી ગઈ, પણ પતિરૂપી પતંગો ઊંચે ઊંચે ચગતા રહે. પત્નીરૂપી માંજાઓ કોઈના ગળા ન કાપે, પૂંછડિયાં જેવાં ને ફાનસ જેવાં ટાબરિયા સૌને ટાણાસર કામ લાગે અને બસ જિંદગી આખી ઉત્તરાયણ જેવા ઉમંગ અને ઉત્સાહથી શાશ્વત ટકી રહે. મેં ઘણી ફેંકી હવે લપેટી લો...!

# અડદિયા પુરાણ

ઠં ડીથી બચવા ખુદ સવાર પણ તડકો ઓઢીને નીકળી પડે એવો શિયાળો બરાબર ટક્કર લઈ ગ્યો છે. તમામ ખિસ્સાકાતરુના ધંધામાં મંદી ચાલી રહી છે, કારણ કે પબ્લિક ઠંડીને લીધે ખિસ્સામાંથી હાથ બહાર કાઢતી જ નથી. વૉકિંગને બહાને નાઈટ સૂટની ફૅશન પરેડ નીકળતા રંગીન વડીલોની સંખ્યા દરેક શહેરમાં વધતી જાય છે. પંચોતેર ટકા લોકોનાં લાલઘૂમ નાક બે મોઢે વહી રહ્યા છે 'શેડા'. આમ જુઓ તો જગતની એકમાત્ર એવી વસ્તુ છે કે જેને ગરીબો ફેંકી દે છે અને અમીરો રૂમાલમાં સાચવી રાખે છે.

ઉનાળામાં અડધી અડધી કલાક સુધી બાથરૂમમાં પડયા રહેતા તમામ મહાશયો, શિયાળામાં સાત સેકન્ડમાં સ્નાન કરીને 'સ-ટુવાલ' ધ્રૂજતા નજરે પડે છે. હનુમાનજી પર જેમ સિંદૂરના લેપ લગાવાય એમ વૅસેલિનના થથેડા લગાડી 'વૅસલિનાભિષેક' કરવામાં આવે છે. નેતાઓ જે રીતે કૌભાંડ કરી નાંખવાના મોકા ગોતે છે એવી જ ઝીણી નજરથી જૂની કબજિયાતની ચિંતા કર્યા વગર લોકો રીંગણાનો ઓળો અને બાજરાના રોટલાની દેશી પાર્ટી ગોત્યા કરે છે.

આવા ટાઢોળા વાતાવરણમાં હું સાંજ પડ્યે મારી શેરીમાં એન્ટર થયો ત્યાં મારા જાજરમાન અને જોખમી પાડોશી અતુલે અવાજ કર્યો કે, 'સાંઈરામ, આજે રાતે ઘરે પધારજો.' મેં પૂછ્યું, 'કેમ તારા છોકરાને જોવા આવવાનાં છે?' હંમેશાંની જેમ એની રમતિયાળ શૈલીમાં એણે જવાબ વાળ્યો કે, 'ના રે ના, છોકરો તો હવે એની મેળે જ જોઈ આવે છે. હું એને વિદ્યામાં (ભણવામાં) ધ્યાન દેવાનું કહું છું ને ઈ ડર્ટી પિકચરની વિદ્યામાં ધ્યાન દે છે. પણ આજે હું ઐતિહાસિક અડદિયા બનાવવાનો છું. રાતે તને ગરમાગરમ અડદિયા ખવડાવવા છે.'

અડદિયા મારી દૃષ્ટિએ શિયાળાનો સામનો કરવાનું એક અમોઘ શસ્ત્ર છે. ખાવા સહુને ગમે પણ બનાવવા બહુ ઓછાને ગમે. અડદિયા ખવાય પણ કોઈને કહેવાય નહીં કે 'તું અડદિયા જેવો છે' નહિતર સંબંધો ઑક્સિજન ઉપર આવી જાય.

રાત્રે દસ વાગ્યે હું ને મારી પત્ની અતુલના ઘરે ગરમાગરમ અડદિયાની અતુલ્ય શ્રદ્ધા લઈને પહોંચ્યાં. અતુલે અડદિયા બનાવવા માટે આખું રસોડું રીતસર કિડનેપ કર્યું હતું. અડદના લોટ ઉપરાંત ગુંદ, તજ, એલચી, સૂંઠ ને પીપરીમૂળના ગંઠોડા જોઈને મેં પૂછ્યું કે, અતુલ, આ અડદિયા અડદમાંથી બનશે કે ઓહડિયામાંથી? અતુલ ક્યે ઈ તને ન ખબર પડે દોસ્ત! મારો એક અડદિયો શિયાળાની છુટ્ટી કરી દેશે. મારી અને અતુલની પત્ની પહેલી વાર રસોડામાં મુકપ્રેક્ષક બનીને બેઠાં છે. પોખરણના અણુધડાકા જેવો અતુલનો આ અડદિયા પ્રયોગ શરૂ થયો. કપિલ સિબ્બલ જે રીતે ટીમ અણ્ણાને મસળીને રાજી થાય એવી અદાથી અતુલે લોટ મસળવાની શરૂઆત કરી. ભાભીએ પૂછ્યું કે હું કાંઈ મદદ કરું? અતુલે કહ્યું કે ઘી ગરમ કર. ભાભીએ ઘી ગરમ કર્યું. એટલે ભાઈએ વટથી ને જોરથી એમાં લોટ ઠાલવ્યો પણ ઈ ભેગી ભાભીએ ચીસ નાંખી ઓય મા છાંટા ઊડ્યા, બાઈડિયુંનાં આ કામ નહીં એમ બોલી એણે

અડદિયા પડતા મૂકી બર્નોલ ગોતવાની શરૂ કરી. ઈસવીસન પૂર્વેની આઝાદી પહેલાંની બર્નોલની એક ટયૂબ લઈ અતુલ એની પત્નીની વહારે આવ્યો. હું ને મારી પત્ની પ્રેક્ષકમાંથી મુખ્ય અદાકારની ભૂમિકામાં આવીને અડદિયા હલાવવા લાગ્યા. ટ્યૂબમાંથી 'બર્નોલ દર્શન' કરવા માટે અતુલે સાણસીનો બળપ્રયોગ કર્યો. ઉતાવળમાં ઘરવાળીની દાઝ બર્નોલ પર ઉતારી. એમાં થોડી બર્નોલ અડદિયામાં ક્યારે ભળી ગઈ એની કોઈને ખબર પણ ન રહી. આટલી ધમાચકડી બાદ પણ પૂર્ણ સ્વસ્થતા સાથે અતુલે બે કલાકે લોટ શેક્યો. અમે રતાશ પડતા થઈ ગ્યા પણ લોટમાં રતાશ રંગ ન આવ્યો.

અડદિયાની સફળતા માટે બે તારની ચાસણી ફરજિયાત હોય છે, પરંતુ અતુલના ઘરે તો સિતારની ચાસણી બની એટલે કે આઠ તારની...! રાત્રે એક વાગ્યો, ન લોટ મોળો પડયો કે ન અતુલ. અંતે અણ્ણા હઝારેની જેમ હું નિરાશ થઈને ઘરે જઈ સૂઈ ગયો. બીજા દિવસે અતુલે આ ઐતિહાસિક અડદિયા આખી શેરીમાં વહેંચ્યા. બપોરે મારી થાળીમાં ઘરવાળીએ ચિત્ર વિચિત્ર કલરના અડદિયા મૂક્યા ત્યારે મને અડદિયાની આખી નાત ઉપર માન ઊતરી ગયું. હું હજી ખાવાની હિંમત કરું ત્યાં પાડોશી બહેન એના લોહીલુહાણ છોકરાને લઈને ફળિયામાં આવ્યાં કે તમારા છોકરાએ મારાને પથરો માર્યો. ત્યાં મારો છોકરો બોલ્યો ખોટી વાત છે પપ્પા મેં તો અતુલકાકાનો અડદિયો માર્યો છે. વાંહોવાંહ બીજા એક વૃદ્ધ વડીલ હાથમાં અડદિયો લઈને ઘરમાં આવ્યા કે સાંઈરામ ઝટ મને ડેન્ટિસ્ટ પાસે લઈ જાવ. આ અડદિયામાં મારા બે દાંત બેસી ગ્યા છે. અતુલના અડદિયાએ શેરીમાં એવું રમખાણ મચાવ્યું કે આખી શેરી અતુલને ગોતે છે. શેરીમાં કોઈ હવે છોલાય છે ત્યારે અતુલના અડદિયાને મિક્સરમાં કે હથોડીથી ખાંડીને મલમની જેમ લેપ કરવાથી બર્નોલ જેટલી રાહત મળે છે. શેરીના ટાબરિયાવ અતુલના અડદિયાનો કૂતરાને ભગાડવા માટે શસ્ત્રની જેમ ઉપયોગ કરે છે. આફટરઓલ, આ ઐતિહાસિક અડદિયા હતા, તંદુરસ્તીની નહીં તો શેરીની પણ રક્ષા તો કરેને યાર!

# છગડા તારી પ્રસિદ્ધિનો કોઈ પાર નથી!

**આ** પણો પ્રચલિત દુહો છે –

ચિપાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
વરખામાં વાગડ ભલો, મારો કચ્છડો બારે માસ.

ગુજરાતમાં જો કચ્છડો બારે માસ હોય, તો કાઠિયાવાડમાં 'છકડો બારે માસ' સો ટકા કહી શકાય. વાહનના સંશોધનકારોની ટુ વ્હીલરથી ફોર વ્હીલર સુધીની યાત્રા જ્યાં થાક ખાવા ઊભી રહી હશે ત્યાં જ થ્રી વ્હીલર 'છકડો' રિક્ષાની શોધ થઈ હશે આવું મારું માનવું છે. કાઠિયાવાડમાં છકડો રોડ ઉપર ઉઘાડા માથે રખડે છે. અમદાવાદ ઉપર એ છકડો લાજ કાઢે છે એટલે એને 'શટલિયું' કહેવાય છે. છકડો રોડ ઉપરનું એક એવું વટવાળું વાહન છે કે ઈ જેની સાથે ભટકાય એમાં નુકસાન સામા પક્ષે જ હોય છે. મિત્ર સુખદેવ ધામેલિયાએ મને સિક્સર મારીને કહ્યું કે, સાંઈરામ, કાઠિયાવાડમાં ભગવાન હાજર જ છે ઈ સાબિત થઈ ગયું. મેં કીધું એ કઈ રીતે? ઈ ક્યે એક છકડામાં પાંત્રીસ પેસેન્જર જે રીતે ગોઠવાય છે એના ઉપરથી જ આ સાબિત થાય છે કે આયા ભગવાન છે, નહિતર ત્રણ વ્હીલના વાહનમાં ૩૫ જણાનું બૅલેન્સ રહે કેમ? માત્ર માલ-સામાન ભરવા માટે બનાવેલો આ છકડો અત્યારે દસ લોકોની કેપેસિટીમાં પાંત્રીસ જણા ભરે છે. ગોંડલની કોર્ટમાં એક છકડાવાળા ઉપર ઍક્સિડન્ટનો કેસ થયો, ફરિયાદી ટ્રાફિક પોલીસે નિવેદન આપ્યું કે આ છકડામાં પાંત્રીસ જણા બેઠા હતા. આરોપી ડ્રાઈવરે જોરદાર દલીલ કરી કે સાહેબ સાવ ખોટું બોલે છે. મારા છકડામાં પાંત્રીસ જણા તમે ગોઠવી ધો તો હું ગુનો કબૂલી લઉં.

આ ચૅલેન્જ જજને પણ ગમી. સુંવાળા માણસોથી સદાય અસ્પૃશ્ય રહેનાર છકડાને સૌ પ્રથમ વખત 'કોર્ટ પ્રવેશ' આપવામાં આવ્યો. કોર્ટની વચ્ચોવચ 'ઘાયલ દીપડી' જેવો છકડો જોઈ જજ પણ છક થઈ ગયા. (કદાચ આ વાહન જોઈને બધાં છક થઈ જાય છે. એટલે જ આનું નામ 'છકડો' પડયું હોવાનો વિદ્વાનોનો મત છે.) ન લાઈટ, ન ઈન્ડિકેટર, ન બ્રેક, જૂની ટીનની તપેલીમાં કાણાં પાડીને એનાં સ્પીકર બનાવેલાં હતાં, જે સમગ્ર છકડાની શોભા હતી. જજે ડ્રાઈવરને છકડો ચાલુ કરવાનું કીધું તો આરોપીએ અર્જુન જેમ ગાંડિવની પણછ ખેંચે, એવી અદાથી એન્જિન ઉપર રાંઢવું (જાડું દોરડું) મૂકીને છકડો શરૂ કર્યો. એ સાથે જ ભખ... ભખ... ભખ...ભખ... નામના સાઈલન્સરમાંથી સ્વરધ્વનિ નીકળ્યો અને ભયંકર ધૂમ્રસેરોથી સમગ્ર કોર્ટ ગુંજી ઊઠી. છકડો એક વાર ઊપડે એટલે એનો અવાજ બીજાં તમામ વાહનોને એનેસ્થેસિયા આપી દે છે. છકડાની આજુબાજુ કોઈ પણ ખાનગી વાત થઈ શકતી નથી. તમારે વાતનો ટોન ઊંચો જ રાખવો પડે. ફરિયાદી ટ્રાફિકવાળાએ અડધો કલાક ટ્રાય કર્યો, પણ એકેય બાજુથી એમાં પાંત્રીસ જણાં સમાયા નહીં. ચેલેંજના ભાગરૂપે જજે છકડાના ડ્રાઈવરને નિર્દોષ છોડી મૂક્યો ને મૉરલ ઑફ ધ સ્ટોરી એ છે કે ઈ ડ્રાઈવર કોર્ટની બહારના દરવાજેથી જ ૩૫ જણાંને ભરીને ટ્રાફિકવાળાને ઠેંગો બતાવી ભાડા ઉપર ભખ...ભખ...ભખ... કરતો ધુમાડાના ગોટા ઉડાડતો ગુમ થઈ ગયો.

આ એક જ વાહન એવું છે જેમાં ૩૫ જણાં સાવ અલખધણીના ભરોસે બેઠાં હોય છે. નીચે ઊતરીને ઈ જ્યારે રૂપિયા માંગે ત્યારે જ પેસેંજરોને ખ્યાલ આવે છે કે આપણો ડ્રાઈવર હતો અને ઈથી મોટી વાત જ્યારે જ્યારે છકડાનો ઍક્સિડન્ટ થાય છે (મોટા ભાગે આ વાહન નેતાઓની જેમ પલટી મારે છે) ત્યારે પાંત્રીસ જણાં ગુજરી જાય છે ને ડ્રાઈવર બચી જાય છે.

આ છકડો રોડ ઉપર સાઈડ આપતોય નથી અને સાઈડ કાપતોય નથી. આપણે જોઈએ છીએ એમ આપણી નજર સામે ઈ ત્રાંસો હાલે છે. છકડાને હું કાઠિયાવાડના રોડનું હેલિકૉપ્ટર કહું છું. મારા એક અકલમઠ્ઠા ભાઈબંધ ચકાએ છકડો લીધો અને પછી શું શું થ્યું ઈ ક્યારેક કહીશ, ત્યાં સુધી મારા છકડામાં પગ ઊંચા લઈ બેઠા રહો, હસતા રહો.

# ખુશ્બૂ છકડે કી

છકડાને ચીતરવા બેસું તો ખાલી બે મિનિટ લાગે,
છકડાને ખેંચવા બેસું તો વરસોનાં વરસ લાગે.

ગત સપ્તાહે છકડાનું અડધું પુરાણ આદર્યું તોય અડધું બાકી રહી ગ્યું. છકડો રિક્ષાને હું કાઠિયાવાડી '૧૦૮' કહું છું. તમને તકલીફ પડે ત્યારે કોઈ વાહન તમને મળે કે ન મળે, અંતરિયાળ ગામડામાં કે ગમે તે રોડ ઉપર છકડો તો અવશ્ય મળે જ. છકડા પાસે ઓલ ગુજરાતનું રોમિંગ કાર્ડ છે. હું એમ માનું છું કે દરેક ગાડીમાંથી ગાડી પ્રમાણે માણસો ઊતરે છે. ઈંખઠ ઊભી રહે એટલે એમાંથી લાલ સફરજન જેવા લોકો ઊતરે. સ્વિફ્ટ કે વેગનઆરમાંથી જામફળ જેવા લોકો ઊતરે ને અમારા એન્ટિક છકડામાંથી 'શ્રીફળ' જેવા મજબૂત અને ડાલામથ્થા લોકો ઊતરે. જેનો પગ ભૂલથી તમારા પગ ઉપર આવી જાય તો તમને ફ્રેકચર થઈ જાય. છકડામાંથી ઊતરનારો કોઈ તમારો વાંહો થાબડે તોય ત્રણ દી' તમારે હળદર ચોળવી જ પડે. ગામડાના પાદરથી ઉપાડીને છકડો તમને પોખરણ સુધી મૂકી આવે, બસ એમાં બેહવાની તમારી નૈતિક હિંમત જોઈએ. કારણ કે આ વાહનની યાત્રા ગમે ત્યારે અંતિમયાત્રા પણ બની શકે છે.

બુદ્ધિના લઠ્ઠ સમો મારો ભાઈબંધ ચકો મારા ઘરે આવ્યો ને ફળિયામાં હાંફતો ઊભો રહ્યો. મેં પૂછ્યું, ચકા કોની સાથે આવ્યો, ચકાએ વટથી જવાબ આપ્યો, 'ખુશ્બૂને સાથે લઈને આવ્યો છું.'

ઑફ ધ રેકોર્ડ વાત કહું તો મારા આખા મિત્રવર્તુળમાં ચકો આડત્રીસ વરસથી અખંડ વાંઢો છે. ચકો ક્યાંક કામે વળગે એના માટે આખા ગામે માનતા રાખી છે. ખેડૂત જેમ અષાઢનાં ફોરાંની રાહ જોવે એમ મારો પરિવાર પણ ચકાની સાથે કોક આવે અથવા તો કોકની સાથે ચકો આવે એની વરસોથી રાહ જોઈને બેઠો'તો. તો ખુશ્બૂનું નામ પડતાં મારું આખું કુટુંબ આશ્ચર્ય સાથે આનંદની લાગણી અનુભવતું દરવાજે ઈ ખુશ્બૂને પોંખવા દોડ્યું. દરવાજે જઈને જોયું તો ચકો 'ખુશ્બૂ' નામની રિક્ષા લઈને આવ્યો'તો. અમારાઅરમાનોનું વર્લ્ડ ટ્રેડ સેન્ટર, લાદેનની સહાય વગર કડડડભૂસ કરતું જમીનદોસ્ત થયું. આખા કુટુંબે ચકા ઉપર સાગમટે દાંત કચકચાવ્યા. ત્યાં ચકો બોલ્યો કે સાંઈરામ હવે દુનિયાની તમામ સ્ત્રીઓ મારે મા અને બેન સમાન. હવે તો આ ખુશ્બૂ જ આપણી મહેબૂબા. મેં તો આ 'ખુશ્બૂ' સાથે ફેરા ફરી લીધા. અમિતાભે 'ખુશ્બૂ ગુજરાતકી'માં છકડો હાંક્યો એમાંથી મને આ પ્રેરણા મળી. વાંહે તમેય કહેજો 'ખુશ્બૂ તો ચકે કી' આ છકડા પાછળ કયું સ્લોગન લખવું એનું લિસ્ટ લઈને ચકાએ મને પૂછ્યું કે, નજર મારો આમાં એમ લખ્યું કે 'બુરી જનર વાલે તેરા મુંહ કાલા.' મેં કીધું ચકા આમાં નજર નાખવા જેવું છે શું? ચકો ક્યે તો શું લખાવું, 'રમતૂડી', 'તું તારું કર', 'તોફાની કાનુડો' કે 'ઈલુ ઈલુ'? બોલો આ ચાર વિકલ્પ છે. મેં કીધું પેલા આનું ઠાઠું લીલું છે ઈ સાફ કરાવ પછી 'ઈલુ ઈલુ' લખજે. ચકાની છકડા સવારી જોઈને મને કવિતાયું ફૂટી, મેં દુહા ઠબકાર્યા

સડસડાટ ઈ ચાલતો, ત્રણ પગવાળો તગો,
ભાયડા હાંકે ઈ ભગો, ઘણી ખમ્મા છકડા ધણી.

ઈન્ડિકેટર હોય નહીં, ધૂમ્રસેર ધોધમાર,
સોંસરવો ઈ સારધાર, ઘણી ખમ્મા છકડા ધણી.

મોટરના મહાભારતે, ક્રિશ્ન સમો તું સારથિ,
તારી હાથણી જેવી ગતિ, ઘણી ખમ્મા છકડા ધણી.

ગળે રૂમાલ ખુલ્લે બટ્ટન બીડીએ બાળેલી મૂંછડિયું,
તારી પીધેલ આંખડિયું, ઘણી ખમ્મા છકડા ધણી.



~ હાઉકલી ~

છકડાના પરતાપ – સમયસર પહોંચ્યા લોકો,

છકડાના પરતાપ – હિંમતે હરખ્યા લોકો,

છકડાના પરતાપ – કામમાં વળગ્યા લોકો,

છકડાના પરતાપ – શહેરમાં પોગ્યા લોકો,

સ્લો હાલે પણ હારે નહીં, છકડા તું તો મહાન,

ગરીબ માણાનું વિમાન તું, છકડા તું ભગવાન.

# પ્રેમ હાલે તો ચાંદ સુધી નહિતર સાંજ સુધી

વિદેશીઓએ પ્રેમપૂર્વક આપણને બટકાવી દીધેલો દિવસ એટલે વૅલેન્ટાઇન્સ ડે. પ્રેમ કોઈ એક દિવસનો મોહતાજ કદી ન હોઈ શકે. આપણે વસંતને વધાવવાવાળી પ્રજા છીએ. વેલ, કુંવારાની અને પરણેલાની બેયની વેદના એક સરખી જ છે. કુંવારા ક્યે છે કે તાજમહાલ બનાવવો છે પણ મુમતાજ મળતી નથી ને પરણેલા ક્યે છે આ મુમતાજ મરતી નથી. ૧૪મી જાન્યુઆરીએ આપણે ગુજરાતમાં જે રીતે રંગીન ઉત્તરાયણ ધાબા ઉપર ઊજવીએ છીએ એ જોઈને જ ધોળિયાએ આપણી કોપી મારી છે ને ૧૪મી ફેબ્રુઆરીએ રંગીન પતંગ જેવા મિજાજથી 'ઢાબા' ઉપર પ્રેમ કરવાનું નક્કી કર્યું હશે. આમ મારા મતે વૅલેન્ટાઇન્સ ડે એ ઉત્તરાયણની પાયરસી છે. પ્રેમ આમ તો શબ્દ જ અવ્યાખ્યાયિત છે છતાં કેટલીક ખાટીમીઠી વાંચેલી વ્યાખ્યાઓ લ્યો મમળાવો :

**લવ ઈઝ બ્યુટીફૂલ (કંડિશન એપ્લાઈડ).**
**પ્રેમ એક એવું ટેન્ડર છે જે સૌથી ઊંચા ભાવે ખૂલે છે.**
**પાણીમાં પડો તો ભીંજાઈ જવાય, પણ પ્રેમમાં પડો તો સુકાઈ જવાય.**
**પ્રેમના જંગલમાં ખૂંખાર સિંહનો શિકાર કોઈ નમણું નાગરવેલ જેવું હરણ કરી નાંખે છે.**
**છોકરાઓ પ્રેમ કરે તો લોફર ગણાય છે ને છોકરીઓ પ્રેમ કરે તો ઑફર.**

પ્રેમ કબીરની વાણીમાંથી સંભળાય છે. ક્રિશ્નની ગીતારૂપે કહેવાય છે. બુદ્ધના મૌનમાં છલકાય છે. મીરાંના કટોરામાં પીવાય છે. નરસૈયાંની કરતાલમાં સંભળાય છે. શગાળશાના ખાંડણિયે ખંડાય છે.

**વો લમ્હા સારે જહાં કી ઈબાદત સે પ્યારા હૈ,**
**જો એક ઈન્સાનને ઈન્સાન કી મહોબ્બત મેં ગુજારા હૈ.**

પ્રેમનો જન્મ સો ટકા ચાઈનામાં જ થયો હશે, કારણ કે ચાઈનાની દરેક વસ્તુનો અને પ્રેમનો બંનેનો એક જ સિદ્ધાંત છે. 'હાલે તો ચાંદ સુધી નહિતર માત્ર સાંજ સુધી...' માટે જુવાનિયાવ લવ કરવો એના કરતા બે વીઘાં ઘઉં કરજો. માબાપને કામ લાગે, પરંતુ આપણી કરુણતા છે આપણે સૌ ઝાડ નીચે પ્રેમ કરીએ છીએ, પરંતુ ઝાડને પ્રેમ નથી કરતા. આંધળા કે લંગડા માણસની મજબૂરીને ચાહીએ છીએ પણ એને નથી ચાહતા.

ગઈ કાલે મારા બાર વરસના ટાબરિયાએ જીદ પકડી કે પપ્પા મને પાંચ ચૉકલેટ લઈ દો, મારે પાંચ જણાને વૅલેન્ટાઇન્સ ગિફ્ટ આપવી છે. મને સબાકો નીકળી ગ્યો કે આ અડધાની મોટર અઢીનું કામ કરશે કે શું? મેં જીદ ઉડાડી કે બેટા, એક તો ઈ મોટેરા માટેનો દિવસ છે, તું ક્યાં પાંચ જણાને વૅલેન્ટાઇન્સ ગણીશ? મારા છોકરાએ જે જવાબ આપ્યો એ અદ્ભુત હતો કે પપ્પા સૌથી પહેલી ચૉકલેટ હું મારી સ્કૂલની બહાર બેસતાં બોર વેચનારાં ડોશીમાને આપીશ, કારણ ઘણી વાર મારી પાસે પૈસા નથી હોતા તોય એણે મને બોર આપ્યાં છે. બીજી ચૉકલેટ

ત્યાં જ ઊભેલા ફુગ્ગાવાળા કાકાને આપીશ, ઘણીવાર ફુગ્ગો લીધા પછી તરત જ ફૂટી જાય તોય કાકા મફત ફુગ્ગો આપી દે છે. ત્રીજી ચૉકલેટ સ્કૂલના પટાવાળાને આપીશ, જે અમને બેલ વગાડીને રોજ ઘરે ભાગવા દે છે. ચોથી ચૉકલેટ સ્કૂલના મેદાન ઉપર મૂકીશ, જે માટીએ અમને જેમ ફાવે એમ રમવા દઈને મોજ કરવા દીધી છે અને પાંચમી ચૉકલેટ મારી મમ્મીને! મારી આંખના ખૂણા ભીના થઈ ગયા કે દોસ્ત, આવી રીતે પણ વૅલેન્ટાઈન્સ ડે ઊજવી શકાય! આવું તો કોઈએ વિચાર્યું પણ નથી. તમે પણ વિચારજો. પરણેલા તમામ પુરુષો જગતના સૌથી મોટા કલાકારો છે. વૅલેન્ટાઈન્સ ડેના દિવસે એ લોકો પોતાની પત્નીને ગુલાબ આપીને રાજી રાખે છે (જેથી એને બીજી શંકા ન જાય). માત્ર માણસોમાં નહીં પ્રેમનું કવરેજ તો પ્રાણીઓમાં પણ વિસ્તર્યું છે. એક કૂતરીએ મચ્છર સાથે આંતરજ્ઞાતીય લવમૅરેજ કર્યાં. પહેલા જ દિવસે બંનેએ એકબીજાને જાદુ કી ઝપ્પી જેવી પપ્પી આપી. કેસ ખલાસ. મચ્છરભાઈ હડકવામાં ગુજરી ગયો ને કૂતરી મૅલેરિયામાં મરી ગઈ. પાત્રો બદલાયાં કરે છે. બાકી બધાયની કરુણ વાસ્તવિકતા આવી જ છે. બટકું ભર્યું એટલે મર્યા, જુવાનિયાવ જાળવીને હાલજો પ્રેમ અને પતનનો રસ્તો ઢાળવાળો છે અને ચીકણો પણ. એક વાર લપસ્યા એટલે ગયા. હેપી વાસી વૅલેન્ટાઈન્સ ડે.



~ હાઉકલી ~

વો આજ ભી હમેં દેખ કે મુસ્કુરાતે હૈં,

યે તો ઉસકે બચ્ચેં હી કમીને હૈં,

જો હમેં મામા કહ કે બુલાતે હૈં.

# પ્રેમ હાલે તો ચાંદ સુધી નહિતર સાંજ સુધી

વિદેશીઓએ પ્રેમપૂર્વક આપણને બટકાવી દીધેલો દિવસ એટલે વૅલેન્ટાઇન્સ ડે. પ્રેમ કોઈ એક દિવસનો મોહતાજ કદી ન હોઈ શકે. આપણે વસંતને વધાવવાવાળી પ્રજા છીએ. વેલ, કુંવારાની અને પરણેલાની બેયની વેદના એક સરખી જ છે. કુંવારા ક્યે છે કે તાજમહાલ બનાવવો છે પણ મુમતાજ મળતી નથી ને પરણેલા ક્યે છે આ મુમતાજ મરતી નથી. ૧૪મી જાન્યુઆરીએ આપણે ગુજરાતમાં જે રીતે રંગીન ઉત્તરાયણ ધાબા ઉપર ઊજવીએ છીએ એ જોઈને જ ધોળિયાએ આપણી કોપી મારી છે ને ૧૪મી ફેબ્રુઆરીએ રંગીન પતંગ જેવા મિજાજથી 'ઢાબા' ઉપર પ્રેમ કરવાનું નક્કી કર્યું હશે. આમ મારા મતે વૅલેન્ટાઇન્સ ડે એ ઉત્તરાયણની પાયરસી છે. પ્રેમ આમ તો શબ્દ જ અવ્યાખ્યાયિત છે છતાં કેટલીક ખાટીમીઠી વાંચેલી વ્યાખ્યાઓ લ્યો મમળાવો :

**લવ ઈઝ બ્યુટીફૂલ (કંડિશન એપ્લાઈડ).**
**પ્રેમ એક એવું ટેન્ડર છે જે સૌથી ઊંચા ભાવે ખૂલે છે.**
**પાણીમાં પડો તો ભીંજાઈ જવાય, પણ પ્રેમમાં પડો તો સુકાઈ જવાય.**
**પ્રેમના જંગલમાં ખૂંખાર સિંહનો શિકાર કોઈ નમણું નાગરવેલ જેવું હરણ કરી નાંખે છે.**
**છોકરાઓ પ્રેમ કરે તો લોફર ગણાય છે ને છોકરીઓ પ્રેમ કરે તો ઑફર.**

પ્રેમ કબીરની વાણીમાંથી સંભળાય છે. ક્રિશ્નની ગીતારૂપે કહેવાય છે. બુદ્ધના મૌનમાં છલકાય છે. મીરાંના કટોરામાં પીવાય છે. નરસૈયાંની કરતાલમાં સંભળાય છે. શગાળશાના ખાંડણિયે ખંડાય છે.

**વો લમ્હા સારે જહાં કી ઈબાદત સે પ્યારા હૈ,**
**જો એક ઈન્સાનને ઈન્સાન કી મહોબ્બત મેં ગુજારા હૈ.**

પ્રેમનો જન્મ સો ટકા ચાઈનામાં જ થયો હશે, કારણ કે ચાઈનાની દરેક વસ્તુનો અને પ્રેમનો બંનેનો એક જ સિદ્ધાંત છે. 'હાલે તો ચાંદ સુધી નહિતર માત્ર સાંજ સુધી...' માટે જુવાનિયાવ લવ કરવો એના કરતા બે વીઘાં ઘઉં કરજો. માબાપને કામ લાગે, પરંતુ આપણી કરુણતા છે આપણે સૌ ઝાડ નીચે પ્રેમ કરીએ છીએ, પરંતુ ઝાડને પ્રેમ નથી કરતા. આંધળા કે લંગડા માણસની મજબૂરીને ચાહીએ છીએ પણ એને નથી ચાહતા.

ગઈ કાલે મારા બાર વરસના ટાબરિયાએ જીદ પકડી કે પપ્પા મને પાંચ ચૉકલેટ લઈ દો, મારે પાંચ જણાને વૅલેન્ટાઈન્સ ગિફ્ટ આપવી છે. મને સબાકો નીકળી ગ્યો કે આ અડધાની મોટર અઢીનું કામ કરશે કે શું? મેં જીદ ઉડાડી કે બેટા, એક તો ઈ મોટેરા માટેનો દિવસ છે, તું ક્યાં પાંચ જણાને વૅલેન્ટાઈન્સ ગણીશ? મારા છોકરાએ જે જવાબ આપ્યો એ અદ્ભુત હતો કે પપ્પા સૌથી પહેલી ચૉકલેટ હું મારી સ્કૂલની બહાર બેસતાં બોર વેચનારાં ડોશીમાને આપીશ, કારણ ઘણી વાર મારી પાસે પૈસા નથી હોતા તોય એણે મને બોર આપ્યાં છે. બીજી ચૉકલેટ

ત્યાં જ ઊભેલા ફુગ્ગાવાળા કાકાને આપીશ, ઘણીવાર ફુગ્ગો લીધા પછી તરત જ ફૂટી જાય તોય કાકા મફત ફુગ્ગો આપી દે છે. ત્રીજી ચૉકલેટ સ્કૂલના પટાવાળાને આપીશ, જે અમને બેલ વગાડીને રોજ ઘરે ભાગવા દે છે. ચોથી ચૉકલેટ સ્કૂલના મેદાન ઉપર મૂકીશ, જે માટીએ અમને જેમ ફાવે એમ રમવા દઈને મોજ કરવા દીધી છે અને પાંચમી ચૉકલેટ મારી મમ્મીને! મારી આંખના ખૂણા ભીના થઈ ગયા કે દોસ્ત, આવી રીતે પણ વૅલેન્ટાઈન્સ ડે ઊજવી શકાય! આવું તો કોઈએ વિચાર્યું પણ નથી. તમે પણ વિચારજો. પરણેલા તમામ પુરુષો જગતના સૌથી મોટા કલાકારો છે. વૅલેન્ટાઈન્સ ડેના દિવસે એ લોકો પોતાની પત્નીને ગુલાબ આપીને રાજી રાખે છે (જેથી એને બીજી શંકા ન જાય). માત્ર માણસોમાં નહીં પ્રેમનું કવરેજ તો પ્રાણીઓમાં પણ વિસ્તર્યું છે. એક કૂતરીએ મચ્છર સાથે આંતરજ્ઞાતીય લવમૅરેજ કર્યાં. પહેલા જ દિવસે બંનેએ એકબીજાને જાદુ કી ઝપ્પી જેવી પપ્પી આપી. કેસ ખલાસ. મચ્છરભાઈ હડકવામાં ગુજરી ગયો ને કૂતરી મૅલેરિયામાં મરી ગઈ. પાત્રો બદલાયાં કરે છે. બાકી બધાયની કરુણ વાસ્તવિકતા આવી જ છે. બટકું ભર્યું એટલે મર્યા, જુવાનિયાવ જાળવીને હાલજો પ્રેમ અને પતનનો રસ્તો ઢાળવાળો છે અને ચીકણો પણ. એક વાર લપસ્યા એટલે ગયા. હેપી વાસી વૅલેન્ટાઈન્સ ડે.



~ હાઉકલી ~

વો આજ ભી હમેં દેખ કે મુસ્કુરાતે હૈં,

યે તો ઉસકે બચ્ચેં હી કમીને હૈં,

જો હમેં મામા કહ કે બુલાતે હૈં.

# એકાંત અને શાંતિનો સૌથી મોટો દુશ્મન મોબાઈલ

સુપ્રીમના જજ ગાંગુલીસાહેબે રિટાયરમૅન્ટના છેલ્લા દડે સિક્સર મારી. ટેલિકોમનાં અધધધ ૧૨૨ લાઈસન્સ કૅન્સલ કર્યાં. મરદના ફાડિયા જેવો તાકાતવાળો ચુકાદો સાંભળી 'ખુશ્બૂ' લઈ ચકો મારા આંગણે ફરી દોડી આવ્યો કે હેં સાંઈ આ ગાંગુલીભાઈએ ૧૨૨ લાઈસન્સ કૅન્સલ કર્યા તો હજી જીવતાં કેટલાં રહ્યાં? ક્યાંક આ માથાઝીંકમાં મારા છકડાનું ડ્રાઈવિંગ લાઈસન્સ તો રદ નહીં થાય ને? મેં કહ્યું ચકા, સરકારને તારા કરતાં મોટા ડાઘિયા પકડવાના બાકી છે. યે તો ટ્રેઈલર હૈ પિક્ચર અભી બાકી હૈ.

બે મિનિટ માટે તો મને ભયંકર કલ્પના આવી ગઈ કે આઈડિયાના બધાય આઈડિયા પાણીમાં જશે? લૂપ ટેલિકોમ ચૂપ થશે? ટાટાની ટેલીને ખરેખર બાયબાય ટાટા કેવું પડશે? સ્વાનવાળા શ્વાનની જેમ હાંફવાં લાગશે? એટિ સલાટને થપાટ લાગશે? ને યુનિનૉરને આ જૂના નહોર લાગશે તો? જૂની નવી બધી મોબાઈલ કંપનીઓનું અકાળે અવસાન થાય તો? ઈમેજ ઈટ. BSNL સિવાય કોઈનું અસ્તિત્વ જ ન રહે તો? BSNLનાં ત્યજી દીધેલાં ડબલાં મેળવવા ફરી ધિંગાણાં થાય. એક ત્યક્તા સાથે પુનર્લગ્ન કર્યાં પછી જેમ એને પરાણે ચાહવી પડે એમ ફરી પાછી પી.પી. સેવાઓ ઉપલબ્ધ થાય. (PP ફુલ ફોર્મ પાડોશીની પત્તર ખાંડો છે.) BSNL લેન્ડલાઈન તરીકે શ્રેષ્ઠ સેવા છે, પરંતુ મોબાઈલમાં હું કાયમ રમૂજમાં કહું કે BSNL બહાર શેરીમાં નીકળો ત્યારે લાગે. ચકાએ એકાદ વ્યથા વ્યક્ત કરી કે સાંઈ આ BSNL કંપનીવાળા મને ધમકી આપે છે મેં પૂછ્યું શેની? ઈ કહે છે કે બિલ નહીં ભરો તો કાપી નાંખશું.

પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા એક જણાએ શેઠને કહ્યું કે દસ હજાર ઊછીના આપો નહીંતર ત્રણ કંપનીવાળા મારી વાંહે પડયા છે. શેઠને ધ્રાસકો પડયો કે કઈ ત્રણ કંપનીવાળા? નોકરિયાત ક્યે આ BSNLવાળા, PGVCLવાળા ને રાજકોટ કૉર્પોરેશનવાળા. (ત્રણેયનાં બિલ બાકી છે) મોબાઈલ ફોન એક અદ્ભુત શોધ છે, પણ અત્યારે અનિવાર્ય અનિષ્ટ બની ગઈ છે. તમારા એકાંત અને શાંતિનો સૌથી મોટો દુશ્મન તમારો મોબાઈલ છે. યાદ રાખજો, મોબાઈલથી સંબંધો ટકે છે, પરંતુ અનુભવાતા નથી. એક SMS તમારી વાતને વિસ્તારી શકે છે. તમારા વ્યક્તિત્વને હરગિજ નહીં ટાઈટેનિકની જેમ બધી કંપનીઓ જો ડૂબી જાય તો પછી લોકો પોતાના સદ્ગત મોબાઈલના ઈન્સ્ટ્રુમેન્ટને જીવની જેમ સાચવી રાખશે. મોબાઈલ સાથે જોડાયેલી તમામ વાતોને લોકો એક ભવ્ય ભૂતકાળની જેમ વાગોળશે. મોબાઈલના પ્રથમ ગાહકનું દરેક જ્ઞાતિ અને શહેર જાહેરમાં સન્માન કરશે. લોકો પોતાના બંધ પડી ગયેલા મોબાઈલને ચાંદલો કરી પૂજામાં મોહેંજો દડોના અવશેષની જેમ સાચવી રાખશે. હાઈટ ઑફ ધ સ્ટોરી : એવું થાશે તો ઘરમાં બા કે બાપુજી ગુજરી જાય ત્યારે એના ફોટાના બદલે શોકેસમાં બા કે બાપુજી વાપરતા એ મોબાઈલ રાખવામાં આવશે. બાપુજીના બેસણામાં પણ લોકો બાપુજી કેવી રીતે મોબાઈલ વાપરતા અને કેવા કેવા મૅસેજ ગામને ફોરવર્ડ કરતા એની જ વાતો થાશે. બાને આખી જિંદગી કોલ ડાયલ કરતાં ને મોબાઈલ સાઈલન્ટ કરતાં ન આવડ્યું એનો

રંજ સંતાનો જાહેરમાં ઉઠમણામાં પ્રગટ કરશે.

લોકો વોડાફોન અને આઈડિયાનાં બોર્ડ જોઈને રીતસર રડી પડશે. અરે રે... કેવી સરસ કંપનીઓ હતી! વોડાફનેનનું વાંહે દોડતું ગલૂડિયું સૌના સપનામાં આવશે. એ ગલૂડિયાની શ્રદ્ધાંજલિના જાહેર ડાયરાના પ્રોગ્રામો થાશે.

ઐશ્વર્યાપતિ અભિષેકભાઈનો એક પણ આઈડિયા એની કંપનીને બચાવી ન શક્યો. એનાં મરસિયાં ગવાશે. એરટેલવાળા ગાયા કરે છે કે 'હર એક ફ્રૅન્ડ જરૂરી હોતા હૈ' એને કોક તો સમજાવો કે એના માટે નેટવર્ક પણ જરૂરી હોય છે. પણ લાઈસન્સો રદ થાશે તો તો પછી નેટવર્ક જ નહીં હોય. યાર ચોતરફ મિત્રો જ હશે.

શેરીએ શેરીએ લાગેલાં બિલાડીના ટોપ જેવાં ટાવરો નીચે લોકો 'મોબાઈલ દેવ'ની માનતા કરશે. પ્રભુના દસમા અવતારની જેમ સમગ્ર દેશ ફરી મોબાઈલ જીવંત થાવાની માનતા રાખશે. સફરજન ફોન અને કાળાં બોર ફોન (એપલ અને બ્લેકબેરી) વાપરનાર આજીવન આ ફ્રૂટની બાધા લેશે ને જામફળ ખાઈને રોળવશે. મોબાઈલ વગરની દુનિયા કેવી કરુણ કૉમેડી સર્જે એ વિચારજો.

# શરદી શિયાળાની મેહબૂબા

પહેલાંના લોકો વાતે વાતે ભગવાનનું નામ લેતા. સૂવામાં, ઊઠવામાં અરે છીંક ખાય તો'ય હક છી... પછી તરત જે માતાજી! કે પછી હક છી... હે હરી...! વગેરે વગેરે જેવી લોકો સાત્ત્વિક છીંક ખાતા. અત્યારે તો આપણે છીંક પણ મૉડર્ન ખાવા લાગ્યા. હક છી.. Excuse me please... કે પછી હક છી... I am sorry અંગ્રેજી આપણા મગજમાં ચડીને નાક સુધી પહોંચી ગયું છે. ને હા આ છીંકથી યાદ આવ્યું કે આ વખતે આપણે ત્યાં ખૂબ ઠંડી પડી અને ચૌરે ચૌટે, ચોકે ચોકે, રાત દિવસ સૌના હોઠે બસ એક જ વાત ચાલી કે અહા...

ઠંડી કેવી છે! શિયાળો સોળે કળાએ ખીલ્યો છે. શિયાળાનું આવું ઝેરી સ્વરૂપ ને રૌદ્રરૂપ ગુજરાતીઓએ કદી નથી જોયું. ૯૦ ટકા લોકોના નાકમાંથી શેડા વહે છે કે શેડામાંથી નાક એ કહેવું મુશ્કેલ છે. આંખ લાલ હોય તો સમજી શકાય છે કે આ ભાઈ ગુસ્સામાં હશે, પણ નાક લાલ હોય તો??? ચોક્કસ સમજવું કે નાકના ફોયણાઓ દર સાતમી મિનિટે લૂછવા આવતા કોટનના રૂમાલ પર ગુસ્સે ભરાય છે. રાજકોટમાં ૬૦ અને નલિયા કચ્છમાં ૦૦ ડિગ્રીના વાવડ વાંચીને અતુલ મને ક્યે, મને પરીક્ષામાં શૂન્ય માર્ક આવતા તો મારા બાપા ખિજાતા ને આ શિયાળો શૂન્ય ડિગ્રીએ પહોંચે તો એને કોઈ ખિજાવાવાળું નથી. મેં કીધું અતુલ શિયાળાને ન ખિજાવાય નહિતર આ વાયડો શિયાળો માઈનસમાં ચાલ્યો જાય. અતુલ ક્યે ભલે ને જાતો ઈ માઈનસમાં, જશે તો આપણે ગળે પ્રાઈમસ સળગાવીને સાઈનસ ખોલશું. મારા મતે શરદી એ શિયાળાની મહેબૂબા છે અને ગની સ્ટાઈલમાં દિવસો જુદાઈના જાય છે એ ગઝલની હળવીફૂલ પેરોડી કોઈ ફૂલ શરદીવાળો કવિ બનાવે તો...

દિવસો શિયાળાના જાય છે,
એ જશે જરૂર ઉનાળા સુધી.

મારું નાક ઝાલીને લઈ જશે,
મને શરદીથી તડકા સુધી.

તમે નાકરાણીના હીમ સમ,
અમે તો શિયાળાની ધાબડી,
તમે સાથ દો બસ ત્રણ દિવસ,
અમે ખંભે રહીયે ભડકા સુધી...દિવસો....

સળેખમ સતત જો વધ્યું ઘણું.
અને હાથરૂમાલ જડ્યો નહીં,
પછી હાથથી ભીંત ચીતરી,

છીંકતા રહ્યા ભળકડા સુધી...
દિવસો શિયાળાના જાય છે...

શરદીને રોગ ગણવો કે રોગનું લક્ષણ આ મુદ્દો આદિકાળથી કાશ્મીર જેટલો જ પેચીદો છે.

શરદી અને પત્ની : આ બંનેમાં સામ્યતા ઘણી છે. બંને મગજની નસો ખેંચવા માટે સક્ષમ છે.

શરદી અને વર્દી : આમ તો ભળતા શબ્દો છે, પણ આમેય ન ક્યારેય કોઈના થ્યા છે કે ન થવાના.

શરદી અને ગર્દી : આ બંને હંમેશાં ગૂંગળામણ પેદા કરે છે.

શરદી અને દર્દી : આ બેઉ સદા લાચાર ને નિ:સહાય અવસ્થામાં જોવા મળે છે.

ઠંડાં પીણાં અને બરફ એ શરદીનાં માતા–પિતા છે. કોકાકોલાના ઢાંકણા જેવા ગળફા એ શરદી અને શિયાળાનાં સંતાનો છે.

આ હિસાબે આઈસક્રીમ એ શિયાળાનો સગો સાળો અને શરદીનો સગો નાનો ભાઈ થાય છે. દરેક શહેરમાં અમુક લોકો ઠંડીમાં આઈસક્રીમ ખાઈને સીન કરે છે કે અમે ઠંડીથી ડરતા નથી, પરંતુ સાળાના પક્ષમાં જનારા આવા હરખપદુડા પ્રદર્શનકારીઓનો શિયાળો અઠવાડિયા પછી છીંકવી છીંકવીને વારો પાડી દે છે.

શરદી નામની ચીજને ઍલોપેથીવાળા ડૉક્ટરો સાઈનાઈટીઝના નામથી પુકારે છે. ભારતનું પૌરાણિક આયુર્વેદ શરદીને 'પ્રતિશ્યાય' કહીને સંબંધે છે. શિતોપલાદી, તલીસાદી, અદ્રક સ્વરસ, ખદીરાદીવટી, લવંગડીવટી આમાંથી કોઈ પણ વટીઓ પી લેવાની છૂટ કે પછી ઍલોપથીની કોઈ પણ ટૅબ્લેટ, સિરપ ફાકી જુઓ કે પછી ગંજીમાં પીળાં ધાબાં પડી જાય ત્યાં સુધી ટાઈગર બામના થથેડા છાતીએ લગાવી જુઓ કે પછી કોઈ અઘોરીની જેમ સ્મશાનને બદલે રસોડામાં પદ્માસનવાળીને માથે ધાબળો ઓઢીને નાસ લઈ લેવાની છૂટ...! આ પ્રતિશ્યાય જ્યારે મગજની મહેમાન બને છે ત્યારે નાક અખંડ, અવિરત અને એક અલ્લડ છોકરીની જેમ વહે છે... વહે છે... અને વહે જ છે. શિયાળામાં જ્યારે શરદી એના મહેબૂબને ગળે મળે છે ત્યારે દરેક દર્દીનો અવાજ પાર્શ્વગાયક મૂકેશ જેવો દદીર્લો બની જાય છે ને બધા જિતેન્દ્ર જેવું મોઢું કરી ગાવા લાગે છે કે –

સળેખમ કી રાત આ ગઈ,
કોઈ છીંક ખાને દો,
છીંકો ....ઓ ...રે જોર જોર સે...!

મને ભયંકર શરદી થઈ છે એટલે આખો લેખ શરદીની બહાર ન ગ્યો.

# માણસો ફોટા શું કામ પડાવે છે?

ફોટો અને વીડિયો એ કોઈ પણ પ્રસંગનાં બે ફેફસાં થઈ ચૂક્યા છે. પોતાના જીવનથી અને દુનિયાથી કે ઈશ્વરથી અનેક ફરિયાદો ધરાવતો સોગિયા મોઢાવાળો માણસ પણ જ્યારે ફોટો પડાવે છે ત્યારે એક સેકન્ડ માટે જરૂર સ્માઈલ આપે છે. વિચારવા જેવું એ છે કે એક સેકન્ડના સ્માઈલથી ફોટો સારો જ આવતો હોય છે તો જીવનભર હસતા રહે એનું જીવન કેટલું મસ્ત રહે?

ફોટાવાળા, વીડિયોવાળા, મંડપવાળા અને ડાયરાવાળા. અમારે સૌને દેરાણી-જેઠાણી જેવું ભળે છે. આયોજકો બદલાતા હોય છે. અમે તો અબ્રાહમ લિંકનની જેમ સ્થિતપ્રજ્ઞ ઈના ઈ જ હોઈએ છીએ. એ એક પ્રોગ્રામમાં એક ફોટોગ્રાફર ભાઈ 'મોટો કાફર' નીકળ્યો. મારા બાવીસ ફોટા પાડ્યા એટલે મને સહેજે શંકા ગઈ, કે મારાં લગ્નના આલબમમાં મારા કુલ સત્તર ફોટા છે ને એ ભાઈ કેમ આટલા બધા ભાવથી ફોટા પાડે છે. હોંશે હોંશે મેં પૂછયું, વહાલા કેમ આટલા બધા ફોટા પાડ્યા? ફોટાવાળો ક્યે, માફ કરજો સાહેબ, મારા નાના બાબાને 'બાઘડા'થી બીવડાવવા માટે આપના બાવીસ ફોટા પાડ્યા છે. હું સમી સમી ગયો. પછી મેં પણ એ ફોટાવાળાનાં વખાણ કરતી એક શાયરી જાહેરમાં ઠપકારી કે :

એ ફોટોગ્રાફર તુમ તસ્વીર તો હમારી ખીંચ લેતો હો, મગર એક બાત બતાઓ કી હરબાર આંખ ક્યું મીંચ લેતો હો?

બુદ્ધિના લઠ જેવા ભાઈબંધ ચકાએ કાલે મને આવીને કહ્યું કે એક હજાર રૂપિયા ઝટ ઊછીના લાવો ને? મેં કીધું કેમ? ચકો ક્યે એક્સ-રે પડાવવો છે. મેં વળી પૂછ્યું, ભાઈ ચકેશ, એક્સ-રે માત્ર રૂા. ૨૦૦ માં પડે છે એમાં હજાર શું કામ માંગે છે? ચકાએ ખતરનાક જવાબ આપ્યો કે, સાંઈ ઈ તો મનેય ખબર છે પણ ડૉક્ટરે કીધું કે એક્સ-રેનો ફોટો સારો આવ્યો છે. એટલે મને એમ થયું કે લાવ પાંચેક ફોટા હોય તો લગનમાં બતાવવા થાયને. મેં ચકાને કાંઈ જવાબ આપવાનું માંડી વાળ્યું ને ભગવાનને બસ પ્રાર્થના કરી કે આને સદ્બુદ્ધિ આપજે.

માણસો ફોટા શું કામ પડાવે છે? આ એક યક્ષપ્રશ્ન છે. અમુક લોકોને ફોટા પડાવવાનો શોખ હોય છે અને અમુક લોકોને તો રીતસર ફોટા પડાવવાનો 'રોગ' હોય છે. ફોટા પ્રેમી આત્માઓ પિતૃની જેમ સદા ભૂમંડળમાં ભટકતા હોય છે. છાપામાં પોતાનો ફોટો આવે એના માટે ઘણા લોકો લાખોના ખર્ચા કરે છે. સમાજમાં એવી ઘણી બધી સેવાઓ અને સંસ્થાઓ છે જે માત્ર 'ફોટાભિમુખ' હોય છે. જો ફોટા પડતા ન હોત તો અડધોઅડધ સમાજસેવા સંસ્થા હોત જ નહીં એવું મારું દૃઢપણે માનવું છે. ઘરના કોઈ પણ પ્રસંગ ટાણે સૌથી પહેલાં ફોટાવાળાને બુક કરાય છે અને સૌથી છેલ્લે એનું બિલ ચૂકવાય છે. ટટ્ટાર ઊભા રહીને હસતા મોઢે જ ફોટા પડાવવાની આપણી ગુજરાતીઓની જૂની સુટેવ છે.

અમુક લોકો તો ફોટા પડાવતી વખતે એટલા હસે છે કે આપણને એમ લાગે કે જાણે કોઈ નવી ટૂથપેસ્ટની જાહેરાતમાં ઊભા ન હોય! અમુક લોકો ફોટો પડાવતી વખતે સ્પ્રે અવશ્ય છાંટે છે (જાણે કેમ ફોટામાંથી સુગંધ આવવાની હોય)! અમુક પતિ-પત્ની તો માત્ર ફોટામાં જ

સાથે હોય છે. બાકી તો જીવનભર બથોબથ લડતાં જ રહે છે. આજથી વીસ વરસ પહેલાં અમારા ગામડાનો એક નવો નવો ફોટોગ્રાફર સ્માઈલને બદલે 'ઈસ્માઈલ' જોરથી બોલતો એ મને હજુ સાંભરે છે. ગામનો એ પહેલો ફોટોગ્રાફર હતો. એણે લીધેલો નવો કૅમેરો જોવા માટે અડધા ગામે સસ્તા ભાવે એક એક ફોટો પડાવ્યો હતો. એ ફોટોગ્રાફર પોતાના નવા કૅમેરાને ઘરવાળી કરતાં વધુ સાચવે. પરિણામ એ આવ્યું કે એની ઘરવાળી એક રાતે એનો નવો કૅમેરો લઈને ગામના એક જુવાન છોરા સાથે ભાગી છૂટી. 'ડોશીમાનાં દોરી ને લોટો બેય ડૂબ્યાં' કહેવત અમે માત્ર સાંભળી હતી પણ વર્ષો પહેલાં રૂબરૂ નિહાળી હતી. નેકસ્ટ ડે હોળી હતી. આ ફોટોગ્રાફરે ગુસ્સે ભરાઈને પોતાની પત્નીના તમામ ફોટા એ હોળીમાં પધરાવ્યા હતા. ગામ માટે હોળી હતી પણ એના માટે તો 'હૈયાહોળી' થઈ'તી. ફોટો આમ તો બહુ મોટો વિષય છે, પરંતુ એક છોકરીને કોઈના આલબમનું પાનું બનતાં ક્યાં વાર લાગે છે? માત્ર પ્લાસ્ટિકિયા સ્મિતવાળા જ નહીં જીવનમાં થોડાક ફોટા જેવા છો એવા પણ પડાવજો.



~ હાઉકલી ~

એ છોકરી જ્યારે જ્યારે અમારી શેરીમાં નીકળે છે, ત્યારે ત્યારે શેરીના જુવાનિયાની આંખ્યુંમાં દારૂગોળો ભરાઈ જાય છે. અમારી શેરીમાં માત્ર બે જ તહેવાર ઊજવાય છે. એ છોકરી નીકળે તો દિવાળી અને ઈ ન નીકળે તો હોળી!

# દો બુંદ જિંદગી કી!

બે ત્રણ સમાચારોથી હું હમણાં ખૂબ રાજીનો રેડ-યેલો-બ્લૂ થઈ ગ્યો છું. સૌ પ્રથમ તો ભારત પોલિયોમુક્ત રાષ્ટ્ર જાહેર થયું. પોલિયાએ પોરો લીધો એનો હાશકારો રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પછી સૌથી વધારે અમારા ગુજરાતના પ્રાથમિક શાળાના શિક્ષકોએ અનુભવ્યો.

છેલ્લાં તેર વર્ષથી અમે શિક્ષકોએ પ્રાથમિક શાળાઓમાં પોલિયોનાં બૂથને જીવતાં રાખ્યાં છે. એ તો તમને ખબર જ હશે લગભગ નેવું ટકા રાષ્ટ્રીય કામગીરી પ્રાથમિક શાળાના શિક્ષકોએ પૂરી કરવાની હોય છે. વસ્તીગણતરી, આર્થિક ગણતરી, મતદાર યાદી કે ચૂંટણી કે પછી પોલિયો આમાંથી સમય વધે તો તાલીમો અને વિજ્ઞાનમેળાઓ અને ઉત્સવો કરવાના અને એ પછી જો સમય વધે તો અમારે બાળકોને ભણાવવાનાં!

મને બરાબર યાદ છે કે સૌથી પહેલું પોલિયાનું બૂથ મારી નિશાળમાં ખૂલ્યું ત્યારે અમને વિધિવત સરકારી નર્સોએ પોલિયોનાં ટીપાં કઈ રીતે પીવડાવવાં એની ટ્રેનિંગ આપી હતી. બે વેઢા જેટલી વેક્સિન ખોલવામાં મને બાવીસ મિનિટ થઈ હતી. નાની નાની શીશીઓથી મોટાં મોટાં ટાબરિયાંને ટીપાં પીવડાવવાનું કામ અઘરું હતું. એ દિવસોમાં અમે માસ્તરોએ અમારા છોકરાંવને કોઈ દી' દવાના એકેય ટીપાં નહોતાં પાયાં, ને તરત રાષ્ટ્રીય કામગીરીના ભાગરૂપે આખા ગામનાં છોકરાંવને ટીપાં પીવડાવવાં પડ્યાં.

આપણા દેશમાં સરકાર તરફથી મફત મળતું હોય તો ઝેરનાં ટીપાં પણ પીવા અમુક લોકો તૈયાર થઈ જાય છે. આ તો પોલિયોનાં ટીપાં હતાં. નિશાળમાં બૂથ ખૂલ્યું એ ભેગી હિપોપૉટેમસ આકારની બાવીસ મહિલાઓ એનાં ગલૂડિયાં જેવા સંતાનોને ખોળામાં લઈને લાઈનસર બેસી ગઈ. મેં જીવનનું અને જુવાનીનું પેલું ધર્મસંકટ તે દિવસે આ પોલિયોના બૂથ પર અનુભવ્યું. ટીપાં ઝીલવા માટે દરેક માતા પોતાના બાળકનું મોઢું દબાવીને ખોલે હવે ઈ જ ટાણે બે વેઢાની પોલિયોની શીશીયું હું દબાવું ને એમાંથી ટીપાં હેઠે ન પડે. જંઈ ટીપાં પડે તંઈ છોકરાં મોઢું બંધ કરી ધે, પાંચેક વાર મેં ટ્રાય કરી. ટીપાં બાળકનાં પેટમાં પોગ્યા જ નહીં. માત્ર એના હોઠ ઉપર પોલિયોની લિપસ્ટિક થઈ. માંડ માંડ બધું મેળે આવ્યું ત્યાં છોકરાની નજર મારી દાઢી ઉપર ગઈ અને એને એમ થ્યું કે આ કોક દાઢીવાળો બાવો મને કાંઈક પાઈ દેશે એટલે છોકરાએ ભેંકડો તાણ્યો. ઘડીક તો મને એમ થયું કે આ બધી વૅક્સિન હું પી જાઉં (જેથી માનસિક વિકલાંગતા ન આવે) કંટાળીને ઈ માતાઓએ કીધું કે લાવો સાહેબ અમને આ શીશીયું આપી દો. અમે પાંચ બાઈયું ઘરે જઈને અમારા છોકરાને ગમે એમ ટીપાં પાઈ દેશું. ત્યારે અણ્ણા હઝારેનું આંદોલન સમેટાઈ ગયા પછી જેટલો હાશકારો વડાપ્રધાનને થ્યો'તો એટલો હાશકારો મેં અનુભવ્યો.

આ એક રાષ્ટ્રીય કામગીરી પતાવી ત્યારબાદ વસ્તી ગણતરીનો મારો ઑર્ડર આવ્યો. મેં ગોંડલના નકશામાં પણ નહોતી જોઈ એવી શેરીઓ રૂબરૂ મારા સગા પગે ચાલીને જોઈ. આખા શહેરની અંતરિયાળ શેરીઓમાં માસ્તરો પ્લેગની જેમ ફાટી નીકળ્યા ને મા-બાપ વગરના

છોકરાંઓ રખડતાં હોય એમ ઘરે ઘરે જઈ અમે ફલાણાભાઈ અને ઢીંકણાભાઈના વિસ્તારમાં પહોંચી એના 'વસ્તાર'ની માહિતીઓ એકઠી કરતાં'તાં. એમાં એક બેનને એમના સંતાનની જન્મતારીખ મારાથી પુછાઈ ગઈ. એ બહેને થોડુંક વિચારીને મને કહ્યું કે સાહેબ, આ પાડોશમાં શંભુકાકાની ભીંત પડીને ત્યારે જ આ છોકરો જન્મ્યો હતો. હું ગોટે ચડ્યો. મેં વળી પૂછયું કે બેન, શંભુકાકાની ભીંત કઈ સાલમાં પડી'તી? ઈ ક્યે બસ અમારી ભેંસ વિયાણી ત્યારે. હવે યાર આને કોણ સમજાવે કે આ શંભુકાકાની ભીંતનું પડવું અને તમારી ભેંસનું વિયાવું એ કોઈ ઈતિહાસની અવિસ્મરણીય ઘટનાઓ છે? આ કોઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ન્યૂઝ છે કે તમામ ચૅનલોએ આની નોંધ લીધી હોય? થાકીને ઈ બેન કહે તો હવે સાહેબ તમે મોઢું જોઈને ઠીક લાગે ઈ તારીખ લખી નાંખો અને અમનેય ઈ તારીખ કહી ધો એટલે બીજા સાહેબ પૂછવા આવે તંઈ અમેય ઈ જ લખાવીએ. વસ્તીગણતરી ગમે એટલી વાર કરીએ સાચા આંકડા ટુ જી સ્પેકટ્રમ કૌભાંડની જેમ બહાર આવી જ ન શકે, કારણ કે દર મિનિટે આપણા દેશમાં ૪૮ બાળકો જન્મે છે. તમે આ લેખ પૂરો કરશો ત્યારે પણ ૪૮ જન્મી ચૂક્યા હશે (અને ક્યાંક ક્યાંક જોડિયાં બાળકો ટપકે છે ઈ બોનસમાં....) જો કે પાકિસ્તાનમાં ઝાઝા ભાગે જોડિયાં છોકરાંવ જ જન્મે છે. કદાચ બિચાકડા એકલા જન્મતાં પણ ડરતા હશે. સૌથી પે'લાં લગનમાંથી ડોલીઓ મુકત ભારત થયું. પછી ડબલબેડ પલંગ આવતા ઢોલિયા મુક્ત ભારત થયું. આ વર્ષે 'પોલિયા મુક્ત' ભારત થયું ને ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આવતા વર્ષમાં આતંકવાદીઓની 'ગોલીઓ મુકત' ભારત થાય!

# પ્રાથમિક શાળાની પરીક્ષાઓ

દેશનાં પાંચ રાજ્યોમાં રાજકારણની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ ને ગુજરાતમાં બોર્ડની પરીક્ષાનો ગરમ માહોલ ઠંડો પડયો. ઉત્તરપ્રદેશમાં તો સાઈકલે હાથીને હડફેટે લીધો. પંજાને આગલા ટાયરના આરામાં મઈડી નાંખ્યો ને કમળની પાંખડીઓ પાછલા ટાયરની ચેઈનમાં ફસાઈ ગઈ. મુલાયમનો ઉત્તરપ્રદેશ અખિલેશનો 'પુત્તર પ્રદેશ' થઈ ગઈ ગયો. વેલ, આ રાજકારણમાં તો પાંચ વર્ષે પરીક્ષા આવે છે, પરંતુ આ વિધાર્થીઓ(સૉરી... ગરીબડા પરીક્ષાર્થીઓ)ને તો દર વર્ષે વાર્ષિક પરીક્ષા આપવી પડે છે. આ વર્ષની બોર્ડની ઍક્ઝામની હાઈલાઈટ ઈ હતી કે HTATના ૧૭ ટકા રિઝલ્ટથી હતાશ થયેલા પ્રાઈમરી શિક્ષકો (નાપાસ થયેલા આચાર્યો) બાર સાયન્સના વિધાર્થીઓનું કાળજા પર પથ્થર મૂકીને સુપરવિઝન કરતા હતા.

નાનપણમાં લગભગ દરેક બાળકને ત્રણ વસ્તુથી બિવડાવવામાં આવે છે : (૧) બાઘડો (૨) સત્તરશિંગો (૩) પરીક્ષા. આમાં બાઘડા અને સત્તરશિંગાની બીક તો સમય જાતાં ઊડી જાય છે. કિન્તુ સમજણા થ્યા ત્યારથી આ સાલ્લી પરીક્ષાની બીક મગજના સંતુલનની રિક્ષા ખોરવી નાંખે છે. બ્લુટૂથ અને વાયરલેસ ચોરીઓના હાઈટેક જમાનાને પચીસ વર્ષ રિવાઈન્ડ કરો તો ડાયનાસોરના અવશેષની જેમ ચોરી કરવાના નાજુક નુસખાઓ મળી આવે છે. યાદ કરો એ પ્રાથમિક શાળાની પરીક્ષાઓ....

હાથની હથેળીમાં ખાલી જગ્યા લખીને જાતા. પગનાં મોજાંનો ઉપયોગ મોહેંજો દડોની ટૂંકી નોંધ સાચવવા થતો. છોકરીઓના રૂમાલમાં ઈતિહાસની સાલવારી નીકળતી.

વર્ષો પહેલાં ગામડાંમાં છોકરીઓ નીચે ચણિયો ને ઉપર શર્ટ પહેરતી. એ ચણિયાની ઝૂલમાં કવિતાની કાપલીઓ સાચવીને સીવી લેવામાં આવતી.

અમુક ભેજાંબાજો પરીક્ષાના આગામી દિવસોમાં શાળાનાં શૌચાલયમાં પરીક્ષાની સામગ્રીઓ સંતાડી આવતા. પરિણામે માત્ર પરીક્ષા દરમિયાન જ શૌચાલયમાં છોકરીઓનાં નામની ચિઠ્ઠીને બદલે મુદ્દાલ રાજાઓની ચિઠ્ઠીઓ નજરે ચડતી. અમારો બુદ્ધિનો લઠ્ઠ ચકો પરીક્ષાનું નામ પડે એટલે લાદેનના નામથી જેમ બુશ ધ્રૂજતો એમ રીતસર ધ્રૂજવા લાગતો. ચકાની પરીક્ષાની આ ચીડ અને સતત નાપાસ થવાની વૃત્તિ વંશ પરંપરાગત મળેલી. ચકાએ ઈતિહાસના એક તાસમાં જ્યારથી જાણ્યું કે આર્યભટ્ટે શૂન્યની શોધ કરી છે ત્યારથી એને મનમાં એવો વહેમ પડ્યો'તો કે આ આર્યભટ્ટે નક્કી મારા બાપુજીનું પેપર તપાસતી વખતે જ શૂન્યની શોધ કરી હશે! અમે બધા ખૂબ સાંત્વના આપીને એને સમજાવતા કે આ આર્યભટ્ટ અને તારા બાપાને ભણાવતા એ ભટ્ટસાહેબ બેય એક જ વ્યક્તિ નથી, પણ અમારું માને કોણ?

ચકાનાં પેપર તપાસવાં ઈ પણ શિક્ષકો માટે ચૅલેન્જ હતી. ક્રિકેટનો નિબંધ પુછાય તો ચકો આખા પેજ નીચે એક જ લીટી લખતો કે વરસાદને લીધે મૅચ બંધ રાખેલ છે. સમ્રાટ અશોકની ટૂંકનોંધમાં એ પોતાના અશોકકાકાનું સમ્રાટપણું લખતો. હડપ્પા વિશેના સવાલમાં

એ ગામમાં હડકવા કોને અને કેવી રીતે થયો એનું વર્ણન લખતો. રાષ્ટ્રીય રમત હોકી વિશે ચકાએ લખેલું કે આ હોકી રમવા કરતાં બઘડાટી બોલાવવામાં વધુ ઉપયોગી છે. શિયાળાની સવાર માટે એણે લખેલું કે હું શિયાળામાં સવારે ઊઠતો જ નથી માટે શું લખું?

ચકો આ રીતે નિબંધના જવાબ એક વાક્યમાં આપતો અને એક વાક્યના જવાબ નિબંધમાં લખતો. મોટા પ્રશ્નોના જવાબમાં ચકો હંમેશા એની ફેવરિટ ફિલ્મ 'તેજાબ'ની માધુરી અને અનિલ કપૂરની લવસ્ટોરી હિસ્ટોરિક રીતે ગોઠવી કાઢતો.

દા.ત., પ્રશ્ન : ટુંડ્ર પ્રદેશ ક્યાં આવેલો છે?

તો ચકાનો જવાબ : ટુંડ્ર પ્રદેશ અનિલ કપૂરના વાંહામાં પથરાયેલો છે.

પ્રશ્ન : ચંદ્રગ્રહણ ક્યારે થાય છે?

ચકાનો જવાબ : ચંદ્રગ્રહણ જેવા મુખવાળી માધુરીને જ્યારે તેજાબમાં લોટિયા પઠાણ ઉપાડી જાય છે અને એક દો તીન... અધૂરું રહી જાય છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે.

ચકા પાસે એક જ વસ્તુ હતી ને ઈ છે કૉન્ફિડન્સ. એક જ 'તેજાબ'ની સ્ટોરીને તે સાતે સાત વિષયમાં ઢાળીને લખી શકતો. આમ અંતે કોઈ હિસાબે એક પણ વિષયમાં પાસ થાય એમ ન હોવા છતાં સંસ્થામાં રાખવો જોખમકારક હોવાથી સંસ્થાએ એની તેજાબી આવડતને સન્માની એને પાસ કરી દીધો. ઍન્ડ વેલ, કોઈને કહેતા નહીં અટાણે ચકો ફિલ્મો જ લખે છે.

બાકી સર્વે પરીક્ષાર્થી અને તેના વાલી જોગ મારું નમ્ર નિવેદન, કે બિલ ગેટ્સ એક પણ વિષયમાં ટૉપર્સ નહોતો. છતાં આજે દુનિયાના તમામ ટૉપર્સ એને ત્યાં લાઈનમાં ઊભા છે. રિલેક્સ ઍન્ડ ઍન્જોય.



~ હાઉકલી ~

સૌથી મોટો પરીક્ષક તો ઈશ્વર છે. જે પેપર આપ્યા વગર કે IMPની હીંટ આપ્યા વગર ગમે ત્યારે વાર્ષિક પરીક્ષા લઈ લ્યે છે ને વળી પાછો રિઝલ્ટ પણ ડિક્લેર નથી કરતો.

# માર્ચ અૅન્ડિંગ છે ને યાર, ટાર્ગેટ પૂરો કરવાનો છે!

એક યમરાજા ૫૦ જેટલા જીવને લઈને સ્વર્ગ તરફ જાતા'તા તો કોઈ મારા જેવાએ વળી પૂછ્યું : કેમ યમરાજા, આટલા બધા જીવ એક સાથે ઉપાડી લીધા? યમરાજાએ પરસેવો લૂછીને જવાબ આપ્યો કે માર્ચ ઍન્ડિંગ છે ને યાર, ટાર્ગેટ પૂરો કરવાનો હતો. માર્ચ ઍન્ડિંગ એટલે કોઈ પણ ઑફિસ કે અધિકારી માટે વહીવટનો મહિનો. આ મહિનામાં વટ-વહી જાય તો ચાલે પરંતુ ગમે તેમ વહીવટ ગોઠવાઈ જવો જોઈએ. આંકડાઓની લાશોને કાગળના કૉફિનમાં પેક કરી ફાઈલોને કબરમાં દફનાવી દેવાનો મહિનો. ગયા અઠવાડિયે આપણે એવી જ સહજતાથી ૨૧ માર્ચ વિશ્વ વનદિવસ, ૨૨ માર્ચનો વિશ્વ જળદિન અને ૨૩ માર્ચ શહીદ ભગતસિંહની પુણ્યતિથિ મસ્ત રીતે ભૂલી ગયા. ફોરેસ્ટ ખાતું ફોરેસ્ટમાં રેસ્ટ કરે છે. આપણી કરુણતા છે કે આપણે ઝાડ નીચે પ્રેમ કરીએ છીએ પણ ઝાડને પ્રેમ નથી કરતા. ઝાડ કપાય છે. એમાંથી કાગળ બનાવાય છે અને એ કાગળ ઉપર પાછું 'વૃક્ષ બચાવો'નાં ચોપાનિયાં છપાય છે.

મને બરાબર યાદ છે. વર્ષો પહેલાં અમારા વતન અમરનગર ગામે કુટુંબનિયોજન અને વસ્તી નિયંત્રણ માટે એક સરકારી અધિકારીની જાહેરસભા ગ્રામપંચાયતે ભરી હતી. વસ્તી નિયંત્રણ શું કામ કરવું એની વાજબી દલીલ સાંભળવા ગામ આખું ચોરે એકઠું થયેલું. મારી ઉંમર તે 'દી સાવ નાનકડી (આમેય મારો જન્મ બહુ નાનપણમાં થયેલો) ગામ ભેળું થાય એટલે નક્કી ભવાયાનો ખેલ જ હોય એવી માનસિકતા સાથે ક્ષમતા બહારની આ સભામાં અમારા દોસ્તારોની ટોળકી પણ પાછળ ગોઠવાઈ ગઈ. કુટુંબ નિયોજનવાળા એક અધિકારીએ નબળા પ્રકાશમાં ઊજળી વાત મૂકી કે 'ગ્રામજનો, આપણે વસ્તી નિયંત્રણ કરવું જ પડશે. ''અમે બે, અમારાં બે'' સૂત્રને અપનાવવું પડશે. દેશની હાલત ખરાબ છે. આપણા દેશમાં દર આઠ મિનિટે એક સ્ત્રી એક બાળકને જન્મ આપે છે.' આ સાંભળી પાછળથી એક બાપાએ ટોણો માર્યો કે તો ઈ બાઈને ગોતો. એમાં અમારા ગામને શું ઘઘલાવો છો? અને વાતાવરણમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. બીજાં એક ગામના વિઘ્નસંતોષી મોભીએ તો સાહેબનો સામો ઊધડો લીધો કે સાહેબ, તમારે કેટલા છોકરા છે? સાહેબ ક્યે મારે છ સંતાનો છે, પરંતુ એમાં મારો વાંક નથી. હું પહેલાં વનવિભાગમાં નોકરી કરતો હતો એમાં અમારો વૃક્ષો વધારવાનાં ને વાવવાનાં જ હતાં. છેલ્લા છ મહિનાથી જ હું વસ્તી નિયંત્રણની કામગીરીમાં જોડાયો છું. હવે આ ખાતામાં વૃક્ષો ઘટાડવાનાં છે. ગ્રામજનો, મારો વાંક નથી, ખાતાનો વાંક છે, પરંતુ આચરણ વગરનું જ્ઞાન કોઈને પચ્યું નહીં. દેકારો થ્યો અને પંદર જ મિનિટમાં વસ્તી નિયંત્રણની પસ્તી થઈ ગઈ.

ગામડાના એક પ્રૌઢે મને બહુ વેધક સવાલ કરેલો કે સાંઈ આખો સમાજ 'અમે બે અમારાં બે' નું રટણ કરે છે. હવે આપણી ધરતી ઉપર ક્રિષ્ન પરમાત્મા દેવકીનું આઠમું સંતાન હતા, કાનુડાને ફરી અવતરવું છે પણ જન્મે કેમ? મૌનમ્ શરણમ્ ગચ્છામિ.

જો ધરતી ઉપરથી પાણી લુપ્ત થઈ જાશે તો..

સનેડો સનેડો આ પાણી કેરો સનેડો,
પાણીદાર સનેડો આ ભીનો ભીનો સનેડો.
પેટ્રોલની ચા પીવી પડશે,
ને કેરોસીનના કરવા પડશે કોગળા,
તેલથી મોઢું ધોવું પડશે, પછી મોઢે રે'શે ઓગળાં ઓગળાં
લાલ સનેડો
દરિયો પછી ખાવા દોડશે અને નદીઓ હશે સાવ સૂની,
વરસાદનાં ટીપાં બૅન્કમાં સચવાશે,
પાણી વિના હશે આંખ સૂની.
લાલ સનેડો
નહાવાની ટીકડીઓ લેવી પડશે,
રસોઈ હશે બધી કોરી કોરી,
તળાવમાં છોકરાંવ કબડ્ડી રમશે,
પાણી ભરતી દેખાશે નહીં ગોરી,
લાલ સનેડો...



~ હાઉકલી ~

'અય બુરે વક્ત જરા અદબ સે પેશ આ, વક્ત નહીં લગતા વક્ત બદલને મેં.

# નાતનાં સંમેલનો, ઉત્પાતનાં સંમેલનો!

આખા વરસમાં ગયો માર્ચ એ એકમાત્ર એવો મહિનો હતો જે કોઈ નાનીમોટી જ્ઞાતિના મહાસંમેલન વગર પૂરો થયો. નહીંતર આ વરસે તો મોસમ હાલી'તી શંભુમેળાઓ ભરવાની. જ્ઞાતિનો ઉપયોગ સદીઓથી સત્તા ઉપર બેસવાની સીડીરૂપે કરવામાં આવે છે. આ વાત તમામ જ્ઞાતિના લોકો જાણે છે છતાં છેતરાય છે, કારણ કદાચ પારકા છેતરે એના કરતાં પોતાનાથી છેતરાવાની લોકોને ટેવ પડી ગઈ છે.

મહાસંમેલનો દ્વારા દરેક જ્ઞાતિ પોતાનો મસલપાવર બતાવી અને સરકારી સત્તારૂપી કન્યાને પઈણાવવા માટે પોતાની નાત પાસે કેટલા મુરતિયા છે એનો સ્વયંવર કરતી હોય એવું લાગે છે. સ્ટેજ ઉપર જ્ઞાતિના સંપની મસમોટી વાતો થાય છે અને એકબીજાને પંપ મારવામાં આવે છે. સંગઠનના અફીણિયા વાતાવરણમાં ઠન ઠન ગોપાલો ગળાં બેસી જાય ત્યાં સુધી નારાઓ લગાવે છે. સામા થાય એને પાડી દેવાના પાવર પ્લાન રજૂ કરાયા છે. આખી ધરતી ઉપર આપણી નાતથી મોટું કોઈ છે જ નહીં અને જે છીએ તે આપણે જ છીએ. આવાં અહમ્નાં ઇંજેક્શનો સમગ્ર સમૂહને શબ્દોની સોયથી લગાવવામાં આવે છે.

એક સંમેલનમાં સમાજના પરમ મુરખશ્રી(ઓહ સૉરી... પ્રમુખશ્રી)એ સંબોધન કર્યું કે આપણી નાતને આગળ આવવાની જરૂર છે તો આ સાંભળી અડધા લોકો સ્ટેજ ઉપર આગળ પહોંચી ગયા. કદી નિશાળે ન ગયા હોય એવાં જ્ઞાતિરત્નો સમાજને તતડાવીને ભાષણો ઠબકારે છે કે આપણા સમાજમાં શિક્ષણની તાતી જરૂર છે. બગલાની પાંખ જેવા ધોળાફૂલ સૂટ ઉપર કાળા ડામર જેવાં બૂટ ટટકારી ચમકતી ટાલ સાથે અને ફૂલેલી ફાંદ સાથે અમીર જ્ઞાતિજનો સમાજ ઉપર ઉપકાર કરતા હોય એમ લાખો અને કરોડોના દાનના આંકડા જાહેર કરી લોકોની તાળીઓ ઉઘરાવે છે. આપણી જ્ઞાતિ માટે કે જ્ઞાતિના વિકાસ માટે આપેલી રકમને 'દાન' કહેવામાં મારો સંસ્થાગત વિરોધ છે. જે જ્ઞાતિમાં આપણે જન્મ્યા, જે નાતે આપણને પોતાના ગણ્યા એ જ્ઞાતિ માટે તમે કંઈ પણ આપો છો ત્યારે એ 'ઋણ સ્વીકાર' કહેવાય. મારા મતે ડાબા હાથને ખબર ન પડે અને જમણો હાથ કૈંક આપી દે એને દાન કહેવાય. બાકી છાપામાં ફોટા આપવા કે નામ આપવા માટે અપાતી રકમો એ દાન નહીં માત્ર શક્તિ પ્રદર્શનો કહી શકાય. દરેક જ્ઞાતિનાં સંમેલનોમાં એક જ સૂર જોવા મળે છે કે આપણે આગળ નથી વધવું પણ ફલાણી જ્ઞાતિને પાડી દઈને આગળ વધવું છે. દરેક કોમ સંગઠિત થાય અને આગળ વધે એનો મને રાજીપો છે પણ એક કોમ બીજી કોમને કચડીને આગળ વધવા ચાહે એ વિઘાતક છે.

દાનથી યાદ આવ્યું, એક ભાઈએ જ્ઞાતિની વાડીમાં પંખાનું દાન કર્યું અને ત્રણેય પાંખિયા ઉપર પોતાની ત્રણેય પેઢીયુંનાં નામ ચીતરાવ્યાં. પછી તો જેવો કોઈ પંખો ચાલુ કરે એટલે આ ભાઈની ત્રણ પેઢી ઘૂમરે ચડે. મહિના દિવસ પછી ઈ પંખાના દાનવીર, પ્રમુખને કહેવા આવ્યા કે જ્યારથી અમે નાતની વાડીમાં પંખાદાન કર્યું છે ત્યારથી કુટુંબમાં બધાયને માથું દુખ્યા કરે છે. પ્રમુખ કહે આ પંખા ઉપરથી વડવાના નામ કઢાવો એમાં જ માથાં દુખે છે.

સાતસો રૂપિયાના સડેલા પંખામાં નાતને બતાવવાનું ન હોય કે તમે દાનવીર કર્ણના અવતાર છો.

આવું ને આવું ચાલ્યું તો વીસ વરહ પછી દરેક કોમના અલગ અલગ ફતવાઓ રોજ બહાર પડશે કે આપણી ફલાણી જ્ઞાતિએ ઢીંકણું શેમ્પૂ જ વાપરવું. આપણી ફલાણી જ્ઞાતિએ ઢીંકણું તેલ જ વાપરવું. ઍન્ડ મૉરલ ઑફ ધ સ્ટોરીઝ આપણી નાતે ઢીંકણી અભિનેત્રીની જ ફિલ્લમ જોવી (કારણ ઈ એક જ આપણી નાતની છે). આપણી નાતે ઢીંકણા કલાકારને જ બુક કરવો. (કારણ કે સમ ખાવા ઈ એક જ આપણો કલાકાર છે.)

યાર કોમવાદનું જો રિએક્શન આવશે તો ક્યાંક આપણી સદીઓ જૂની રાષ્ટ્રપ્રેમની સરવાણીને સૂકવી તો નહીં નાંખેને? આપણી કોમ સિવાય આપણે ગુજરાતી પણ છીએ. એક ભારતીય પણ છીએ. અમિતાભ બચ્ચન, સચીન, લતા, ગુલામઅલી જેવી સેંકડો પ્રતિભાઓને તમે એની જ્ઞાતિથી ઓળખો છો કે એની કલા અને કૌશલ્યોથી? અને સામા પક્ષે દરેક સમાજના પ્રમુખોને અભિનંદન. આજે એક બાપના પાંચ છોકરા ભેગા થતાં નથી, આ મિત્રોએ લાખો જ્ઞાતિજનોને એક છાબડે ભેગા તો કર્યા. ચિયર્સ. સમાજના કલ્યાણ માટે મેળવેલાં ડોનેશનો સરકારી કૌભાંડોની જેમ ચાંઉ ન થાય એવી પ્રભુ પ્રાર્થના કરું છું, કારણ કે નાત માટે કામ કરવું એ કોલસાની ખાણ માટે કામ કર્યા જેવું છે. જશ મળે કે ન મળે જોડાં તો તૈયાર જ હશે. પ્રમુખોને વંદન, વાડા ભલે મજબૂત કરીએ પણ એકમાંથી બીજા વાડાને મદદ કરી શકો એવાં છીંડાં પણ રાખીએ. આપણી આજુબાજુના કોઈ પણ માણસને જ્યારે આપણે એની કોમથી નહીં, પણ કૌશલ્યોથી ઓળખતા થાશું ત્યારે રામરાજ્યનો પાયો નંખાશે અને એક જ્ઞાતિ જ્યારે બીજી આખી જ્ઞાતિને મદદ કરતી થાશે ત્યારે સાચું રામરાજ્ય સ્થપાશે. વેઈટિંગ ફોર ઈટ ઈગરલી.

# જંગલની સંસદસભા

ઘે ઘૂર જંગલ છે. એક વાંદરો જંગલના રસ્તે હાલ્યો જાય છે. ત્યાં એણે ઘોડાને બીડી પીતો જોયો. વાંદરાએ વિનંતી કરી, અશ્વરાજ આવું વ્યસન રખાય? મૂકી ધો બીડી. હાલો તમને જંગલ બતાવું. ઘોડાને પણ વાંદરાની વાત હૃદયમાં ઊતરી ગઈ. એણે બીડીનો ઘા કર્યો ને ઈ વાંદરા સાથે જંગલ જોવા ચાલી નીકળ્યો. ત્યાં એક શિયાળ સમાધિસ્થ અવસ્થામાં ગાંજો પીતું'તું. વળી વાંદરાએ કહ્યું એ શિયાળકાકા, વ્યસનથી છેટા એટલા સારા. ગાંજો મૂકી ધો. લાચારી ફેંકી દો ને હાલો અમારી સાથે તમને જંગલની મોજ કરાવું. શિયાળનું પણ તરત જ હૃદયપરિવર્તન થયું. એણે ગાંજો મૂકી વાંદરા ને ઘોડાની સાથે ચાલવા માંડયું.

બધા નદીના કાંઠે પહોંચ્યા. ત્યાં જંગલનો રાજા સિંહ ટુ સ્કવેર કંપનીની સિગારેટ પીતો'તો. (ટુ સ્કવેર એટલે ફોર સ્કેવરનું ઠૂંઠું) વળી વાંદરાએ સિંહને કહ્યું, અરે! મહારાજા, વ્યસન મૂકો, મજબૂરી છોડો. હાલો, જંગલની સેર કરાવું. સિંહે કહ્યું, તું મને શિખામણ ન આપ ને ઊપડ. આ જવાબ સાંભળી ચિત્તા, શિયાળે પણ સિંહને કહ્યું કે, મહારાજ, વાંદરો આપણા ભલા માટે કહે છે. અમે પણ વ્યસન છોડી દીધાં છે. તમારેય વાત માનવી જોઈએ. ત્યાં સિંહે ભેદ ખોલ્યો : અરે! તમને ખબર નથી. આ વાંદરો જ્યારે બે પેગ દારૂ પી જાય છે એટલે આમ જ બધાયને વ્યસનમુક્તિની વાતું કરે છે અને પ્રાણીઓને ગોટે ચડાવે છે. પછી તો બધાં પ્રાણીઓએ ભેગા મળી વાંદરાને ટીચી કાઢ્યો. ધારો કે જંગલમાં પણ આપણી જેમ સંસદસભાનું સત્ર ભરાય તો? ચાલો, તમને એક જંગલની લાઈવ સંસદનું ટેલિકાસ્ટ સંભળાવું.

સદ્નસીબે કોઈ પણ પ્રાણી એના મોબાઈલમાં માણસોની ફિલ્મ જોતું પકડાયું નહીં. પ્રાણીઓના એ સત્રમાં વગર આંદોલને એક ચૅનલબિલ પાસ કરવામાં આવ્યું. જે રજૂ કરતાં સંસદ સભ્ય શ્રી વાંદરાએ સ્પિકર સિંહને જણાવ્યું હતું કે, મહારાજ આ ચૅનલોના જંગલમાં વધતા જતા પ્રચાર પ્રસારથી જંગલનાં પશુઓનાં બાળકોનાં મગજ બેન્ડ મારી ગયાં છે. સિરિયલો પારિવારિક કડદા સિવાય કશું શીખવતી નથી. બાળકોની કલ્પનાશક્તિ રુંધાઈ રહી છે. એટલે તાત્કાલિક અસરથી જંગલમાં તમામ ચૅનલો પર પ્રતિબંધ લાદવો જોઈએ અને અંતિમ મુદ્દો આ નૅશનલ જિયૉગ્રાફી અને ડિસ્કવરી ચૅનલ ઉપર તો માણસોની સામે હાઈકોર્ટમાં કેસ કરવાની જરૂર છે, કારણ કે આ બે ચૅનલોને લીધે આપણા અંગત જીવનની કોઈ પ્રાઈવસી જ નથી રહી. સમગ્ર વિશ્વમાં તમામ પ્રજાતિઓની સંખ્યા ઘટી રહી છે. એના મૂળમાં આ બે ચૅનલો છે. પ્રાણી દંપતીઓ એકબીજાના હાથ પકડતાં ડરીને ફફડી રહ્યા છે કે ક્યાંક ડિસ્કવરીમાં આવી જાશું તો? માટે આપણા સમાજે આ કેસ માટે તાત્કાલિક તૈયારી કરવી પડશે.

સમગ્ર સભાએ સંસદસભ્યશ્રીના બિલને ક્લબલાટ કરી વધાવ્યું ને પોતાનો હાથ પાંખો ઊંચી કરીને ચૅનલ બિલ પાસ કરવામાં આવ્યું.

નવનિયુક્ત સાંસદ અને ઍડ્વોકેટ શિયાળ સાહેબે સ્પીકરની મંજૂરી માંગી. અધ્યક્ષ

શ્રી સમસ્ત પ્રાણીસમાજ વતી આ બેય ચૅનલો સામે કોર્ટકેસ લડવા હું તૈયાર છું. આફ્રિકન જંગલ એક્ટ ૩૦૬(ક) મુજબ પ્રાણીઓના વિશેષાધિકાર અને અંગત આનંદભંગની કલમ મુજબ આપણે કેસ જીતી પણ જઈએ એમ છીએ, પરંતુ પ્રાણી અધિકાર પંચ અને માનવ અધિકાર પંચ વચ્ચે શાહમૃગ અને સમળી જેટલો તફાવત છે. આ સાલ્લી માણસની નાત દરેક કાનૂનનું પક્ષ પ્રમાણે અર્થઘટન અને અમલ કરે છે. કાચિંડા કરતાં દસ ગણી ઝડપે આ માણસો કલર બદલે છે. બે–ત્રણ કિસ્સાઓ જે હું જંગલ સમાજના ધ્યાને દોરું તો કાશ્મીરમાં કોઈ પંડિત મરે તો આ લોકોના અધિકારોનું હનન નથી થાતું, પણ કોઈ ચોક્કસ ધર્મનો માણસ એના લખણે મરે તોય આ માનવ અધિકાર પંચ ચડી બેસે છે. રેલવેના ડબ્બામાં કેટલા સળગ્યા એનાથી આ લોકોને કશો મતલબ નથી, પણ ડબ્બા પાછળ જે સળગ્યા એમાં માનવ અધિકાર ઘોડોપલંગ થઈ જાય છે. એટલે ટુ બી વેરી ફ્રૅંક, માણસોને તમે હરાવી નહીં શકો. સુપ્રીમ સુધીની તૈયારી રાખજો અને એમાંય જજ છેલ્લી ઘડીએ બદલાઈ જાય તો આપણાં નસીબ... જય જંગલ....

ત્યાં સાંસદ વાંદરાએ કહ્યું, ‘તો શિયાળજી, મારો એક બીજો કેસ વાંદરા છાપ લાલ દંતમંજન ઉપર ઠબકારી દો. એણેય મને ને મારા સમાજને પૂછ્યા વગર અમારો ગેરઉપયોગ કર્યો છે.’ ત્યાં હાથી સાહેબ બોલ્યા કે ‘તો હાથી છાપ સિમેન્ટ ઉપર મારોય કેસ ઠોકી દો.’

# IPL ઐયાશ અમીરોના આધુનિક મુજરા

IPLની ધબધબાટી ચાલી રહી છે. ક્રિકેટરસિયાઓના તો જીવનમાં ક્રિકેટ વણાઈ જાય છે. એક ક્રિકેટપ્રેમી વાણંદ પાસે વાળ કપાવા ગયા. વાણંદે પૂછ્યું કે કેવા કાપું? ભાઈ ક્યે, સ્ક્વેર કટ કાપી દે. મારો ભાઈબંધ ચકો પણ ક્રિકેટઘેલો છે. મને ક્યે, શ્રીલંકા સામે આપણી ટીમ ઈન્ડિયા હારી એમાં આપણો જ વાંક છે. મેં પૂછ્યું કાં ચકા ઈ કેમ? ચકો ક્યે હનુમાનદાદાએ લંકા સળગાવીને અડધી મૂકી દીધી ને એમાં જ આ ટીમ આપણને નડી ને પછાડ્યા કરે છે.

મારા એક ક્રિકેટપ્રેમી મિત્રનાં વાઈફ પ્રેગ્નન્ટ હતાં. મેં મિત્રને પૂછ્યું કે સંતાન આવશે તો નામ શું રાખશો? ઈ ક્યે જો દીકરો આવશે તો 'યોર્કર' ને દીકરી આવશે તો 'ગુગલી.' ચકો મને ક્યે સાંઈ હું પણ સ્પીનર બૉલિંગ જોરદાર કરું છું. મેં પૂછ્યું કે વાહ, ચકા ઑફસ્પીન કે લેગસ્પીન? ચકો ક્યે ઈ તો મૂડ આવે એમ ઘા થાય. મેં તોય પૂછ્યું કે ગુગલી દડો નાખે છે? ચકો ક્યે ઈ દડો નક્કી કરે!

દસમા ને બારમા ધોરણ સિવાય તમામ ધોરણની વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી છે અને ઘરણ ટાણે જેમ સાપ નીકળે એ કહેવત મુજબ અટાણે જ IPLએ ઉપાડો લીધો છે. IPL મારા મતે ફુલફોર્મ 'ઈન્ટરનૅશનલ પીધેલાઓની લૂંટ' અથવા તો આ સ્પર્ધાનું નામ IPL (ઈન્ટરનૅશનલ જુગારીઓની લૂંટ) હોવું જોઈએ. દેશનાં મોટાં માથાંઓ જે શેરબજારમાં બટકી ગ્યા, જમીન મકાનમાં સલવાઈ ગ્યા કે સ્વીસ બૅન્કમાં ભરાઈ ગ્યા, ઈ બધાયે ભેગા મળીને લલિત મોદીને પ્રાર્થના કરી અને આ જુગારીઓએ પોતાના સ્વવિકાસ માટે IPLને જન્મ આપ્યો. IPL એ ઐયાશ અમીરોના આધુનિક મુજરા છે. આ રૂપિયાની ધમાચકડીમાં ક્રિકેટ જેવી મસ્ત રમત અભડાઈ ગઈ. હવે તો હાલત કફોડી થઈ છે. તમામ રમતોમાં રાજકારણ આવી ગયું ને રાજકારણમાં રમત્યું થવા માંડી. મને તો આ IPL દેશના કરોડો યુવાનોના અબજો કલાકો વેડફી નાંખવાનું એક રાષ્ટ્રવ્યાપી ષડ્યંત્ર લાગે છે. કપિલદેવ ધ ગ્રેટે સાવ સાચી કૉમેન્ટ કરી કે IPLની મૅચમાં કેમ કોઈ ખેલાડી અનફીટ નથી, કોઈને થાક કે ઈજા નથી. જવાબ છે ખનખનિયા. IPLમાં ક્રિકેટરો દેશ માટે રમે છે અને IPLમાં 'કેશ' (Cash) માટે રમે છે. ૩૩૦૦ કરોડની અધધધ બોલીઓ લગાવાય. આ દેશને ગરીબ કહેવો કઈ રીતે?

અર્થ એ નથી કે હું ક્રિકેટનો વિરોધી છું. મને પણ પહેલાં ક્રિકેટ ખૂબ ગમતી પણ જ્યારથી જાણ્યું ને સગી આંખે જોયું કે સાચી રમત તો સટોડિયા રમે છે. આ તો માળા બેટા એની કઠપૂતળીઓ છે ત્યારથી સૂગ આવી ગઈ. આપણા દેશમાં દરેક યુવાનને જુવાનીમાં એક વાર તો સચીન બનવાનું સપનું આવે જ છે, પણ વાસ્તવિકતા અને જવાબદારી સમજાતાં ઈ જુવાન સચીનને બદલે ચીનની વસ્તુઓ વેચવામાં મચી પડે છે.

IPLમાં ડેક્કન ચાર્જરના ગાજર થાય કે દિલ્હી ડેવિલ્સ ઈવિલ બને, કોલકાતાની નાઈટ સુધરે કે મુંબઈ ઈન્ડિયન્સનો 'દી બગડે આપણાં ઘર ઉપરના બૅન્કના બાકી હપ્તા કોઈ ભરવા આવશે? IPLમાં પાન ફાકી સ્વખર્ચમાં ચડાવી ચિંગમની જેમ ચોંટી જતા પહેલાં વિચાર

કરજો કે આપણાં મા-બાપુજીની દવાનું બિલ ભરવા કોઈ ધોની કે સહેવાગ નહીં આવે. અમારાં ગામડાંના લગભગ ભાભલાવતો ક્રિકેટ જાણતા નથી તોય ઓલી રૂપકડી નાચતી છોડીયું (ચિયર ગર્લ્સ) જોવા સારું ટીવી સામેથી હટતા નથી. કોઈ સદી કરે કે આઉટ થાય, જીતે કે હારે આ છોકરીયું તો 'સ્થિતપ્રજ્ઞ' અવસ્થામાં પૂરી તટસ્થતાથી બસ નાચ્યા જ કરે છે. જો કે એનાથી ઘણાય વડીલોને મોતિયાના નંબર વે'લા લાગ્યા.

આ એક સફેદ સટ્ટો છે. ઊઠો, જાગો અને શ્રેષ્ઠ સટોડિયા બનવા સુધી મથ્યા કરો. દરેક પાનની દુકાને સાંજે ૮થી ૧૦ અખિલ હિંદ સટોડિયા સંમેલનો યોજાય છે. તે રસથી જોવાય છે. મને તો આ સ્પર્ધા ઑફિશિયલ સ્પોર્ટ્સ કેસીનો કે જુગાર ક્લબો લાગે છે. કાઠિયાવાડમાં ભીમ અગિયારસના દિવસે ગામડાંઓમાં ભરચક જુગાર રમાય છે. આ IPL તો દુર્યોધન અગિયારસ છે. માળી બેટી સો દિવસ હાલે છે. BCCIની મૅચોમાં તો ટીમ ઈન્ડિયા બીજા દેશને હરાવતી હોય એટલે રાષ્ટ્રપ્રેમની ભાવના ડાયરેક્ટલી જોડાય જાય છે, પણ આ IPLમાં આપણે કઈ ટીમ બાજુ રહેવું એ યક્ષપ્રશ્ન છે. સહેવાગ વિરાટની વાંહે પડયો છે. સચીન ગંભીરને પાડી દેવા મથે છે. આથી મને તો IPL એ યાદવાસ્થળીનું મૉડર્ન વર્ઝન લાગે છે.

એક SMS લગભગ બધાના મોબાઈલમાં રમે કે IPL અમાં ગુજરાતની ટીમ કેમ નથી રમતી.

જવાબ એ છે કે તો પછી સટ્ટો કોણ રમશે? આપણે ગુજરાતીઓ ક્રિકેટ નથી રમતા પણ ક્રિકેટ પાછળ રમીને ધોની કે સહેવાગ કરતા વધુ કમાઈ લઈએ છીએ.

મારા માટે તો દર્દનાક વાત તમારી હરાજી થાય એ છે. ગુલામ કે ગણિકાની જેમ વેચાઈને રૂપિયા કમાવા એના કરતાં તો ભૂખ્યા સૂઈ જાવું સારું. ઓવર ટુ IPL ... હાલો ૬ વાગી જાય એટલે આ બધું ભૂલીને. ઉપાડો અને IPL માં ચોંટી જાવ....



~ હાઉકલી ~

IPLમાં જેટલા રૂપિયાની હરાજી થઈ એટલા રૂપિયા જો દેશના બાળમજૂરો ને ભણાવવા માટે વપરાયા હોત તો એક જ વરસમાં આ દેશમાંથી બાળમજૂરી નાબૂદ થાત. પણ...

# સૌથી ચડિયાતી બાબાગીરી !

એક અઘોરી બાબાનું ચમત્કારિક મંદિર હતું. પોતાની અધૂરી ઈચ્છા પૂરી કરવા માટે વડાપ્રધાન એ મંદિરમાં દાખલ થયા. વડાપ્રધાન ભેદી રીતે ગુમ થઈ ગયા. ત્યાર બાદ ક્રિકેટર ધોની એ મંદિરમાં દાખલ થયો એ પણ ભેદી રીતે ગુમ થઈ ગયો. પ્લેગની જેમ આ ન્યૂઝ દેશમાં ફેલાઈ ગયા. વડાપ્રધાન બનવાનાં સપનાં લઈ લાલકૃષ્ણ અડવાણી એ ચમત્કારિક મંદિરમાં દાખલ થયા. અડવાણી પણ તરત ગુમ. અંતે કેટરીના કૈફ પોતાના અલ્પવસ્ત્રો સાથે એ મંદિરમાં દાખલ થઈ અને! અને શું? અઘોરી બાબા જ ગુમ થઈ ગયા!

એક ટ્રેક્ટર ભરાય એટલા ‘બાબાઓ’ આપણા દેશમાં અટાણે બિલાડીના ટોપની જેમ ફાટીને ધુમાડે ગ્યા છે. લોકોના મોંઘવારીના દેકારા-પડકારા વચ્ચે એક હાઈફાઈ નિર્મલબાબાએ ખૂબ જ નિર્મલતા અને સરલતાથી લોકોનું અઢીસો કરોડનું કરી નાખ્યું. આપણા દેશમાં આવા આકસ્મિક યોગથી દર મહિને ઓછામાં ઓછો એક જણ અબજપતિ થાય છે. જ્યોતિષ એક અદ્ભુત શાસ્ત્ર અને પૌરાણિક વિજ્ઞાન છે, પરંતુ એનો ઉપયોગ જ્યારે લોકોની લાગણી સાથે રમીને એનાં ખિસ્સાં ખંખેરવા માટે કરવામાં આવે છે ત્યારે એ વિદ્યા રસાતળ ચાલી જાય છે. જ્યોતિષશાસ્ત્ર એ માનવજાતનો સદીઓ જૂનો મિત્ર છે. એને રાતોરાત કરોડપતિ થવાની લાલચમાં તમે ‘મજબૂરી’ ન બનાવો. નહિતર તમારું ભવિષ્ય ગોટે ચડવાનું છે અને જે તે ‘બાબા’નો વર્તમાન જ સુધરવાનો છે.

મારા મતે બે કૉલમ સૌથી વધુ વંચાય છે. સૌ પ્રથમ લોકો અવસાન નોંધ વાંચે છે. (કારણ એક કદાચ એ હોવું જોઈએ કે પોતાનું નામ નથી ને! એ જાણવા) અને ત્યાર બાદ પોતાની રાશિનું ભવિષ્ય વાંચે છે. યા તો લોકોને ભૂતકાળમાં રસ છે યા તો ભવિષ્યમાં! વર્તમાન કેમ સુધારવો ને કેવી મસ્તીથી આજને જીવવી એની કોઈને પડી જ નથી અને એટલે જ કદાચ આવા બાબાઓ આપણા દેશમાં સહેલાઈથી ફાવી જાય છે.

સવારમાં ઊઠીને પહેલાં લોકો પોતાનું રાશિ ભવિષ્ય વાંચે છે ને પછી એ ભવિષ્ય લખ્યું હોય એ પ્રમાણે દિવસ કાઢવાની કોશિશ કરે છે. પણ યાદ રાખજો ફ્રેન્ડ્ઝ, પોતાની જાત પર ભરોસો ન હોય તો ગ્રહો અને નક્ષત્રો ઉપર ગમે એટલો ભરોસો રાખો, કાંઈ જ વળતું નથી.

બુદ્ધિનો લઠ્ઠ ભાઈબંધ ચકો સવારમાં ઘરે આવીને મને ક્યે, સાંઈરામ, તમારું સ્કૂટર આજના દી માટે ઉછીનું આપોને? મેં વળી પૂછ્યું કેમ ભાઈ તારો છકડો બગડ્યો છે? ચકો ક્યે ના ‘ખુશબો’ તો ટનાટન છે, પણ મારા આજના રાશિ ભવિષ્યમાં મારે વાહન ચોરાવાનો યોગ લખ્યો છે એટલે જોખમ નથી લેવું. તો મેં કહ્યું કે મારું સ્કૂટર ચોરાશે તો? ચકો ક્યે તમારા સ્કૂટરને કાંઈ નહીં થાય. મેં તમારી રાશિ પણ વાંચી. એમાં વાહન આપવાનો યોગ લખ્યો છે. એટલે તો ઉઘરાણીએ આવ્યો છું. મારા તો ડોળા ફાઈટા રહ્યા. સાચું કહું તો તે દિવસે મેં મારું સ્કૂટર પણ બહાર ન કાઢ્યું,

રાજકોટમાં એક બેકાર જ્યોતિષ પોપટ લઈને ગામનું ભવિષ્ય જોવા બેઠો હતો.

બપોર સુધી બોણી ન થઈ એટલે એનું મોઢું હવાઈ ગયેલા બર્ગર જેવું થઈ ગયું. બપોરે પોતાની કોણી ખંજવાળી એણે પોપટને પોતાના જ નામની ચિઠ્ઠી આપી ભવિષ્ય જાણવા મથામણ કરી. પોપટે એક ચિઠ્ઠી બહાર કાઢી, જેમાં ઘાસલેટના ડબ્બા જેવડા અક્ષરે લખ્યું હતું કે, 'આ જાકુબના ધંધા મૂકીને સુરતમાં હીરા ઘસવા બેસી જા અને પબ્લિકને છેતરવાનું બંધ કર.'

લગભગ ભવિષ્યવેત્તાઓ ટચલી આંગળીની નીચેના હસ્તરેખાના કાપા જોઈને ૯૦ ટકા પરણેલા પુરુષોને કાનમાં કહી દે છે કે તમારે બે સ્ત્રીના યોગ છે અને પછી બિચાકડા પુરુષોની કૂકરી ગાંડી થાય છે. આ બીજી બાઈની તલાશ અને તપાસમાં માંડ માંડ મળેલી પહેલી બાઈને પણ સાચવી શકતા નથી. આમ બાવાના બેય બગડે છે. ખરેખર પત્નીને ગુલાબ આપવું ખૂબ સહેલું છે પણ જીવનભર પત્નીને ગુલાબની જેમ સાચવવી ખૂબ મુશ્કેલ છે.

એક વાંઝિયું દંપતી સાધુ મહારાજ પાસેથી સંતાનપ્રાપ્તિની ભભૂત લેવા પહોંચ્યું. આંખ્યું બંધ કરી આડાઅવળા બે-ચાર મૌન મંત્રો ભણી મહારાજે ભભૂત આપી અને સ્કીમમાં આશીર્વાદ પણ આપ્યો કે જા બેટા, તેરે ઘર બચ્ચા હોગા. પછી મહારાજ છેલ્લું વાક્ય બોલ્યા કે સિર્ફ ભભૂત કે ભરોસે મત રહેના બેટા! દિમાગ અૌર શરીર ભી ચલાતે રહના ! મૉરલ ઑફ ધિસ સ્ટોરી ઈઝ દિમાગ લગાવો દોસ્તો! પરિવારને પ્રેમ કરો અને વફાદારીપૂર્વક કામ કરો. જો પરસેવો પાડીને જીવતા ને કમાતા આવડે તો દુનિયાનો કોઈ ગ્રહ તમારું કાંઈ બગાડી નથી શકતો. બાકી તો આ લેખ લખવાનો મારી કુંડળીમાં પણ યોગ હતો અને તમારી કુંડળીમાં આવો લેખ વાંચવાનો યોગ હશે તો જ તમે આજનો આ લેખ વાંચી શકશો. બાકી તો બાબાઓની જય.



~ હાઉકલી ~

હવાના પ્રદૂષણ કરતાં વિચારોનું પ્રદૂષણ વધુ ખતરનાક છે .

# આપણે ગુજરાતી

હેપી બિલેટેડ બર્થ-ડે ટુ ગુજરાત. ગુજરાતે હવે વનપ્રવેશ કર્યો. મને ખલીલ ધનતેજવીનો એક શેર બહુ ગમે છે કે –

વાત મારી જેને સમજાતી નથી,
એ ગમે તે હોય ગુજરાતી નથી.

ગુજરાતી પ્રજાની કેટલીક ખામીઓ અને ખૂબીઓની આજે ચર્ચા કરવી છે. ભારતનો નકશો ધ્યાનથી તપાસશો તો એની એક બાજુ ગુજરાત છે અને બીજી બાજુ બંગાળ. મા ભારતીની કમરમાં બે બાળકોને તેડ્યાં હોય એવું દૃશ્ય ભાસે. આ બે રાજ્યોને ભારતમાતાએ સવિશેષ પ્રેમનાં પીયૂષ પિવડાવ્યાં છે. કદાચ તેથી આ બંને રાજ્યોમાંથી નીપજતા કવિઓ, સર્જકો, સંત, શૂરાઓ કે કલાધરો આખા હિન્દુસ્તાનમાં કૈંક નોંખી ભાત પાડે છે.

બંગાળ કે દક્ષિણ ભારતમાં દીકરીને સંગીત ન આવડતું હોય તો તેની સગાઈ ન થાય અને એનાથી સાવ ઊલટું આપણા ગુજરાતમાં. જે દીકરી સંગીતના સ્ટેજ ઉપર ચડે એની સાથે ૯૫ ટકા કેસમાં કોઈ ફેરા ન ફરે. ગુજરાતી પ્રજાના દિલમાં પણ દિમાગ છે. આ ખામી ભાગ્યે જ કોઈને નજરે ચડે એવી છે. (આપની આજુબાજુ મહિલા કલાકારો-કવયિત્રીઓ કે સફળ સ્ત્રીઓ વિશે સર્ચ મારી લેજો મારી વાતનો તાળો મળી શકે.) આપણે ગુજરાતી મહિલા સશક્તકિરણનાં માત્ર બણગાંઓ ફૂંકીએ છીએ. બાકી પુરુષપ્રધાન દેશમાં જેવી કોઈ મહિલા સશક્ત થાય એટલે એને ફૂંકી જ મારીએ.

આપણે ગુજરાતીઓ કરકસરિયા છીએ, પણ લોભિયા નથી. ઉદાર છીએ પણ ઉડાઉ નથી. આરામના શોખીન પણ આળસુ નથી.

ગુજરાતીઓ કદી એવું નથી કહેતા કે પોતે જાડા કે મોટા થઈ ગયા. આપણે હંમેશાં એમ જ કહીએ છીએ કે કપડાં ટૂંકા થઈ ગયાં.

આપણે ગુજરાતીઓ ઈલેક્ટ્રિસિટી જાય છે એવું કદી બોલતા જ નથી, પણ લાઈટ ગઈ છે એમ જ બોલીએ છીએ. અમેરિકામાં ઈલેક્ટ્રિસિટી ગુમ થાય તો લોકો ગવર્નમેન્ટને ઈમરજન્સી કમ્પ્લેઈન કરે છે. લંડનમાં આવું બને તો લોકો પહેલાં સરકારને ગાળો આપે છે અને આપણા ગુજરાતમાં વીજળી ગુલ થાય તો પહેલાં આપણે ઘરની બહાર નીકળશું, પછી આડોશ-પાડોશમાં ચેક કરશું અને પૂછશું પણ ખરાં કે કાકા તમારા ઘરમાં પણ લાઈટ નથી? તો વાંધો નહી. આ ગુજરાતીઓની લોહીમાં વણાયેલી ખાસિયત છે કે ઈ પોતાના ઘરે અંધારું તો જ સાંખી લે છે, જો બીજાને ઘરે અજવાળું ન હોય! વાહ ગુજરાતી!

ઑફિસને હંમેશાં 'ઓપીસ' કહીએ છીએ. સ્ટેશનને હંમેશાં 'ટેશન' કહીએ છીએ. તમામ પ્રકારનાં નૂડલ્સને 'મેગી' તરીકે જ ઓળખીએ છીએ. તમામ મિનરલ વૉટરને 'બિસલેરી' જ સંબોધીએ છીએ આપણે ગુજરાતીઓ...

ગ્લોબલ વોર્મિંગની ચિંતા આખી દુનિયા અત્યારે કરે છે ને રાડો પાડીને કહે છે કે

‘Save Electric, Save Water, Save Nature.’ આપણા ગુજરાતમાં તો આ કૉન્સેપ્ટ આદિકાળથી ચાલ્યો આવે છે કે સેવ-ખમણ, સેવ-પુરી, સેવ-ગાંઠિયા, સેવ-ઉસળ...

ત્રણ જણા એના મોત કરતાં વહેલા મરી ગયા. એમાં એક ઑસ્ટ્રેલિયાનો, બીજો આફ્રિકાનો અને ત્રીજો આપણો ગુજરાતી. ઈશ્વરે ચોપડો જોઈને ચિત્રગુપ્તને ખૂબ વઢ્યા. ચિત્રગુપ્ત અને યમરાજાની ભૂલથી વહેલા લાવેલા આ ત્રણેય જીવોને દસ-દસ કરોડ રૂપિયા રોકડા આપી પાછા ધરતી પર મોકલવાનું નક્કી કર્યું.

ઑસ્ટ્રેલિયન જીવ તો રૂપિયા લઈને સિડની ભેગો થઈ ગયો. આફ્રિકાવાળો પણ ઍડવાન્સ મોતનો ઍડવાન્ટેજ લઈને આફ્રિકા ભાગ્યો, પણ આપણા ગુજરાતી કાકા? એમ ઝટ માને? એણે ઈશ્વર સાથે મસ્ત બાર્ગેનિંગ કર્યું કે દસ કરોડ તો મેં વીસ વરસ પહેલાં કમાઈને વાપરી નાખ્યા. મને ૧૦૦ કરોડ આપો તો જ હું ઈન્ડિયા પાછો વળું. બિચાકડા ભગવાનને પણ ચક્કર આવી ગયા. ગુજરાતી કાકાને દસ કરોડ રોકડા પધરાવ્યા ને ૭૫ કરોડનો હવાલો ઈશ્વરે તિહાર જેલમાં નાખ્યો ને ગુજરાતીને ધરતી ભેગો કર્યો.

ઈશ્વર મળે તો તો એની પાસે પણ ID પ્રૂફ માગનારા આપણે ગુજરાતીઓ!



~ હાઉકલી ~

નવરાત્રિની નવ રાત મોજથી નાચતાં આપણે ગુજરાતીઓ , ને છાપામાં સૌથી પહેલાં અવસાનનોંધ વાંચતાં આપણે ગુજરાતીઓ . (‘રંગ કસુંબલ ગુજરાતી’માંથી)

# ફિલ્મમંત્રાલય સંસદમાં બોલિવુડ

ગયા રવિવારની સવારમાં હજી તો હું મણ એકની આળસ મરડીને ઊભો થાવા જાતો'તો ત્યાં અતુલ ટપક્યો. મને ગલગલિયાં કરીને ક્યે 'સાંઈ, આપણો જમાનો પાછો આવી ગ્યો!' મેં બગાસા સાથે જવાબ વાળ્યો કે, 'આપણા નળમાં હજી પાણી નથી આવતું ને તું હજી જમાનાની પત્તર ખાંડે છે.' અતુલ ક્યે, 'તમે સમજ્યા નહીં કલાકાર, યાદ છે આપણે બેયે નાનપણમાં સૌથી વધુ ફિલ્મ કઇ જોઇ હતી?' મેં કહ્યું, 'હા, બરાબર યાદ છે. 'મુકદ્દર કા સિકંદર' ને એ પણ પંદર વાર...! મેં અમિતાભને લીધે ને તેં રેખાને લીધે જોયેલી!'

અતુલ મલક્યો. વીસ વરસ પછી આપણી જોહરાબાઈને સરકાર રાજ્યસભાના મેદાનમાં લાવી છે. મેં કીધું પહેલાં તો અતુલ તું જાહેરમાં 'આપણી' શબ્દ વાપર નહીં. આ કંઈ આપણું જોઈન્ટ ઍકાઉન્ટ થોડું છે? અતુલ ક્યે ઓકે બૉસ, પણ હવે જો જો લઘરવઘર ધોતિયામાં રખડતા સંસદસભ્યો જિન્સ અને ટીશર્ટ પહેરીને સંસદમાં ગણગણાટ કરતા નજરે પડશે કે, "ઈન... આંખો કી મસ્તી કે... દીવાને બહુત હૈં!"

અતલા, મારો દિવસ બગાડમાં ને યાર, સવારમાં ભગવાનનું નામ લે ને લેવા દે. તું રેખાના પ્રેમમાં ઊંધેકાંધ જવાનીમાં પડ્યો'તો, પણ આ વન-વેમાં ઘરતા પહેલાં તને ખબરેય હતી કે રેખાનું સાચું નામ – 'ભાનુરેખા જૈમિની ગણેશન' હતું? આ મારકણી મદ્રાસણે ૧૯૯૦માં મુકેશ અગ્રવાલ નામના માણસ સાથે લગ્ન પણ કર્યાં'તાં ને ઈ ભાઈ એક વરસમાં રેખાના જ દુપટ્ટે ટીંગાઈને આત્મહત્યા કરીને ગુજરી ગ્યો'તો!

અતુલ ક્યે એને મરવું જ પડે ભાઈ, અમારા જેવા લાખો રેખાપ્રેમીઓની હાય એને ન જ જીવવા દે. 'પરદેશિયા યે સચ હૈ પિયા...' ગીતો ગાતો અતુલ તો ચાલ્યો ગયો, પણ મારા મગજમાં અણુબૉંબ ફોડતો ગયો કે પહેલાં હેમામાલિની, પછી જયા બચ્ચન પછી રેખા આ બધી ફિલ્મી અદાકાર જ દેશનું રાજનૈતિક સંચાલન કરવા લાગે તો! જો ફિલ્લમ સ્ટારને જ દેશના તમામ મિનિસ્ટરો બનાવવાના હોય તો ખાતાની વહેંચણી કેવી રીતે થાશે : લ્યો મમળાવો. ફિલ્મી મંત્રાલય, બોલિવૂડના સિતારા ને એમણે મેળવેલાં ખાતાંઓનાં વાજબી કારણો સાથે...

**વડાપ્રધાન :** બિગ બી અમિતાભ બચ્ચન (કારણ કે એ શાંત છે અને મૌન પણ રહી શકે છે.)

**મેડમ :** જયા બચ્ચન (ફરજિયાત હવાલો)

**યુવા સાંસદ :** અભિષેક બચ્ચન (ફ્લૉપ ફિલ્મોના બેસ્ટ આઈડિયા માટે)

**મહિલા બાળવિકાસ અને કલ્યાણ ખાતું :** ઐશ્વર્યા રાય (તાજા અનુભવનું ઈનામ)

**ગૃહમંત્રી :** રેખા (કારણ કે વડાપ્રધાનની સાચી હોમ મિનિસ્ટર છે માટે)

**કાપડ ખાતું :** મલ્લિકા શેરાવત (કાપડની બચત અને ઉદ્યોગોના ફાયદા માટે)

**રાષ્ટ્રપતિ :** યશ ચોપરા સાહેબ (સર્વમાન્ય અને સહજ છે માટે)

વિપક્ષના નેતા : શાહરુખ ખાન (ફિલ્મો કરતાં ઝઘડા વધુ ગમે છે માટે)

નાણાં ખાતું : અક્ષયકુમાર (ફ્લૉપ જાય છે છતાં સૌથી વધુ રૂપિયા તોડે છે માટે)

ઉદ્યોગ ખાતું : આમિરખાન (ધંધો કરતાં તો બોલિવૂડમાં એકને જ આવડે છે માટે)

મનોરંજન ખાતું : રિતિક રોશન (એની ફિલ્મોમાં એને પોતાને જ મનોરંજન મળે છે માટે)

સ્પીકર : રાખી સાવંત (કારણ લખવાની જરૂર ખરી?)

રમતગમત ખાતું : પ્રીતિ ઝિંટા (ફિલ્મો કરતાં IPLના ઑડિયન્સમાં સારી ઍક્ટિંગ કરે છે માટે)

મત્સ્ય ખાતું : સોનાક્ષી સિંહા (ખાધે પીધે સુખી ઘરની છે માટે)

સંરક્ષણ ખાતું : સલમાન ખાન (કુંવારો છે અને ગમે એની ઉપર કુરબાન થઈ શકે એવો છે માટે)

કાયદા ખાતું : પરેશ રાવલ (ગુજરાતી છે તેથી એને લાકડે માંકડું ગોઠવતાં આવડે છે માટે)

પાણી પુરવઠા ખાતું : બિપાશા બાસુ (દેશભરના જુવાનિયાવને પાણી પાણી કરે છે માટે)

રેલવે અને ઉડ્ડયન ખાતું : કેટરીના કૈફ (દૂબળી છે છતાં રખડારખડ કરે છે માટે)

ખાણ-ખનીજ ખાતું : વિવેક/રણવીર (સંયુક્ત હવાલો) હજી રોજ નવી હીરોઈનો ગોત્યા કરે છે માટે)

એક્ષટર્નલ અર્ફેસ : ઈમરાન હાશ્મી / જોન અબ્રાહમ (સંયુક્ત હવાલો) (સમગ્ર દેશમાં આનો વિકલ્પ નથી એ માટે)

જંગલ ખાતું : અનિલ કપૂર (એના વાંહામાં પણ જંગલ છે માટે) ખાતાંઓ ન ગમ્યાં હોય તો ખાઈ લેજો.

# વેકેશનનો વ્હાઇટવોશ

ગયા અઠવાડિયાની વાત છે. મારો આખો પરિવાર જમીને રાત્રે ફળિયામાં બેઠો હતો. એમાં મારા છોકરાએ પિસ્તોલની ગોળી જેવો સવાલ પૂછ્યો કે, 'હેં પપ્પા, આ વૅકેશન પડે છે એવું શું કામ કહેવાય છે? આ વૅકેશન ક્યાં ને કેવી રીતે પડે છે? છોકરાના નિર્દોષ સવાલનો જવાબ વિચિત્ર રીતે પત્ની આપે ઈ પહેલાં ઈ તક મેં ઝડપી લીધી. મેં કહ્યું બેટા, ઍક્ચ્યુઅલી વૅકેશન બાળકો અને મમ્મીઓ માટે જ પડે છે, પરંતુ વાસ્તવમાં પપ્પાઓની ઉપર પડે છે. (ઍન્ડ વેલ, એમના ખિસ્સાઓ ઉપર પણ... રાઈટ?)

છોકરાએ તરત 'કૌન બનેગા કરોડપતિ'ની સ્ટાઈલમાં બીજો સવાલ પૂછયો કે 'પપ્પા તો એ પડી ગયેલું વૅકેશન મહિના દિવસ પછી ખૂલે છે શું કામ? વૅકેશન ખૂલે છે એમ બોલવાના બદલે વૅકેશન ઊભું થાય છે એમ બોલવું જોઈએ ને? પડેલાને ઊભો કરવો જોઈએ કે ખોલવો જોઈએ? આમાં સાચું શું છે?'

મને ઓતરાસ આવી ગ્યો. ઘડીક તો મનમાં થયું કે કલાકારનો છોકરો કલાના વારસાને બદલે ક્યાંક સુપ્રીમ કોર્ટનો વકીલ ન થાય તો સારું. છોકરાના સાવ સાચા સવાલનો ઘરમાં કોઈની પાસે સાચો જવાબ ન હતો એટલે મૈં રાબેતા મુજબ મહારાણા પ્રતાપનો ઘોડો જેમ નદીયું ઠેકાડે એમ વાતને ઠેકાડી અને ઠેકીને કહ્યું કે બેટા, સત્યમેવ જયતે! આ બધું સદીઓ જૂનું બોલાતું સત્ય છે અને આગે સે ચલી આતી હૈ!

હોંશિયાર દીકરાએ છેલ્લે દડે સિક્સર મારી કે વેલ, સત્યમેવ જયતે પરથી આમિરખાન યાદ આવ્યો. પપ્પા, સમસ્યાઓનું સત્ય તો આમિર મસ્ત રીતે ગોતી બતાવે છે. પણ એને કોક દ્વારા કહેજો કે 'ઉપાયો'નું સત્ય પણ ગોતે! મારો દીકરો આટલું કહીને બીજે 'દી એની મા સાથે મામાને ઘરે ચાલ્યો ગયો, પણ હું હજી આ જ વિચારમાં ઘૂમરે ચડ્યો છું કે ઈન્ટરનેટ કલ્ચરમાં જન્મેલી આજકાલની આ પેઢી વધુ વિચારતી થઈ ગઈ છે કે મા-બાપની વિચારવાની ક્ષમતા ખલાસ થઈ ગઈ છે?

ખેર, પત્નીને પિયર મૂકવા જવું એ દરેક પતિ માટે આખા વરસની એક અતિ ગંભીર ઘટના હોય છે. મારા જેવા લાખોપતિઓ જે અત્યારે આ વાંચી રહ્યા છે એ લોકો એમાં સહેજ પણ વિલંબ કરતા નથી. પિયર મૂકવા જતી વખતે દરેક પતિની દશા ડુંગળી જેવી દેખાય છે. અંદર એ ડુંગળી ખાવાની મજા આવતી હોય છે, પણ ઈ ફોલતી વખતે આંખમાં પાણી આવી જાય છે. કરુણરસ અને શૃંગારરસની મિકસ્ડ ફીલિંગ દરેક પતિને વૅકેશનમાં આ ટાણે જ અનુભવાય છે. સાસુ-સસરા (ઉર્ફે રેડીમેઈડ ટીકડી ટી મમ્મી-પપ્પા) સાથે ફૉર્માલિટી પતાવી, લુસ લુસ જમીને દરેક પતિદેવને ત્યાંથી જલદી ભાગવામાં રસ હોય છે. ત્યારે અસ્તિત્વમાં આવે છે 'જય છટકેશ' નામનો નવો સંપ્રદાય. બધા પતિદેવો વળતી ગાડીમાં મોબાઈલનું ઈનબૉક્સ ખોલી કોને કોને 'Miss' કરવા અને કોને કોને 'Miss Call' કરવા એનું લિસ્ટ બનાવવા લાગે છે. ભારતના રાષ્ટ્રપતિ પદ ઉપર કોને બેસાડવા એના જેટલી ગંભીરતા અટાણે આખી સરકારને

છે એટલી જ ગંભીરતાથી આ 'વૅકેશનનો ખાલીપો' કોના દ્વારા અને કેવી રીતે કરવો એનો ઘટમાં ઘોડો થનગનવા લાગે છે.

પણ આ અફીણિયો નશો ૪૮ કલાકમાં ઊતરી જાય છે. મૉરલ ઑફ ધ રિયલ સ્ટોરી ઈઝ ધેટ કે દરેક પતિને ઘરવાળીની કિંમત ઘરવાળીની ગેરહાજરીમાં જ સમજાય છે. અત્યારે ૯૦% પત્નીઓ પિયર ગઈ હશે અને ઘર ઘરનો આ અનુભવ હશે કે દરેક પતિદેવને મોજાં જડતાં નથી. ગંજી મળે છે તો રૂમાલ ખોવાઈ જાય છે. રૂમની લાઈટ બંધ કરવાનું કોઈ કહેતું નથી. નહાવાનું ગરમ પાણી કોઈ દેતું નથી. હોટલમાં જમવાનું તો મસ્ત મળી જાય છે પણ એકાદ ભાખરીનો ભાવભર્યો આગ્રહ કોઈ કરતું નથી. નાહીને કપડાં પહેરતાવેંત 'મસ્ત લાગો છો' એવું કોઈ કહેતું નથી.' 'થાક્યા છો હવે સૂઈ જાવ!' આવા ઑર્ડર સાથે હવે કોઈ નાઈટલૅમ્પ બંધ નથી કરતું. દૂધવાળો ઍક્ઝેટ ટાઈમે આવે છે, પણ એક પણ પતિદેવ ત્યારે જાગતા નથી. શાકવાળાના બાકી રૂપિયા આપણે ચૂકતા નથી ને વેલ કામવાળી ઓલરેડી પત્નીની સૂચનાથી રજા પર. મારી ઉપરની એક પણ વાત તમને વાસ્તવિક લાગી હોય તો આ લેખ પતાવીને અટાણે જ ઘરવાળીને એક વાર ફોન કરીને 'I miss you' કહી દેજો (અને પત્નીઓને પણ આવું કરવા પ્રાર્થના).

વૅકેશનના વ્હાઈટવોશનું સત્ય એ છે કે પત્ની વગર ઘર ચાર 'દીમાં ઉકરડો બની જાય છે. જગતની તમામ પત્નીઓને સલામ!

યાદ રાખજો, મૂછુંવાળાઓ ને વગરનાઓ કે અર્ધાંગિનીઓ છે ને તો જ આપણું અસ્તિત્વ છે. કોઈ દી ઘરવાળીને એમ ન કહેતા કે 'તમને આમાં ખબર ન પડે...!' કારણ એને ખબર નહોતી પડતીને એટલે તો ઈ આપણા ઘરે આવી. નહિતર તો કો'ક કરોડપતિના બંગલે ન જાત! આપણે ત્યાં શું કામ લોનના હપ્તા ભરવા આવે? ઘરવાળીને ફોન કરવાનું ભૂલતા નહીં હોં!

# હાસ્યસમ્રાટને હસ્યાંજલિ

ગુજરાતી ભાષામાં 'ઓ હો હો હો!' શબ્દ સાંભળો એટલે માંહ્યલામાં એક હજાર રમેશ મહેતા આળસ મઈડીને જીવતા થાય! સાતમ-આઠમના મેળામાં કોઈ જુવાન નમણી નાગરવેલ જેવી છોકરીને જોઈને બોલી ઊઠે કે 'ઓ હો હો...! ક્યા ગામનાં ગોરી?' પ્રેમની આ ઑફબીટ પ્રપોઝલના જન્મદાતા એટલે રમેશ મહેતા. અસ્સલ તળના કાઠિયાવાડી શબ્દોને પોતાની હ્યુમર દ્વારા જિવાડવા બદલ હું મહેતાજીનું પ્રદાન એક ભાષાવિદ જેટલું જ ગણું છું. રમેશ મહેતાએ ભલે આપણી વચ્ચેથી વિદાય લીધી પણ ઈ તો આખા ગુજરાતની જનતાની નસેનસમાં વ્યાપી ગયા છે. વણાઈ ગયા છે. કાઠિયાવાડી સમજાતી'તી એ ઑડિયન્સે તો મહેતાજીને ઘૂંટડે ઘૂંટડે પીધા છે અને નહોતી સમજાતી એને પણ રમેશભાઈએ એટલીસ્ટ કંટાળો તો નથી જ પીરસ્યો. આવા દિગ્ગજ હાસ્યસમ્રાટને શ્રદ્ધાંજલિ પણ એની પાછળ હસીને જ અપાય ને?

"'અગ્નિપથ'નો અમિતાભ બચ્ચનનો રોલ જો સ્વ. રમેશભાઈને ઑફર થ્યો હોત તો? ગુજરાતી ફિલ્મનું ટાઈટલ હોત 'આગની કેડી!'

લોકેશન : ઈન્સ્પેક્ટર સાહેબની સામે એક હાથમાં બીડી, માથે ટોપી, કાળી બંડી અને ધોતિયાનો છેડો પકડી એક હાથ ટેબલ ઉપર પછાડીને મહેતાજી બોલત કે...

નામ વિરજી ચૌહાણ, બાપનું નામ રવજી ચૌહાણ, ઉંમર છત્રીસ પૂરાં ને માથે સાત મઈના ને તઈણ દી પૂરા ઓ હો હો હો...! વારેઘડીયે નામ પૂછી પૂછીને ઈનસપેક્ટર સાહેબ તમેંય હાવ ગંદા કાઢી નાખોસો, મારે ખાખી લૂગડા હાઈરે કાંઈ ડખો સે જ નહીં. મારો ડખો તો ઓઈલા, 'ચીનુભાઈના કાંચા' હાઈરે સે. એણે મારા બાપાનું ઢીમ ઢાળી દઈને આ આખોય ઓઘો સળગાઈવો સે. તમે વઈચમાં પડો મા. સાઈબ, મરદની મૂંઈછ માથે હું એક દી મારું ગામ માંડવા તો પાછું લઈને જ રહીશ. ભલે પસી ભાયડાનો પાળિયો ન્યાં ખોડાય...! આગની કેડી.. આગની કેડી.. આગની કેડી.. લોહી નીતરતી ધોમ સળગતી.. આગની કેડી.. આગની કેડી...!

મારો જીગરીયો અતુલ નાનપણથી રેખા અને રમેશ મહેતાનો દીવાનો ... (ને અત્યારે ઈ રણબીર કપૂર અને રાખી સાવંત વાંહે પાગલ છે). અતુલને તુલા રાશિવાળા કોઈ પણ કલાકાર હંમેશાં વહાલા લાગે. પંદર વરહ પે'લાં અતુલ, હું ને અમારી 'ટણક ટોળકી' મેળામાં રખડવા નીકળતી. છોકરાઓની આંખોને હું આદિકાળથી ગૂગલ કરતાં વધુ ઝડપી ગણું છું. પચાસ છોકરીઓના ટોળામાંથી છોકરાઓ સેકન્ડના દસમા ભાગમાં સર્ચ કરી લ્યે છે કે એમાંથી 'મસ્ત ફટકો' કોણ છે? ઓવર ટુ ફલેશબેક, મેળામાં એક મસ્ત છોકરીને જોઈને અતુલથી બોલાય ગયું... 'ઓ હો હો હો.. ક્યા ગામનાં ગોરી?' છોકરીએ પણ મંજરીની સ્ટાઈલમાં વળતો ઘા કર્યો કે 'થોડા'ક આવો તો આમના સેંડલ ખાવા છે મારા નામના?' અતુલે કહ્યું કે નથી ખાવા, મેં તો ઉપવાસ કર્યા છે તમારે નામના! છોકરી ક્યે, કાંઈ વાંધો નહીં, આ ફરાળી સેંડલ છે તમારા નામના!

વિજ્ઞાનિકો જે તીવ્રતાથી યુરેનિયમ શોધવા નીકળે એટલી તીવ્રતાથી 'મસ્ત ફટાકડીઓ' જોવા મેળામાં પધારેલા અમે સૌ, એ છોકરીઓનું ઝૂંડ એનું બોલ્યું પાળી બતાવે ઈ પહેલાં અમે 'સાગમટે' મેળામાં V.R.S. આપીને નાસી છૂટ્યા. કોઈ પણ માણહ 'વાંઢો' શબ્દ વાંચે એટલે એની સામે રમેશ મહેતાનો ચહેરો તરવરવા માંડે.

આંધળો ઢૂંઢે આંખને, બહેરો ઢૂંઢે કાન,
બોખલો ઢૂંઢે દાંત ને વાંઢો ઢૂંઢે નાર!

આમ જુઓ તો પરણેલા અને વાંઢાની વેદના એકસરખી જ છે. વાંઢા ક્યે છે કે તાજમહાલ બનાવવો છે પણ મુમતાઝ મળતી નથી અને પરણેલા પણ એમ જ કહે છે કે તાજમહાલ બનાવવો છે પણ મુમતાઝ 'મરતી' નથી. અમારા ગામડે જીવી ડોસીએ ત્રીજા નંબરના જમાઈનું નામ 'મહાણિયો' રાખ્યું'તું. નાનપણમાં અમે શેરીમાં વિચારતા કે ડોસીમાએ આવું નામ ક્યાંથી ગોત્યું હશે? પણ 'હોથલ પદમણી'ના 'મહાણિયા' કોણ ભૂલી શકે? 'તારી માને બજરનું બંધાણ...' ગુજરાતનાં ટોપ ટેન ગીતોમાં સમાવી શકાય એવું કૉમેડી ગીત હતું. અમે ભણતા ત્યારે રિસેસમાં નિશાળની લૉબીમાં એક ડાયલોગ સતત ગુંજતો કે 'ગુંગળીના કાકડી કાઈઢ' (ફિલ્મ : શેતલના કાંઠે) કોઈના રસોડામાં મૂળા જોતાંવેંત કુંવરબાઈના મામેરામાં બાપને કનડતો વાંઢો દીકરો, 'લ્યો મૂળો ખાશો? ને નાક કપાયુંને બાપા!' ગુજરાતીઓ કેમ ભૂલી શકે? 'ભાદર તારા વહેતાં પાણી'નો ઈ ઘૂઘરા બોકડાનો ભાઈબંધ કે 'વણઝારી વાવ' અને 'તમે ચંપો ને અમે કેળ'ના રમેશભાઈના હૃદયસ્પર્શી ઉદ્ગારો હજી મારા માંહ્યલામાં પડઘા ધે છે અને મને પોકારી પોકારીને ક્યે છે કે સાંઈ, આ ભાદર કાંઠાનો ભાયડો આપણી વચ્ચે છે નહીં પણ, જ્યાં સુધી ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી સ્વ. રમેશ મહેતા ગુજરાતીઓનાં હૃદયમાં ગુંજતા રહેશે. ન ભૂતો ન ભવિષ્યતિ.

હુંય લેખ પૂરો કરીને લલકારી લઉ છું કે 'ઓ હો હો હો...!'



~ હાઉકલી ~

કૌન કહેતા હૈ કી કલાકાર મર જાતા હૈ,
વો તો કબ્રમેં ભી તાલિયોં કે ઈંતજારમેં પાયા જાતા હૈ.

# બોલિવુડનો ગીરપ્રવાસ !

'ખુશબૂ ગુજરાત કી' અમિતાભ બચ્ચનના પ્રચારનો પડઘો બોલિવૂડમાં પડયો છે. ફિલ્મસ્ટારો માટે પણ વૅકેશનમાં ક્યાં જવું એ 'યક્ષપ્રશ્ન' કાયમ માટે હોય છે. આપણા આખા જગતનાં ફરવાનાં તમામ સ્થળોએ આ લોકો ફિલ્મનાં શૂટિંગ કરી આવ્યાં હોય છે એટલે આ ફિલ્મસ્ટારો F.B.I. અથવા અમેરિકાની પોલીસ જે ગંભીરતાથી ઍરપૉર્ટ પર ઈન્ડિયનોને તપાસે છે એટલી જ ગંભીરતાથી આ સ્ટાર્સ વૅકેશનનાં લોકેશન સર્ચ કરતાં હોય છે. આફ્ટર પેકઅપ, વિધાઉટ મેકઅપ આ સિતારાઓની બહુ દર્દનાક દુનિયા હોય છે. ખેર, બચ્ચન બાપુએ બધા જ સિતારાઓને આહ્‌વાન આપ્યું ને mail કર્યા કે બધાં ચાલો ગુજરાત, લંડન કરતાં લોથલ જોઈએ. ધોઈડી બેનુ જોવા કરતાં 'ધોળાવીરા' નિહાળીએ, અમેરિકા રખડવા કરતાં 'દ્વારિકા'નાં દર્શન કરીએ. સિંગાપુર કરતાં સિદ્ધપુર હાલો. મચ્છી ખાવા કરતાં કચ્છીઓને જોવા ચાલો. થાઈલેન્ડ અને સ્વિટઝર્લૅન્ડ કરતાં 'સિંહણલૅન્ડ' ગીરમાં તમને ખૂબ મઝા આવશે.

બિગ બીના mail પર આફરીન થઈને બોલિવૂડમાં તહેલકો મચી ગયો. સલમાન ને રણબીર, વિવેક ને મલ્લિકા, બિપાશા, કેટરીના અને રાખી સાવંત સહિત બે બસ ગુજરાતમાં ગીર જોવા તૈયાર થઈ.

અતુલ હાંફળોફાંફળો સવારમાં દોડતો આવ્યો. મને અંગૂઠો મઈડીને ઉજાગરામાંથી ઉઠાડ્યો ને બોલ્યો, સાંઈ, ઝટ જાગ. તારામાં જીવ આવી જાય એવા સમાચાર છે. હું આંખ ખોલીને તાડૂક્યો શું થયું? શું સારા સમાચાર છે? અતુલ ક્યે તું કલ્પના તો કર. મેં કીધું શું અણ્ણા હઝારે ભારતના રાષ્ટ્રપતિ થઈ ગયા? ઈ ક્યે ના, તો સેન્સેક્સ ૩૫,૦૦૦ પહોંચી ગયો? ઈ ક્યે ના, તો અફઝલ ફાંસીએ ટીંગાણો? અતુલ ક્યે ના ભાઈ ના, તો પછી બીજા સમાચારમાં શું દાટયું છે, સૂવા દે. મેં ઉત્તર વાળ્યો.

અતુલ ક્યે, અરે યાર, વિધા બાલન અને બચ્ચન બાપુ સાથે આખું બોલિવૂડ ગાંડી ગીરમાં આવ્યું છે. સવારમાં આવી ડર્ટી ડર્ટી વાત ઉખેડવામાં દી' આખો કઠણ જાશે. મેં વળી જવાબ વાળ્યો ત્યાં તો અતુલે છાપાં વંચાવ્યાં, બધાં છાપાંમાં હેડલાઇન, બધી ચૅનલમાં બ્રેકિંગ ન્યૂઝ કે બોલિવૂડની બે બસ ગાંડી ગીરમાં. અતુલ ક્યે સાંઇ, આપણે તો ગીરમાં જાવું જ જોઈએ કે આ સ્ટાર્સ કેવી રીતે ફરે છે? આ લોકોનું શું થાય છે.

મારી નીંદર પણ ઊડી ગઈ. મેં કહ્યું, સ્ટાર્સ ઘરે ગ્યાં, ગીરનાં પ્રાણીઓની મને ચિંતા છે. અમે બંને પણ ઘરમાં આમેય 'પત્નીના પિયરવાસ'ને લીધે નવરા હતા તે નાહીધોઈને કોઈને કહ્યા વગર સ્કૂટરમાં સાસણગીર પહોંચ્યા અને અમે જે દૃશ્યો જોયાં ઈ ટૂંકમાં વાંચી લ્યો.

ટૂરમાં છેલ્લી ઘડીએ શાહરુખે ગીરમાં આવવાની એને કદાચ બીક લાગી હશે કે ગુજરાતીઓ 'રા-વન' અને 'ડોન-રની ટિકિટના રિફંડ માંગે તો? ગીરમાં બધા સ્ટાર્સ રોકાણા છે.

**સીન નં. ૧**

સલમાન, રણબીર ને વિવેક ને બચ્ચન બધાય ગીરની નદીયુંમાં નાહી રહ્યા છે. ત્યાં એક વાંદરો સલમાનનું ગંજી લઈને ઝાડે ચડ્યો. બીજો વાંદરો રણવીરનો આઈફોન લઈને બીજા ઝાડે ચડી એમાંથી 'ઢીંકા ટીકા ઢીંકા ટીકા' ગીત શરૂ કર્યા ને બધાય વાંદરાએ કમરે હાથ લચકાવી સલમાનને એનો જ ડાન્સ બતાવ્યો. સલમાનને આ દૃશ્ય જોઈને ટાઢ ચડી ગઈ.

## સીન નં. ૨

કેટરીના અને ઐશ્વર્યા નેહડાની બેનું પાસે બેસીને ચૂલો પ્રગટાવતાં શીખતી હતી. ટીપેલા રોટલા બનાવતાં એશને ફાવી ગયું છે. અભિષેક નેહડાને ખાટલે માલધારીઓ ભેગો બેસીને રાતોરાત રૂપિયાવાળા કેમ થાવું, એના 'આઈડિયા' દેતો'તો ને સંજય દત્ત બીજા ટોળામાં ચલમ પીતો'તો.

## સીન નં. ૩

સની દેઓલ એકલો રખડવા ગ્યો'તો. એક સિંહ એની વાંહે પડયો. સની માંડ માંડ હોટલે પહોંચ્યો. સિંહે આવું કેમ કર્યાનું કારણ – સિંહને કોક'દી 'પંજાબી' ખાવાની ઈચ્છા ન થાય!

## સીન નં. ૪

ખૂંખાર દીપડા અને દીપડીઓનું ટોળું નાચતું હતું ત્યાં વચ્ચે વિદ્યા બાલન 'ઉલાલા ઉલાલા'નું ઝીલણિયું ગવડાવતી હતી.

## સીન નં. ૫

હરણાંઓએ ભેગા મળીને સિંહને આવેદનપત્ર પાઠવ્યું કે સલમાન અમારી નાતનો દુશ્મન છે અને રાખી સાવંતનાં નખરાંથી જંગલના છોકરાંવના સંસ્કારો બગડી રહ્યા છે. આ બેને કાઢો, નહીંતર અમે સમૂહમાં આત્મવિલોપન કરશું.

## સીન નં. ૬

ત્યાં મને મારી બાએ નીંદરમાંથી જગાડ્યો કે બેટા સાંઇ, લેખ નથી લખવો? જાગ હવે!

# પેટ્રોલદાન મહાદાન

પેટ્રોલના ભયંકર ભાવવધારાએ હાહાકાર મચાવી દીધો છે. મધ્યમવર્ગના માણસના પેટનો રીતસર 'રોલ' થઈ રહ્યો છે. પેટ્રોલિયમ મંત્રીએ પ્રજાની રેવડી કરી નાખી છે. મારી સગી ધર્મપત્નીએ કાલે કહ્યું કે, 'એય, મને ક્યાંક મોંઘીદાટ જગ્યા પર વૅકેશનમાં ફરવા લઈ જાઓ. હું તરત એને સ્કૂટર પાછળ બેસાડીને પેટ્રોલપંપ ઉપર લાવ્યો. મેં કહ્યું, પ્રિયે! મારા માટે સૌથી મોંઘી જગ્યા આ છે. મારી પ્રાણવલ્લભાએ આશ્ચર્ય સાથે મને પૂછયું કે સ્વામી કેમ આવું કહો છો? મેં કહ્યું, ડિયર પેટ્રોલ એંશી રૂપિયાને અડી ગયું. પત્નીએ ઠંડે કલેજે ઉત્તર વાળ્યો કે આપણને શું ફેર પડે છે. આપણે તો દર વખતે સો રૂપિયાનું જ પુરાવીએ છીએ ને...? હું કશું બોલ્યા વગર ઘર તરફ ભાગ્યો ને મનોમન વિચારતો'તો કે આ દેશમાં પેટ્રોલના ભાવ કદી નીચે નહીં આવે અને અફઝલ કદી ઉપર નહીં જાય!

વાચકમિત્રો, તમારા મગજની ફાસ્ટ ફોરવર્ડની સ્વીચ દબાવો ને મારી સાથે વિચારો તો, કે'જો કે આમ ને આમ ચાલ્યું તો ઈ.સ. ૨૦૩૦માં પચીસ હજાર રૂપિયે લિટર પેટ્રોલ હશે. ત્યારે તેલ-પેટ્રોલ-ડીઝલ અને પાણી તથા કેરોસીન બધું જ એક જ ભાવે મળતું હશે. ફુગાવો ફાટીને ધુમાડે ગયો હશે. તમામ પેટ્રોલપંપો પુરાતત્ત્વ ખાતાવાળાએ એમની અંડરમાં લઈ લીધા હશે.

મ્યુઝિયમમાં જેમ આજે આપણે મહારાણા પ્રતાપનું બખ્તર અને ભાલો આપણી પ્રજાને દેખાડવા લઈ જઈએ છીએ, એવી જ રીતે ૨૦૩૦માં આપણે આપણાં સંતાનોને પેટ્રોલપંપ બતાવવા લઈ જાશું અને ગૌરવ સાથે કહેશું કે જો બેટા, આને પેટ્રોલપંપ કહેવાય. એક જમાનો હતો જ્યારે અમને એંશી રૂપિયે લિટર પેટ્રોલ જોઈએ એટલું મળતું હતું, પરંતુ અમારા બેફામ ઉપયોગને લીધે હવે તમારા નસીબમાં માત્ર બંધ પેટ્રોલપંપ જ જોવાના રહ્યા. આ સાંભળીને ૨૦૩૦ની આપણી જ હાઈફાઈ જનરેશન આપણને એક મસ્તીની ઈંગ્લિશ ગાળ દઈને કહેશે કે યુ... (બાજુની ખાલી જગ્યામાં યોગ્ય ગાળ પૂરી લેવા વાચકોને નમ્ર વિનંતી.)

અત્યારે નાખેલા તમામ ઑટો પ્લાન્ટ ખંડેર થઈ ગયા હશે અને એમાં છોકરાઓ ક્રિકેટ રમતા હશે. (અથવા તો ક્રિકેટ પાછળનો સટ્ટો રમતા હશે.) ઈ.સ. ૨૦૧૫ પછી જુદી જુદી કંપનીઓ 'પેટ્રોલબૅન્ક' ખોલવાની શરૂ કરશે. જેની મસમોટી જાહેરાતોમાં લખ્યું હશે કે, 'જો તમે તમારી આવનારી પેઢીને મોંઘી ગિફ્ટ આપવા માંગતા હો તો અમારી ફલાણી-ઢીંકણી-પૂંછડી બૅન્કમાં આજે જ પેટ્રોલ જમા કરાવો. અમે વીસ વરસ પછી તમારા પૌત્રો કે દોહિત્રોને આટલા ગણું વધારીને આજના જ ભાવે પેટ્રોલ આપીશું.'

'પેટ્રોલદાન મહાદાન' સૂત્રો ગામેગામ લખેલાં હશે. જ્ઞાતિ જમણને બદલે પુણ્ય પ્રાપ્ત કરવા જ્ઞાતિજનોને પેટ્રોલ ભરેલી પોલિયાનાં ટીપાં જેવડી શીશીયું ભેટ ધરાશે. દાન અને ધર્માદા કરનારા દાતાશ્રીનું રક્તતુલા અને સ્વર્ણતુલાની જેમ 'પેટ્રોલતુલા'થી સન્માન થશે. બ્લડબૅન્કની જેમ પેટ્રોલના બાટલા ફોર વ્હીલર માટે છૂટા મળશે. ટુ વ્હીલરનો ઉપયોગ ઈ.સ.

૨૦૩૦માં માત્ર બાળકો ક્રિકેટના સ્ટંપ તરીકે અથવા ફળિયામાં બેસવાનો ખુરશી તરીકે કરશે. યાદ રાખજો ત્યારે ફોર વ્હિલર રોકડેથી મળશે અને પેટ્રોલ કે ડીઝલ માટે બૅન્કમાંથી લોન લેવી પડશે. દરેક ઘર ઉપર, દરેક વ્યક્તિ ઉપર પેટ્રોલ કે ડીઝલનું દેવું હશે. જે ભરપાઈ કરવા લોકો ઘરબાર વેચીને જૂની વિંગર કે ટેમ્પો ટ્રાવેલર જેવી મોટી ગાડીયુંમાં જ વસવાટ કરશે.

૨૦૩૦માં અમીરો પોતાનાં દીકરા-દીકરીનાં લગ્નમાં અત્તરની માફક 'પેટ્રોલ પૂમડાં' મહેમાનોને કંકોત્રી વહેંચતા હોય એમ બાંટશે. અમેરિકા ત્યારે 'પેટ્રોલની ટૅબ્લેટ' બનાવશે અને ચાઈનાવાળા એની ડુપ્લિકેટ આપણા દેશમાં ઘુસાડી કરોડોનું કૌભાંડ કરશે અને આપણા આદરણીય નેતાશ્રીઓ ત્યારે પણ રાબેતા મુજબ બેશરમપણે સ્વિસબૅન્કમાં દેશનું ચોરેલું 'કાળું પેટ્રોલ' જમા કરાવશે. ઍન્ડ મૉરલ ઑફ ધ સ્ટોરી ત્યારે એક પણ બાબા રામદેવ કે અણ્ણા હજારે દેશમાં જાગશે જ નહીં!

આયાત કરેલી તમામ બાબતોમાં હિન્દુસ્તાન સદા મોહતાજ બને છે. કરકસરથી ઇંધણ વાપરતાં નહીં શીખીએ તો છતી ગાડીએ ગાડામાં બેસવાનો વારો આવશે. ગાય, બળદ, ઘોડો કે પશુઓ કોઈ નહીં હોય તો પછી મોબાઈલ, લેપટોપ, AC, ઓવન અને નીતનવી ગાડીયું સાથે એક લાચાર આદિમાનવ યુગ તરફ પ્રયાણ કરશું અને પેટ્રોલ માટે થનારા ચોથા વિશ્વયુદ્ધમાં સાગમટે અંદરોઅંદર લડી લડીને ગુજરી જાશું... રેડ્ડી... ગેટ સેટ... ગો!



~ હાઉકલી ~

જ્યાં મારું અને તારું છે ત્યાં જ અંધારું છે .

# એક ગોટલાની આત્મકથા

હું એક કેરીનો ગોટલો છું. કેરીના મૂળમાં અને કુળમાં એના વંશને ટકાવવામાં મારો સિંહફાળો છે. ટાટા, બિરલા કે હિંદુજા જેવા શ્રીમંત પરિવારો જેમ એના વારસદારોનું જતન કરે એવી માવજત કરી નાનપણથી મને ઉછેરવામાં આવ્યો છે. સફળ માળીને જેમ બીજમાં વટવૃક્ષનાં દર્શન થતાં હોય અને કોઈ પણ પાર્ટીને જેમ જિલ્લા પ્રમુખમાં ભવિષ્યના ધારાસભ્ય દેખાતા હોય તેવી જ રીતે હું લાખો કમાઈને દેવાનો છું એવા સંપૂર્ણ સ્વાર્થ સાથે મારો ઉછેર કરવામાં આવ્યો.

ક્રિશ્ન જેવી સ્થિતપ્રજ્ઞ અવસ્થા મેં સતત અનુભવી છે. મતલબના પાણી પી પીને પબ્લિકને સ-રસ ફળ જ આપવાનો 'ગણિકાધર્મ' મારે નિભાવવાનો છે. રાષ્ટ્રવાદ, ભાષાવાદ, કોમવાદની જેમ મને પણ 'ફળવાદ' નડ્યો. મને મારી નાતથી જુદો પાડી પિંજરે પૂરવામાં આવ્યો. નાની ગોટલીમાંથી હું છોડ બન્યો. ઘટાટોપ છાંયો દેવા જેવો થયો એટલે ટાબરિયાંઓ મારા છાંયે રમવા લાગ્યાં. એ બાળકો વહાલમાં ને વહાલમાં કેરીના કુળનો ઘડિયા જેવો પાળો મસ્તીથી ગાતા જે હજુ મને યાદ છે.

કેરી પંચા પાયરી, કેરી એકુ કેરી, કેરી દૂ છોતરા, કેરી,
તરી ગોટલા, કેરી ચોકુ ટોપલા, કેરી છક રસ, કેરી સત્તા કટકી,
કેરી અઠ્ઠા અથાણું, કેરી નવા મુખવાસ, કેરી દસા આંબો.

આ મને મારું પ્રશસ્તિ કાવ્ય લાગતું. એ બાળકો ઉપર પ્રસન્ન થઈ હું એની ઉપર કાચી કેરીઓ વરસાવતો. આમ તો મારા સાચા માલિક મને પ્રેમ કરનારા આ ભૂલકાંઓ જ હતાં, છતાં જેની જમીનમાં હું ભૂલથી ઊગ્યો'તો એ સ્વયં સ્વાર્થાવતાર માલિકની રાક્ષસી ત્રાડ એ ભૂલકાંઓને ભગાડી મૂકતી. 'આ તમારા બાપનો આંબો છે?' ત્યાંથી લઈને ઉચ્ચ કક્ષાના અપશબ્દો મારે પણ અકારણ સાંભળવા પડતા. એક ઑફ ધ રેકોર્ડ વાત કહું તો મારી કેરીઓમાં કશું હતું જ નહીં, પણ પેલાં ભૂલકાંઓ મારા થડને બથ ભરીને રમતાં, મને પ્રેમ કરતાં'તાંને એટલે મારી કેરીઓને મીઠાશ મળી'તી અને જે જે કેરીઓ ખાટી રહી ગઈ ને એના હૃદયમાં પેલ્લા સ્ટુપિડ માલિકની ગાળોની અસર રહી ગઈ'તી એટલે! કોઈને કહેતા નહીં!

ખેર બાળપણ પત્યું, જુવાની બેઠી. મારી પર ઐશ્વર્યા રાય જેવો પહેરો મુકાયો. ફળોની દુનિયાની હું 'Miss Universe' હોય એમ મારી ઉપર અનેક પ્રકારના પ્રતિબંધો લગાવવામાં આવ્યા. 'ડર્ટી પિક્ચરની'ની વિદ્યા બાલનને જે નજરથી લોકો જોતા'તા એનાથી પણ વધુ ભૂખી નજરથી મારો માલિક રોજ મારું જોબન નીરખવા ને તપાસવા આવતો. ત્યારે હું કેરી તરીકે ખૂબ મૂંઝાતી કે આના કરતાં તો હું 'ચણિયા બોર' કે ખારેક થઈ હોય તો સારું. મારા માલિકે મને ઉતાર્યા પહેલાં નજરથી અનેક વાર ખરાબ રીતે ખાધી છે. જેનાથી હું ખૂબ પીડાઈ છું. ક્યારેક આ 'ચક્ષુશોષણ'થી મને આત્મહત્યાના વિચારો પણ આવ્યા છે.

અને એક 'દી અચાનક મારા માલિકે મારા અંગેઅંગમાં સોય ભોંકાવી, વધારે કેરીયું

મેળવવાની લ્હાયમાં મને કેમિકલનું ઈન્જેક્શન મારવામાં આવ્યું. હું ઝણઝણ્યો. રોમેરોમ કંપીને મારી ઉપર ઊગેલી તમામ કેરીયુંને મેં વિદાય આપી. મને 'કાળજાનો કટકો' બેકગ્રાઉન્ડમાં ગાવાનો પણ સમય ન મળ્યો. મારી પાસેથી કેરીઓની 'પ્રિમેચ્યોર' ડિલિવરી કરાવવામાં આવી. મને બૉક્સમાં પેક કરીને હજુ ઓછું હોય એમ 'કાર્બેટ'નો સહવાસ આપવામાં આવ્યો. મનમાં થયું કે 'કાશ આ સાલ્લા માણસોમાં પણ માણસાઈ પકવવાનો 'કાર્બેટ' મળતો હોત તો?

આવી ખીજથી હું પાકી નહીં, પણ ગુસ્સામાં પીળી પડી ગઈ. કહેવા ખાતર હું ફળોનો રાજા 'કેરી' છું, પણ રાજાશાહી વગરનો રાજા, મિનિસ્ટર વિધાઉટ પૉર્ટફોલિયો. આફૂસ, લંગડો, કેસર, બદામ, તોતા, રત્નાગિરિ, નીલમ કે જમાદાર મારી આખી નાત વતી તમને કહું છું કે બાર મહિનામાં તમારાં અથાણાં સાચવવા મેં મારાં નાનાં સંતાનોને કાચી ઉંમરે શહીદ કર્યાં એની તો કદર કરો!

સારાં ફળો દુબઈ ને લંડન ઍક્સપોર્ટ થયા પછી વધીયાણ માલ આયાં પબ્લિકને પધરાવાય એમાં મારો શું વાંક? ખાતી વખતે 'સાલ્લી કેરી ખાટી નીકળી' કહી મને ગાળ ન આપો પ્લીઝ, કારણ કેસરના કુળથી ખાટું ન થવાય. આ ઓલા ઈન્જેક્શન અને કાર્બેટના પાપે હું તમને વહેલી બટકી ગઈ એમાં હું શું કરું?

એક ગોટલામાં ત્રણ છોકારા'વને ધરવીને ઘરધણી રોફથી કહે છે કે પ્રેમ વધે, પ્રેમવાળા! તારે ગોટલામાં કાંઈ નથી વધવા દેવું એમ કહેને? છાલનો પણ રિસાઈક્લીન બીનની જેમ ફજેતો કે ભાંભલો બનાવવામાં આવે છે (મને આ જોઈને મનમાં થાય છે કે ખરેખર ફજેતો તો મારા ઉપયોગમાં માણહના સ્વાર્થનો થાય છે) ગુજરાતીઓના ઘરમાંથી નાંખી દીધેલા ગોટલા જનાવર પણ ખાતું નથી. સિત્તેર ટકા ગૃહિણીઓ ગોટલા સૂકવીને મારો મુખવાસ બનાવે છે. વાહ! તમારી કરકસર! ગોટલીના બીથી મુખવાસ સુધી હું તો તમને આજીવન, પળેપળે કામ લાગ્યો, પણ માણસો વિચારજો કે તમે...?

લિ. એક કેરીનો ગોટલો. ભરબપ્પોરે, ઉનાળો,



~ હાઉકલી ~

પત્નીઓને હાર્ટઍટેક નથી આવતા,

કારણ કે એને પત્ની નથી હોતી ને યાર!

# પત્નીમેવ જયતે

બો લિવૂડમાં ફરી એક વાર ઐતિહાસિક લગ્ન થવાં જઈ રહ્યાં છે. ભાઈ સૈફઅલી ખાન જે લગ્ને લગ્ને કુંવારો છે તે કરિના ઉર્ફે બેબો સાથે ફરી એક વાર ફેરા ફરવાનો છે. સૈફની ફોઈએ એનું નામ પાડ્યું, પણ એનામાં નામ પ્રમાણે જરાય ગુણ નથી. સૈફઅલીનું લગ્નજીવન જરાય SAFE નથી. સૈફે જેટલું લગ્ન કરવામાં ને તોડવામાં ધ્યાન દીધું એટલું જો ફિલ્મોમાં આપ્યું હોત તો આજે સૈફ સુપરસ્ટાર હોત.

પરંતુ, કિન્તુ, મગર, કારણ કે એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે એમ એક નિષ્ફળ પુરુષ પાછળ ઘણી બધી સ્ત્રીઓનો હાથ હોય છે.

તુલસીદાસજીએ રામાયણમાં લખ્યુ છે ને કે, 'સમરથ કો નહીં દોષ ગુંસાઈ' અર્થાત્ સમર્થ કે મોટાના દોષ ન જોવાય. શ્લેષમાં બીજો અર્થ એમ પણ કરી શકો કે સમર્થમાં કો – એટલે ક્યો દોષ બાકી હોય? દરિયો મહાન હોવાને લીધે જ આપણે એના દીકરા 'મીઠા'ને ખારો હોવા છતાં મીઠો કહીએ જ છીએ ને! કારણ કે ઈ મોટા બાપનો દીકરો છે. નવાબસાહેબના શહેજાદાના ખેલ આપણે તો મૌન જોયા કરવાના. યાદ છે નાનપણમાં આપણે એક રમત રમતા 'ચલ્લક ચલ્લાણું– ક્યા ઘરે ભાણું? આ ફિલ્મવાળા તો આ રમત જિંદગીમાં સતત રમતા હોય એવું મને લાગ્યા કરે છે.

બીજી ત્રીજી વાર જે લોકો પરણે છે એ જોઈને મને કાયમ મનમાં થાય કે આ બિચાકડાને એકની એક ભૂલની સજા બીજી-ત્રીજી વાર મળી રહી છે. મારા પાડોશમાં એક કાકા ત્રીજી વાર પરણ્યા. મેં વળી પૂછ્યું કે કાકા આમાં ફાયદો શું થયો? કાકા ક્યે ઘોડા ઉપર બેહતાં આવડી ગયું લે બોલ! ત્રીજા નંબરના કાકીએ ઘરમાં એન્ટ્રી કરી તો કાકાએ ફળિયામાં ત્રણ ગોખલા રાખેલા અને એમાં જુદા જુદા રંગની ચૂંદડીઓ ટીંગાડેલી. કાકીએ કંકુપગલાં કરતાંવેંત સવાલ પૂછ્યો કે સ્વામિનાથ, આ ચૂંદડીઓ કોની છે? કાકાએ વટથી જવાબ આપ્યો આગલી બે પત્નીઓની નિશાની છે. પ્રથમ પત્નીને લાલ રંગ ગમતો હતો એટલે પહેલા ગોખલે લાલ ચૂંદડી ને બીજીને કાળો રંગ ગમતો હતો એટલે બીજા ગોખે કાળી ચૂંદડી ટીંગાડેલી છે. ને વહાલી, ત્રીજો ગોખલો ખાલી છે!!! તને કયો રંગ ગમે છે?

ત્રીજા નંબરના ખતરનાક કાકીએ જવાબ આપ્યો કે સ્વામિનાથ, તમે હવે ચૂંદડીઓની ચિંતા ના કરતા, કારણ કે હવે આંય ચૂંદડીઓ નહીં, પણ ટોપીઓ લટકશે. હું પણ ચારને ટીંગાડીને આવી છું ને મારે તમે પાંચમા છો. આ સાંભળીને કાકાના તો હોશ જ ઊડી ગયા.

મારું એવું માનવું છે કે પત્ની જ્યારે હાજર નથી હોતી તો તકલીફ આપે છે, પરંતુ હયાત નથી હોતી ત્યારે તો ખૂબ તકલીફ આપે છે. પત્નીઓનો આખો સમૂહ પતિ પાસે પોતાનું ધાર્યું કામ કરાવી અને પોતે અર્ધાંગિની હોવાની સતત સાબિતી આપતી રહે છે. ઘરની નાની નાની સમસ્યા અને એના સોલ્યુશન માટે તે સર્જાયેલી અને ટેવાયેલી છે. અને તેને ખાળવાના આ સંપૂર્ણ અબાધિત અધિકારોને સતત સરમુખત્યારપણે તે ભોગવતી હોય છે. ઘણા મરદ મુછાળા પતિદેવોને મેં બંધબારણે પત્નીની ધાકથી સાવરણી કાઢતા રંગે હાથે પકડ્યા છે. આજે

તમે ભીંડો સુધારી ધો તો જ શાક થાશે, નહીંતર છુટ્ટી! આવું વટથી કહેવાવાળી એક આખી માથાફરેલી પત્નીઓની જમાત છે. આમેય બંગડીના ઘોબા જેને જેને લાગ્યા છે ઈ બિચારા પતિદેવો કોઈ દી ઊંચા સાદે ક્યાંય નથી બોલી શક્યા.

પત્નીપીડિત પતિદેવોના ઘરમાં ભાષા અને સાહિત્યની તમામ કહેવતો, રૂઢિપ્રયોગો અને ભજનોનાં સ્વરૂપો બદલાઈ જાય છે. કારણ કે ત્યાં પત્ની જ કેન્દ્રસ્થાને હોય છે. સત્યમેવ જયતેની જગ્યાએ 'પત્નીમેવ જયતે' બોલાય છે. 'પ્રભુ ઈચ્છા બળવાન' નહીં, પરંતુ 'પત્ની ઈચ્છા બળવાન' અને 'હરિ કરે તે ખરી' નહીં પણ 'પત્ની કરે તે ખરી' સમજાય છે.

એવાં ઘણાં ઘર છે જ્યાં ધાર્યું ધણીનું નહીં, પણ ધાર્યું ધણિયાણીનું થાય છે. લાચાર અને આજીવન ફરજિયાત મૌન સેવનારા એ શોષિત પતિદેવ માટે 'જન સેવા એ જ પ્રભુ સેવા'નો મંત્ર 'પત્ની સેવા એ જ પ્રભુ સેવા'માં પલ્ટી જાય છે. એ બિચાકડા પતિદેવો પેલું પ્રચલિત ભજન 'હરિ મારું ગાડું તું ક્યાં લઈ જાય?' એમ ગાવાને બદલે 'પત્ની મારું ગાડું તું ક્યાં લઈ જાય?' એમ ગાય છે. 'શંભુ શરણે પડી'ને બદલે 'પત્ની શરણે પડી માગું ઘડીએ ઘડી શાંતિ આપો!' એવું ભાવથી ગાયા કરે છે અને પેલું પ્રાચીન પ્રભાતિયું આ પતિદેવોના શ્વાસોશ્વાસમાં વણાઈ ગયું છે કે –

એ વી વહાલી, અખંડ રોજી પત્નીના હાથમાં,
વહાલી મારી જુએ છે વિચારી...!
ખાવા રે વાળી નથી કાંઈ દુબળી,
પત્ની મારી થઈ ગઈ છે બહુ ભારી...!



~ હાઉકલી ~

નીચેનું વાક્ય નોનસ્ટોપ ઝડપથી દસ વાર બોલી બતાવો :

'ગાય ઘાસ ખાય, ભેંસ ઘાસ ખાય...!'

# એડમિશનના સાત કોઠા !

શાળાઓમાં વૅકેશન ખૂલ્યાં અને રાષ્ટ્રપતિ ભવનમાં વૅકેશન પડી ગયું છે. રાત્રે જમીને પરિવાર સાથે હું બેઠો હતો. ન્યૂઝ ચૅનલમાં 'કૌન બનેગા રાષ્ટ્રપતિ'ની રમત અમે સહપરિવાર નિહાળી રહ્યાં હતાં. એમાં છોકરાએ અઘરો સવાલ કર્યો કે હેં પપ્પા, આ રાષ્ટ્રપતિ એટલે શું? છઠ્ઠા ધોરણમાં ભણતાં બાળકને સરકારી વ્યાખ્યા તો સમજાય નહીં, એટલે મેં એની ભાષા પ્રમાણે વ્યાખ્યા આપી કે બેટા, આ રાષ્ટ્રપતિ એટલે ગોરબાપા. ગોરબાપા કોઈ પણ લગ્ન કરાવી ધે, પણ ઘર હલાવવા ન આવે. પ્રધાનની અને પ્રજાની છેડાછેડી બાંધે તેને રાષ્ટ્રપતિ કહેવાય. ત્યાં મારા બાપુજીએ વચ્ચે સૂર પુરાવ્યો કે સાવ સાચું, ગોરબાપા ને રાષ્ટ્રપતિ બેય સરખા લાચાર પાત્રો છે. લગ્ન પછી પતિ-પત્ની જીવે કે મરે, ઝઘડે કે સંપીને રહે એમાં ગોર કાંઈ ન કરી શકે, એમ રાષ્ટ્રપતિ પણ પ્રધાનને શપથ લેવડાવ્યા પછી ઈ પ્રધાન ભ્રષ્ટાચાર કરે તો એને માત્ર જોયા કરે.

ત્યાં આ વ્યાખ્યા ઉપર વધુ પ્રકાશ પાડવા રાબેતા મુજબ પત્ની વચ્ચે કૂદી પડી કે બેટા, હું ને તારા પપ્પા ઘણી વાર એકબીજાના સમ નથી ખાતાં કે તમે આજે બહાર પાંઉભાજી જમ્યા છો કે નહીં, મારા સોગંદ ખાવ? એમ આપણા દેશમાં પણ રાષ્ટ્રપતિ એ સમ ખાવા માટે જ છે.

ત્યાં મારી મમ્મીએ એક વાજબી અને વેધક સવાલ પૂછ્યો કે સાંઈ, તો આ કલામ સાહેબ તો વૈજ્ઞાનિક છે અને આખા દેશમાં એક જ સારો માણસ વધ્યો છે, ને ઈ પણ બીજી વાર રાષ્ટ્રપતિ બનવાની ના શા માટે પાડે છે? મેં યથાશક્તિ વિચારીને જવાબ આપ્યો કે મા, ઈ વિજ્ઞાનના માણહ છે. સાચા પ્રયોગો કરવાવાળા કદી ખોટા પ્રયોગ કરે નહીં. એ જાણે છે કે કઈ વાત વંદનીય છે અને કઈ નીંદનીય? અને આમેય રાજા અને કનિમોઝી જેવાને શપથ લેવડાવીને દેશને ડુબાડવા કરતાં ઘરે રહીને દેશને ઉગારવામાં મદદ ન કરું? આવું વિચારીને જ કલામ સાહેબે ના પાડી હશે.

ત્યાં વળી છેલ્લે છોકરાના મગજમાં સવાલનો સૂતળી બૉંબ ફૂટયો. ઈ ક્યે હેં પપ્પા, તો પછી સંન્યાસી પતિ થઈ શકે? મેં કહ્યું, શું બેટા ભાંગરા વાટે છે? ઈ ક્યે, સૉરી સૉરી. આપણા દેશમાં કોઈ સંન્યાસી રાષ્ટ્રપતિ બની શકે? તો પછી એને પણ પતિ કહેવાના?

ઘરમાં કોઈની પાસે જવાબ નહોતો એટલે મેં બાજી સંભાળી કે બેટા, અટાણે તો આ ઉખાણું મૂક. આ રાષ્ટ્રપતિ પદ માટે દેશમાં 'સંગીતખુરશી' રમાય છે. ઘીના ઠામમાં ઘી પડી જાશે. કલામ નહીં તો કોઈ પણ કહ્યાગરા 'ગુલામ'ને આ લોકો બેસાડ્યે પાર કરશે જ!

અમે હજી તો રાષ્ટ્રપતિચાલીસા પૂર્ણ કરીએ ત્યાં ચુસાઈ ગયેલા કેસર કેરીના ગોટલા જેવું મોઢું લઈને અતુલ આવીને બોલ્યો, કે સાંઈ તું આ રાષ્ટ્રપતિની પીંજણ છોડ અને આ પતી ગયેલા પતિની ચિંતા કર. મારા છોકરાના ઍડ્મિશનનું શું થયું?

મેં કહ્યું, અતુલ તારા છોકરા માટે તેં કહેલી સ્કૂલના પ્રિન્સિપાલ સાથે વાત થઈ, તો એણે મને એમ કહ્યું કે : હું અત્યારે મારા છોકરાના ઍડ્મિશનની દોડાદોડીમાં છું. મારા છોકરાનું ક્યાંક ગોઠવાઈ જાશે પછી તરત જ હું અતુલભાઈના છોકરાને ઠેકાણે પાડી દઈશ!

ઍડ્મિશન અત્યારે એક મિશન થઈ ગયું છે. અભિમન્યુના સાત કોઠા સહેલા પણ રાજકોટ, વડોદરા, અમદાવાદ કે સુરત જેવા શહેરની પ્રતિષ્ઠિત શાળામાં ઍડ્મિશન અઘરાં થઈ પડ્યાં છે. વાલીઓ ભીષ્મની જેમ વીંધાઈ જાય છે. સત્ર ખૂલતાં જ પુસ્તકો ચોપડા અને ફીના ખર્ચામાં વાલીઓ કેરીની જેમ નીચોવાઈ જાય છે. આજકાલના છોકરાવ 'વિદ્યા' મેળવતાં પહેલાં 'વિદ્યાબાલન' જેવી યુવતી સાથે પરણવાના ખ્વાબ જોતા હોય છે.

એક હાઈટેક હાઈસ્કૂલમાં અતુલના છોકરાની ફીનું એણે પૂછ્યું, તો સાહેબે કહ્યું કે છ મહિનાના ૭૦ હજાર ને હૉસ્ટેલના ૨૦ હજાર નોખા! આ ભાવ સાંભળીને અતુલનું મોઢું ચોંટાડેલી ચ્યુઈંગમ જેવું થઈ ગયું. અતુલે પ્રિન્સિપાલને ફાકડું કહી દીધું કે સાહેબ, કાંઈક તો વાજબી કરો. ચાલીસ હજારમાં તો મારા લગ્ન થ્યાં'તાં. ને આ સિત્તેર હજાર ફી...? પ્રિન્સિપાલ કહે, અતુલભાઈ પગાર કરતા મોંઘવારી હંમેશાં વધુ જ હોય. લાઈન લાંબી છે ઝટ નિર્ણય કહો.

અતુલે સેકન્ડ ઑપિનિયન લેવા માટે સ્કૂલ બહાર બેઠેલા ચોકીદારને પૂછયું કે ભાઈ, આ શાળા બરાબર તો છે ને? સિત્તેર હજાર ફી ભરવા જેવી ખરી? ચોકીદાર ક્યે ભરી ધો સાહેબ, નિશાળ બહુ સારી છે. હું આયાં જ ભણ્યો છું. નોકરીની સો ટકા ગેરંટી અને એક વાલી તરીકે અતુલને ચક્કર આવી ગ્યા.

# સિરિયલ કિલર

**મા**રી જ એક હાસ્ય કવિતાથી વાતને ઉપાડ આપું કે –

ઊકળી ગયો છું એવો પરણીને પ્યારમાંથી,
કોઈ મને બચાવો વેલણ પ્રહારમાંથી
એ રોજ સાડા આઠે સિરિયલમાં એવી ખૂંચે,
કોઈ એને બહાર કાઢો કલર્સ ને સ્ટારમાંથી...!

ટીવી એ આપણી આંખ્યુંનું અફીણ થઈ ગ્યું છે. ટીવી ચૅનલોએ આપણી 'ઘરસભા'નું સરેઆમ એન્કાઉન્ટર કરી નાખ્યું છે. અરથ વગરની ન્યૂઝ ચૅનલો કારણ વગરના બ્રેકિંગ ન્યૂઝ બતાવી બતાવીને આપણું માનસિક સંતુલન દીમાં દસ વાર ખોરવવા સક્ષમ છે. દેશમાં બનતી દુર્ઘટનાઓ અને ક્રાઈમને આ ન્યૂઝ ચૅનલવાળા, આપણા કાન જાણે કેમ કચરાપેટી હોય એમ ઠાલવી જાય છે.

ન્યૂઝની છોડો ઍન્ટર્ટેઈનમૅન્ટ ચૅનલોનો ઉપાડો પણ કાંઈ ઓછો નથી. નાચવાવાળા બંધ થાય તો ગાવાવાળા શરૂ થાય છે. ગાવાવાળાની વાંહોવાંહ વેખલાની જેમ ખીખીયારિયું કરતા હસવાવાળા શરૂ થાય છે. ઈ પતાવો ત્યાં વાંહોવાંહ રિયાલિટી વગરના રિયાલિટી શો શરૂ થઈ જાય છે.

IPLની ક્રિકેટ મૅચનો માત્ર સ્કોર જોવા પણ મેં જ્યારે જ્યારે અર્ધાંગિની પાસેથી રિમોટ માગ્યું છે ત્યારે ત્યારે એને 'ભારત પાસેથી કાશ્મીર' માંગી લેતો હોઉં એવી ફિલિંગ્સ થાય છે. છતાં આટલી ગુસ્તાખી માટે પણ મને મારી પત્ની 'સિરિયલ કિલર'ની પદવીથી નવાજે છે.

આપણાં સંધાયના ઘરમાં જેવા નવ વાગે છે, કે રસોડાં આટોપાઈ જાય છે. શેરીની ઓટલા પરિષદો સંકેલાઈ જાય છે અને ખુરશીમાં માંડ માંડ સમાતી મહિલાઓ સૌનાં ઘરમાં પેર્યે લુગડે ટીવી સામે ચોંટી જાય છે, કારણ કે સ્ટારપ્લસ અને કલર્સ આ બે ચૅનલમાં એક ટ્રેક્ટર ભરાય એટલી દુખિયારી બાયું ઠલવાય છે. વૈભવી બંગલા, લેટેસ્ટ ગાડીયું, હાઈફાઈ મોબાઈલ અને મોંઘીદાટ સાડીયુંમાં ભારતીયતાના ઓવરડોઝથી ભરેલી આ ગૃહિણીઓ ઉપર જાણે દુ:ખના પહાડ તૂટી પડયા છે. આ સિરિયલનું મહિલામંડળ રાત્રે ૯ વાગ્યે રોવાનું શરૂ કરે છે કે ઠેઠ પોણા બાર લગી ભેંકડા તાણીને ઈમોશનલ અત્યાચાર આદરે છે. મૉરલ ઑફ ધ સ્ટોરી ઈ છે કે સિરિયલમાં આદર્શ ગૃહિણીની ઓવર ઍક્ટિંગ કરનારી નેવું ટકા મૉડલ કુંવારી છે! મને તો આ બધી સિરિયલો પતિ અને પરિવારને (અને દર્શકોને) કેવી રીતે ઉલ્લુ બનાવવા એના જાણે સેમિનાર હોય એવી લાગે છે. રોતલી બાયું સામે સારું છે એક 'સબ' ચૅનલ હસાવી જાય છે. નહિતર તો અટાણે દેશમાં મહિલાઓની સંખ્યા ભ્રૂણહત્યાને લીધે નહીં, પણ આવી ટ્રેજડી સિરિયલોને લીધે ઘટી જાત. મેં એક પણ સિરિયલ જોયા વગર ઘરવાળી અને મમ્મીને પૂછી પૂછીને છેલ્લાં બેત્રણ વરસની સિરિયલોનું એક સર્વેપત્રક બનાવ્યું છે. (ઘરવાળીનું નામ ન લખું તો પ્રૉબ્લેમ થાય – પોલિસી મેટર?) ચાલો જરા સિરિયલોનું ફાસ્ટ રિવાઈન્ડ કરો...

## સાસ ભી કભી બહુ થી

એકતા કપૂરની આ સિરિયલ સમગ્ર ઈમોશનલ અત્યાચારનું ઉદ્‌ગમસ્થાન છે. એકતા કપૂરની એક પણ સિરિયલમાં એકતા નથી હોતી. (કારણ પોતે કુંવારી ગુડાણી છેને) આ સાસ બહુના ઉપાડાને લીધે શાકમાર્કેટમાં બાયુંને પોતાના પરિવાર કરતાં વિરાણી પરિવારની ચિંતા વધુ થાતી'તી. તુલસી(સ્મૃતિ ઈરાની)ની ચિંતા વાંહે લગભગના ઘરની તુલસી સુકાઈ ગઈ ને ઓલી તુલસી ટચલી આંગળીમાંથી પાકેલા અંગૂઠા જેવી થઈ ગઈ ને સાંસદ થઈને જામી ગઈ. આ સિરિયલમાં એક 'બા' હતાં, જે અબ્રાહિમ લિંકનની જેમ એકધારા હાલ્યાં જ આવતાં'તા. કદાચ એને અમરપદ પ્રાપ્ત થયું હતું.

## કહાની લઘર વઘર કી (સૉરી ઘર ઘર કી)

અમારી પાડોશના એક માજી એમ માનતાં હતાં કે આમાં આવતી પાર્વતી એક દી અગ્નિસ્નાન કરીને મહાદેવને પ્રગટ કરશે, પણ એમાં મહિનાઓ સુધી કૈલાશપતિને બદલે ગોટે ચડેલા પતિઓ જોઈને માજીએ સિરિયલથી કંટાળી ટીવી જ વેચી નાખ્યું લ્યો બોલો!

## ઉતરન

કલર્સ ઉપર મસ્ત ટી.આર.પી. મેળવનારી આ સિરિયલ પણ ચ્યુઈંગમની જેમ ખેંચાતી ગઈ ને વેચાતી અને ધોવાતી ગઈ. ઉતરનમાં ગૃહિણીઓ એવી ઊંડી ઊતરી જાય છે કે એના બે વરહના છોકરાની ચડ્ડી ઊતરી ગઈ હોય તોય એને ખ્યાલ નથી હોતો. મારી સગી ધર્મપત્નીએ એક દી ઉતરન ઈફેકટમાં મને પૂછેલું કે તમે કલાકાર છો તો ક્યોને 'ઈચ્છા'નું શું થાશે? મેં કહ્યું મને તો ભાખરી ખાવાની ઈચ્છા છે. ઈ ક્યે ક્યોને 'તપસ્યા'નું શું થાશે? મેં કહ્યું મારી તો એળે ગઈ! એણે છેલ્લો સવાલ પૂછ્યો કે 'વંશ'નું શું થાશે? મેં કહ્યું વેલો થશે!

હજી તો ઘણી સિરિયલો વિશે મારે વાઈફને પૂછવાનું બાકી છે, પણ એનો સિરિયલ જોવાનો ટાઈમ થઈ ગ્યો છે માટે હવે નેકસ્ટ ટાઈમ! મારો સર્વે ચેક કરવા માટે પણ સિરિયલ જોવાની છૂટ...!



~ હાઉકલી ~

'મુંબઈના મંત્રાલયમાં આગ એ આગ નહોતી, કૌભાંડવાળી ફાઈલોનું આત્મવિલોપન હતું !'

# ક્રિશ્નનો હેપ્પી બર્થ-ડે

અલ્ટ્રામૉડર્ન ગૉડ ક્રિશ્નનો હેપ્પી બર્થ ડે સાવ ઢૂંકડો (નજીક) છે. બે હજાર પેજના ગ્રંથમાં જે ક્રિશ્નનો મહિમા નથી સમાયો ને હજારો ગીતો કે કવિતામાં જે રણછોડ પૂરેપૂરો વર્ણવાયો નથી એ વ્રજેશ્વર મારા આ ટચૂકડા લેખમાં સમાય? સંભવત: આ વાત એન્ટાર્કટિકા ખંડમાં બરફનું કારખાનું ચલાવવા જેવી હાસ્યાસ્પદ છે. કિન્તુ ગોકળ આઈઠમ (કાઠિયાવાડમાં આમ જ બોલાય, ભૂલ કાઢવાવાળાઓએ ગોકુલ અષ્ટમી વાંચવું ઓકે.. રાજી?) નજીકમાં છે એટલે આઈડિયલ ઈશ્વર કન્હૈયા માટે કૈંક લખવું તો છે જ...! રસ, રીસ અને રાસનો ત્રિવેણીસંગમ સમો આપણો મોહન ઉર્ફે માધો ઉર્ફે કેટલાં બધાં નામો છે યાર...!

વેલ, અમારા ગામડે વર્ષો પે'લાં એક બાપા ગામને ચોરે બેઠાં બેઠાં ક્રિશ્ન કીર્તનની એક કડી મોઢામાં ફર્નિચર વગર ગાતા કે, 'કાનાને માખણ ભાવે રે, કાનાને ખીચડી ભાવે રે...!' એક દી મેં ટોક્યા કે દાદા, આમાં ખીચડી નથી 'મિસરી' શબ્દ છે તો દાદા તાડૂક્યા કે હાલતો થા હવે, આપણે ખાધું હોયને એવું જ કાનુડાને ખવડાવાય નકર (નહીંતર) કાનુડો માંદો પડી જાય.. આલે... લે!

દરેક શેરીમાં ગોપીમંડળ આ શ્રાવણ માસમાં ઊગી નીકળે છે. અસ્સલ કાઠિયાવાડી બોલીમાં કહું તો, 'ભક્તિ ચમરા કાઢી જાય છે.' એકેય બાજુથી ગોપી જેવી ન લાગતી હોય એવી વૃદ્ધાઓ ને માજીઓ હાથમાં કડતાલુ લઈને ભગવાનની રીતસર વાંહે પડી જાય છે.

ગોંડલમાં તો અમારી પાડોશમાં એક માજી જોર જોરથી ગાતાં'તાં કે 'માતા જશોદા કનૈયાને વારો (અટકાવો).' મેં તરત ટોણો માર્યો કે માડી, તમે તમારા છોકરાને વારો ને... બા, નકરો ગુટખા ને ફાકીના રવાડે ચડી ગ્યો છે. રોજના તમાકુના આઠ આઠ માવા ખાઈ ખાઈને ઈ સાવ 'માઓવાદી' બની ગયો છે.

ત્યાં બાજુના ગોપીમંડળે બીજું ઝીલણિયું ઉપાડ્યું કે 'શેરી વળાવી સજજ કરું હરિ આવોને...!' (વાચકોએ તાલ મોઢેથી ગણગણી લેવો... ધીંધા ધીંધા ફિદા ફિદા અથવા રામજી ઠકર-ભીમજી ઠકર બોલો તો પણ તાલ પકડાશે) મેં કહ્યું બા, શેરી હરિ સાટુ સજજ નથી કરવી, પેલા પોદરા વીણી લ્યો તો'ય બસ...! ત્યાં બીજી બાએ અતિ મૉડર્ન કીર્તન ઉપાડયું, 'ધૂમ મચા દે... ધૂમ મચા દે ધૂમ.. કાનુડા...!' આ સાંભળીને મને તો ઓતરાસ આવી ગયો. આપણે છટક્યા.

આડોશપાડોશના ગોપીમંડળ પર ધ્યાનથી ઝીણી નજર કરજો. ખૂબ હસવું આવશે. એમાં એક બા મુખ્ય ગાયકની ભૂમિકામાં હોય બીજી ચાર કોરસ હોય છે. હવે કોરસવાળાં માજીના કાનના દેવતા રામ થઈ ગ્યા હોય છે. (બ્લેક બેરી અન્ડરસ્ટૅન્ડ?) ડખો ઈ થાય કે મુખ્ય માજી ગાઈ કાંય ને કોરસ માજી ઝીલે કાંય! મુખ્ય માજીએ ઝીલણિયું ઉપાડ્યું કે 'કાન સૃષ્ટિનો સરજનહાર રે એને તમે ઓળખી લ્યો...!' ને બે'રા કોરસગ્રૂપે ઝીલ્યું કે 'કાન સૃષ્ટિનો સળગાવનાર રે એને તમે ઓળખી લ્યો!'

આ પોસ્ટમૉર્ટમ મારાથી સહન ન થયું. મેં ક્હ્યુ બા, સળગાવનાર નથી સરજનહાર છે. તો કોરસ ગ્રૂપમાંથી એક ડોસીમાએ ફટાક કરતો હાજર જવાબ વાળ્યો કે બેટા આ ચૈતર-વૈશાખના તાપ કોણે સળગાઈવા છે?

યાદ છે નાના હતા ત્યારે ગામડામાં મદારી કહેતો કે હું તમારી નજર બાંધું છું ને આપણે પણ કલાક સુધી એની અસરમાં રહેતા. વિચાર તો કરો હજારો વર્ષો પહેલાં આ દ્વારકાધીશ નામનો જાદુગર કેવો અદ્ભુત કીમિયાગર હશે કે આપણે આજ સુધી એની અસરમાંથી બહાર નથી નીકળી શક્યા.

પણ આ તો હળવીફૂલ વાતો થઈ બાકી કાળિયો ઠાકર તો માત્ર પરમેશ્વર નથી પણ પ્રેમેશ્વર છે. નવું વિચારે, નોખું કરે અને અનોખું જીવે એનું નામ ગિરધારી. તમામ અપવાદોનો વિશિષ્ટ સંગ્રહ એટલે બાંકે બિહારી.

ક્રિશ્ન સખા અૌદ્ધવે એક'દી રાધારમણને પૂછ્યું કે કાન્હા પૂર્ણ પુરુષોતમ થઈને તેં ગોકુળમાં ગોપીયુંનાં ચીર ચોર્યાં ઈ લીલાનું રહસ્ય શું? યશોદાનંદને હસીને ઉત્તર આપ્યો કે ઓધા, ભવિષ્યમાં ગમે ત્યારે દ્રૌપદીને ચીરની જરૂર પડવાની છે એટલે મેં તો ગોપીયુનાં નવસોનવ્વાણું ચીર દ્રૌપદીને પાછાં વાળ્યાં છે. ગોકુળમાં તો ખાલી ઍડ્વાન્સ બુકિંગ કર્યું હતું. આ જન્માષ્ટમીએ ક્રિશ્ન આવે, ઝટ આવે તે ભારતને 'મહાભારત' થતું અટકાવે એ જ પ્રાર્થના.

માધવમુકુંદ હવે ઈન્ડિયામાં આવો તો ઉતાવળ રાખજો. પહેલાં તો એક કંસ હતો. હવે ગામેગામ છે. દરેક રાજ્યમાં મીરાં ઝેરના કટોરા પીવે છે. ગામે ગામ દ્રૌપદી પોકારી રહી છે કન્હૈયા ઝપટ બોલાવ થોડુંક બોર્નવિટા વધુ પીને આવજે. ને હા, આઈકાર્ડ ભૂલતો નહીં, ચૂંટણી માથા ઉપર છે...!

# હું પંદરમી ઑગસ્ટ છું

જી, હા મારું નામ પંદરમી ઑગસ્ટ છે. વિદ્યાર્થીઓ માટે હું દસ માર્ક્સનો પરીક્ષામાં પુછાતો નિબંધ છું. સુરક્ષાકર્મીઓ માટે હું ફરજ છું, સરકારી કર્મચારીઓ માટે હું એક માત્ર જાહેર રજા છું અને સમગ્ર દેશવાસીઓ માટે...? કદાચ નિબંધથી વધુ કાંઈ નથી! આજના દિવસે કોકડું વાળીને કબાટમાં ગઈ સાલનો ગોઠવી દીધેલો હશે ત્યાંથી રાષ્ટ્રધ્વજ ગોતવામાં આવે છે. જો એ ધ્વજ ગણેશજીનાં વાહનોનો આહાર બની ગયો હોય તો તાબડતોબ છાનોમૂનો નવો ખરીદવામાં આવે છે. કદાચ રાષ્ટ્રગીતના શબ્દો પણ કોઈને યાદ નથી એટલે આબરૂ ન જાય માટે, હવે માત્ર એની ટયૂન જ વગાડવામાં આવે છે અને એ પંચાવન સેકન્ડ પણ ઘણા મહાનુભાવો મોબાઈલ પર 'તાકતાં' રહે છે. આ બધું મેં મારી સગી આંખે જોયું છે, કારણ કે હું મૂંગી અને લાચાર પંદરમી ઑગસ્ટ છું.

ત્યાર બાદ રાબેતા મુજબ નક્કી કરેલાં આઠ-દસ દેશભક્તિ ગીતો પર ભૂલકાંઓ દ્વારા અભિનયગીતો રજૂ કરાય છે. એ બાળકો જેટલી જ અલ્પ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ દ્વારા એમને વધાવાય છે. ઑક્સિજન ઉપર જીવતી આ મારી હાલત ને એના ઉત્સાહને ટકાવવા દાતાઓ દ્વારા ઈનામો જાહેર કરાય છે. વેટ માટે કે સોનાચાંદીની આયાત નિકાસના અન્યાય માટે ગમે ત્યારે આંદોલન કરવા તૈયાર રહેનારા વેપારીઓએ છેલ્લાં પાંસઠ વરસમાં અડધી કલાક દુકાન બંધ રાખીને મારા માટે રેલી કાઢી હોય કે ધ્વજવંદન કરવા આવ્યા હોય એવું મને સાંભરતું નથી. છતાં હું સર્વને માફ કરું છું, કારણ કે હું સમજદાર અને ઉદાર પંદરમી ઑગસ્ટ છું...!

પોતાની જ્ઞાતિના ઉદ્ધારકની જન્મતિથિ ઉપર કે જ્ઞાતિના સરસ્વતી સન્માન સમારંભમાં એક SMSથી સૂપડા મોઢે એકઠા થઈ જાતા આ દેશવાસીઓને મારા સન્માન માટે પંદર મિનિટ કાઢવાનો સમય નથી? ભારતમાં દેશભક્તિ સાવ 'સીઝનેબલ' થઈ ગઈ છે. પાંસઠ વરસમાં હું ગૌરવ લઈ શકું એવાં પાંસઠ નામ પણ વર્તમાનમાં મારી પાસે નથી રે... નસીબ!

આ દેશના એક 'અગત્સ્ય' ઋષિ હાથની અંજલિમાં દરિયાને પી ગયા હતા એ કથા પુરાણ પ્રસિદ્ધ છે, પણ આ દેશને આઝાદી પછી તો 'પંદર અગસ્ત' મળ્યા છતાં એ ગરીબોનાં આજ સુધી આંસુ નથી પી શક્યો?? પંદરમી ઑગસ્ટ તરીકે મને મૂંઝારો થાય છે લાલ કિલ્લાની એ દીવાલો જોઈને...! એ લાલ રંગમાં મને ભગતસિંહ અને ચંદ્રશેખરની આંખ્યુંનો લાલ રંગ સાંભરે છે. પરેડના કદમતાલમાં મને મંગલ પાંડેની ફાંસી યાદ આવે છે ને હું એક ધબકારો ચૂકી જાઉં છું. શસ્ત્રોનું શક્તિપ્રદર્શન નિહાળીને મને શસ્ત્ર વગર રાષ્ટ્ર માટે લડેલા તાત્યા ટોપે, શ્યામજી વર્મા કે ગાંધીની યાદ આવે છે. મારી પાસે ભવ્ય ભૂતકાળ છે, પરંતુ હું ઘાયલ વર્તમાનથી ઘવાયેલી પંદરમી ઑગસ્ટ છું.

આ દેશને અડધી રાતે આઝાદી મળી છે એટલે હજી દેશવાસીઓ ઊંઘમાં છે. ભ્રષ્ટાચાર, કોમવાદ અને સ્વાર્થની ઉધઈએ મારું મૂલ્ય હણી નાંખ્યું છે. અત્યારની પેઢીને સાવ

મફતમાં મળેલી આ આઝાદીની કશી કિંમત નથી. એટલે જ યુવાપેઢીને આ દેશમાંથી ભણીગણીને જેટલું બને એટલું જલદી 'ફોરેન સેટલ' થાવું છે.

મેં ગાંધીથી લઈ અણ્ણા હઝારે સુધીના ઉપવાસને અનુભવ્યા છે. વોટબૅન્ક માટે 'વંદેમાતરમ્' ગાવાવાળા ને ગૌહત્યાના કાયદા માટે મૌન સેવનારાઓને હું રૂબરૂ મળી છું. છતાં ભૂલકાંઓનાં અભિનય ગીતો નિહાળી હું રાજી થાઉં છું કે એટલીસ્ટ આ બાળકો ભણશે ત્યાં સુધી તિરંગાને સલામી ભરશે. કદાચ પગભર થઈ ગયા પછી આ દેશમાં તિરંગાની બહુ જરૂર નથી રહેતી. મારું ચાલે તો ધ્વજવંદન હું ફરજિયાત બનાવી દઉં. ધ્વજવંદનનો જેની પાસે સમય ન હોય એને આ દેશમાં રહેવાનો-જીવવાનો કે હક માંગવાનો અધિકાર નથી, પણ મારું માને કોણ, હું તો અસહાય પંદરમી ઑગસ્ટ છું...!!!

એક અફસોસ આજ પેલ્લી વાર તમને કહું છું કે કાશ, કસાબ અને અફઝલને ફાંસીથી બચાવનારા આ 'મહાનુભાવો' જો આઝાદી પહેલાં પણ હોત ને તો આપણે ભગતસિંહ, ખુદીરામ, સુખરામ, મંગલ પાંડે કે સાવરકરને પણ જિવાડી શક્યા હોત!!! પણ હું અભાગણી પંદરમી ઑગસ્ટ છું. સવારના પહોરમાં ટ્રાફિક સિગ્નલ પર પાંચ પાંચ રૂપિયાના પ્લાસ્ટિકના તિરંગા વેચતા દસ વરસના ભૂલકાને જોઈ હું રડી પડી છું. આ બાળક તિરંગો નહીં એનું બાળપણ વેચે છે એ કેમ કોઈને દેખાતું નથી ને ડંખતું પણ નથી?

મારી અંતિમ પ્રાર્થના છે કે, 'હે મારા ભારતવાસીઓ! મેં ભલે તમને આજે આઝાદી આપી પણ આજના દિવસોમાંથી તમે મને મુક્તિ આપો. મારી ઉજવણી બંધ કરી દો, તમારી અલ્પ સંખ્યાની હાજરી મારા શરીર પર ઉઝરડા કરી જાય છે. તમારી બેફિકરાઈ ભરેલી રાષ્ટ્રભક્તિથી હું રોજ રોજ મરું છું. મારું રાજીનામું સ્વીકારી લો. તોય દસ માર્ક્સના નિબંધ તરીકે તો હું જીવવાની જ છું ને! પ્લીઝ, મને મુક્તિ આપો હું તરફડું છું. ઝખ્મી બની ને માનવતાથી ડ્રાઈવ થતી અને નિઃસ્વાર્થ રાષ્ટ્રપ્રેમથી ભરેલી કોઈ "દિવ્ય ૧૦૮"ના ઇંતજારમાં...!'

જે ધ્વજવંદન કરે છે એને મારા વંદન અને જે નથી કરતાં એને મારા અભિનંદન કે તો'ય ઈ પોતાને ભારતીય ગણે છે વાહ...! આવજો હવે કોઈ દી નહીં મળીએ.

લિ. કદાચ કોઈની નથી રહી એવી અનાથ
પંદરમી ઑગસ્ટના જયહિંદ.

# વાટકી વહેવાર

**મો**ડા પડેલા વરસાદનો ખરખરો કરવા હું મિત્ર અતુલના ઘરે પહોંચ્યો ત્યાં ભાભી 'સબ' ચૅનલની 'ગૂટરગૂં'ની જેમ મૌનમાં કૈંક બબડતાં હતાં. મને ભાળીને ભાભી સાઈલન્ટમાંથી તરત જ વાઈબ્રેટ મોડ ઉપર આવ્યાં ને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યાં. મેં પૂછ્યું ભાભી કેમ રડો છો? ભાભી ક્યે સાંઈભાય, મારી ઉપર આજે તમારા ભાઈએ હાથ ઉપાડી લીધો! હું હબક ખાઈ ગ્યો કે અતુલ તો હસ્તમેળાપ માટે પણ હાથ નહોતો ઉપાડતો, એણે ભાભી ઉપર હાથ ઉપાડ્યો? 'અનપોસિબલ' (માફ કરજો, બોલ બચ્ચનના પૃથ્વી જેવું અંગ્રેજી યાદ આવી ગ્યું) ભાભી બન્યું છે શું? મને વિગતે વાત કરો, મેં પૂછ્યું. ભાભી વળી ધ્રુસકું ગળીને બોલ્યાં કે વાતમાં કાંઈ નથી. કલાક પહેલાં તમારા ભાઈએ જમતાં જમતાં દાળ ખાધા પછી મને ફટકારી. મેં કારણ પૂછ્યું તો મને ક્યે, દાળ કાલની છે! હવે મારું દુઃખ કોને કહું? મેં કાલે દાળ બનાવી જ નહોતી. બાજુવાળી રંજન દાળ આપી ગઈ. મેં ઈ સીધી અતુલની થાળીમાં પધરાવી. હવે મને શું ખબર કે રંજનની દાળ કાલની હશે! વાંક રંજનનો હતો ને ઝાપટ મારા ભાગે આવી, ભાઈ એટલે રોઉં છું.

આ ટ્રાન્સફરેબલ દાળકથા સાંભળીને મને પણ થયું કે 'સગપણમાં સાઢુ ને પાડોશીનું પાટુ' આનું નામ. તમામ બહેનોને આ અંગત સલાહ જાહેરમાં દઉં છું કે વાટકી વહેવારરૂપે તમારા ઘરે જ્યારે પાડોશી કોઈક વસ્તુ દેવા હસતા મોઢે આવે ત્યારે નક્કી સમજી લેવું કે યા તો ઈ આઈટમ એની ઘરે વધી હશે યા એના ઘરમાં કોઈએ ખાધી નહીં હોય એટલે આપણને બટકાવે છે. બાકી સદૈવ મનોમંથન કરવું કે પોતાના ઘરમાં સારી બનેલી આઈટમ પાડોશી માટે વધે ખરી? એની વે, વાટકી વહેવાર કોઈ તહેવારમાં ટકાવવો એ દરેક પાડોશણનો ધર્મ છે. એ નેઈબર ઍન્ડ ઊંબર વિલ નેવર ગેટ ફીવર.

(નોંધ : બોલ બચ્ચનવાળી અંગ્રેજી ઉકેલવાનો વ્યર્થ પ્રયત્ન ન કરવો.)

અતુલની ચાટાબાજીનું વૃત્તાંત ભાભીના ભારે હૈયે સાંભળીને હું અતુલના ઘરે શા કામે આવ્યો'તો ઈ ભુલાઈ ગયું. ત્યાં નેપકીનથી હાથ સાફ કરતો અતુલ પ્રગટ્યો ને બોલ્યો, લે સાંઈ, તું ક્યારે આવ્યો? મને આ તારી ભાભીએ વાસી દાળ બટકાવી એમાં ઝાડા થઈ ગયા છે, ખ્યાલ જ ન રહ્યો. ભાભી વચ્ચે કૂધાં હજુ કહું છું કે દાળ બાજુવાળી રંજનની હતી. મારો કાંઈ વાંક નથી. મહેરબાની કરી મને ગામમાં વગોવો નહીં.

અતુલ ક્યે, આમ તો સારું થયું સાંઈ, બે દિવસથી જૂની કબજિયાત હતી. આ રંજનબેનની દાળથી છુટકારો થઈ ગયો, બાકી ફાકીથી પણ મેળ નહોતો પડ્યો. ભલું થજો રંજનબેનનું!!! ત્યાં ભાભી વિફર્યાં, જોયું સાઈરામભાઈ, રંજન વાસી દાળ ખવડાવે તોય રાજી ને ઘરવાળી ઊભી સુકાય તોય તમાચા ધે ગાજી ગાજી!!!

અતુલ અને ભાભી વચ્ચે જંગ શરૂ થાય ઈ પહેલાં મને યાદદાસ્ત પાછી આવી કે મને પણ મારી ઘરવાળીએ કબજિયાતની ફાકી લઈ આવવા જ અતુલના ઘરે મોકલ્યો હતો. મેં

માંગી કે ભાભી મને હરડેની ફાકી આપો, મારેય પેટમાં લોચો છે.

ત્યાં અતુલે સિક્સર મારી કે સાંઈ, મને દાળથી જ પેટ સાફ આવ્યું છે. એક કામ કરને ભાભીને રંજનબેનના ઘરે મોકલીને ફાકી કરતાં દાળ જ મગાવી લેને, છુટકારાની ગેરંટી તો ખરી! ત્યાં ભાભી તાડૂક્યાં, ખબરદાર સાંઈરામભાઈ! રંજનના ઘરે જો દાળ લેવા તમે જશો તો આપણા સંબંધ પૂરા!

ભાભીના આખરી અલ્ટિમેટમનો હું કાંઈ જવાબ આપું ત્યાં તો ફળિયામાં રંજનબેન પ્રગટ્યાં ને બોલ્યાં, 'ભાભી દાળ કેમ લાગી? મારી નાની બેને રાજકોટથી ગોંડલ બસમાં ખાસ મને મોકલી'તી. ઊતરી તો નહોતી ગઈ ને? મેં અડધેથી મામલો હાથમાં લીધો કે ના, ના રંજનબેન તમારી બેનનાં દાળનાં વખાણ હાલતાં'તાં! હજી પડી હોય તો હુંય લઈ જાઉં?'

રંજનબેને ગાડા એકનો નિસાસો નાંખ્યો કે પહેલાં કહેવાયને, કામવાળીને બહુ ભાવી તો ઈ આખું ટિફિન ભરી ગઈ. મેં કહ્યું વાંધો નહીં ઓલ્વેઝ નેક્સ્ટ. એકાદ વખત આવી દાળ હાથોહાથ ખવડાવવા તમારી નાની બેનને જ રાજકોટથી ગોંડલ તેડાવો. આમેય શેરીમાં ઘણાંયનાં પેટ બાદી ગયાં છે! હા હા હા! રંજનબેન કાંઈ સમજે ઈ પહેલાં હું ને અતુલ આ વાટકી વહેવાર પર હસીને અદૃશ્ય થઈ ગયા.



~ હાઉકલી ~

સ્ત્રીઓ માત્ર એક પુરુષનું કહ્યું કરે છે ને એ છે 'ફોટોગ્રાફર'.

# વાંઢાપણાનો વૈભવ

**આ** ધરતી ઉપર ત્રણ જ વસ્તુ અમર છે. એક સૂરજ, બીજો ચાંદો અને ત્રીજો વાંઢો. લોકસાહિત્યનો હળવોફૂલ દુહો છે કે –

પાળે નાચે પારવડાં, વનમાં નાચે મોર,
પરણ્યા એટલા માનવી, ઓલ્યા વાંઢા હરાયા ઢોર!

આપણે ત્યાં પતિ-પત્ની રોડ ઉપર સાથે ચાલ્યાં જતાં હોય તો લોકો એમ કહે છે કે બે'ય માણસ હાલ્યા જાય છે. અથવા તો બે'ય માણા ચા પીવા આવો એમ નિમંત્રણ અપાય છે. મતલબ કે એકલી છોકરી કે છોકરો શું ડાયનોસોર છે? પણ ના, આપણી સમાજવ્યવસ્થા પ્રમાણે લગ્ન કરે પછી જ એની માણસમાં ગણતરી થાય છે.

વાંઢા ઉર્ફે કુંવારા ઉર્ફે અપરિણીત ઉર્ફે લડધાની શું વાત કરવી? વાંઢા રાજાની જેમ જીવે છે અને કૂતરાની જેમ મરે છે. જ્યારે પરણેલા કૂતરાની જેમ જીવે છે અને રાજાની જેમ મરે છે. મારું અંગત તો એવું માનવું છે કે પત્નીઓને કેવી રીતે સાચવવી અને કંટ્રોલ કરવી એ એકમાત્ર પરણેલાઓને જ ખબર હોય છે. કુંવારાઓ પલંગની બંને સાઈડથી ઊતરી શકે છે જ્યારે પરણેલાઓ એવું નથી કરી શકતા. કારણ એક બાજુ એણે હરખભેર આયાત કરેલું બુલડોઝર પડયું હોય છે. કુંવારા એમ કહે છે કે તાજમહાલ બનાવવો છે પણ મુમતાઝ મળતી નથી, જ્યારે પરણેલા એમ કહે છે કે તાજમહાલ માટે આગ્રામાં પ્લોટ લઈ લીધેલો છે, પરંતુ મુમતાઝ મરતી નથી.

પરણેલાના શર્ટ ઉપર બટન નથી હોતાં અને બિચાકડા કુંવારાના શરીર ઉપર તો શર્ટ જ નથી હોતાં. કુંવારા બિન્દાસ્ત મોજથી રખડે-ભટકે છે. એને કોઈની સાડીબાર નથી હોતી અને પરણેલાઓ ક્યારેક સાળી સાથે બહાર હોય છે...! કુંવારા હોવાનો વૈભવ નિરાળો છે. વાંઢા પાસે મીઠાં મીઠાં સપનાંની દુનિયા હોય છે જ્યારે પરણેલા પાસે દુનિયાભરનાં સપનાં! કુંવારો આઝાદ છે. પરણેલા પાસે ફરિયાદ છે. કુંવારાને જે જે નથી મળ્યું, એની સતત પ્યાસ હોય છે ને પરણેલાને જે જે મળી જાય છે એનો ત્રાસ અનુભવાય છે. કુંવારો ઈસ્ત્રીવાળાં કપડાં પહેરવાં માટે સ્ત્રી મેળવે છે અને પરણેલો લગ્ન પછી ઈસ્ત્રી જેવો ગરમ જ રહે છે.

મિત્ર ગુણવંત ચુડાસમાએ વાંઢાઓના પ્રકાર પાડ્યા છે. સધ્ધર વાંઢો, વેવલો વાંઢો, ખોંચરો વાંઢો અને અદેખો વાંઢો. આમ તો વાંઢાપણું એ એક અવ્યાખ્યાયિત પદ છે. છતાં આ ચારેયની લાક્ષણિકતાઓ સહેજ સમજી લઈએ.

સધ્ધર વાંઢો : અંદાજે ૪૫ થી ૪૮ વર્ષ સુધી ગામેગામની કન્યાઓ જોયા બાદ આ પ્રકારના વાંઢાઓ સ્વેચ્છાએ અને સ્વમુખે પોતાની હાર સ્વીકારી લ્યે છે કે, 'હવે આપણું નહીં થાય...!' આ પ્રકારના વાંઢાઓ સાત્ત્વિક વાંઢાઓ છે, જે સમાજમાં નડતા નથી અને પ્રભુભક્તિ કે સમાજસેવા કે નોકરીમાં ગૂંચવાઈ જાય છે. વળી અજાણ્યા કોઈ પૂછે તો પણ એવો જ ઉત્તર આપે છે કે, 'આપણે તો લગ્ન કરવાં જ નહોતાં. ઈ કોણ માથાકૂટમાં પડે?' આ સધ્ધર વાંઢાઓની વસ્તી અંદાજે સોએ દસ ટકા જેવી હોય છે.

વેવલો વાંઢો : આ પ્રકારના વાંઢાઓની પ્રજાતી પોતાના દરેક પરિવારજન, મિત્રવર્તુળ કે અજાણ્યા લોકો પાસે પણ 'સગાઈ' માટે રીતસર લબડતી જોવા મળે છે. આપણું ક્યાંક ધ્યાન રાખજો, આમ તો માગાં ઘણાં છે, પણ તમે બતાવો ત્યાં જ લગ્ન કરવાં છે. આવાં વાક્યો આ વેવલા વાંઢાઓ સતત દી'માં દસ વાર અનેક લોકોને કહેતા હોય છે. પોતાનાં વેવલાપણાને લીધે જ આ લોકો વાંઢા મરી જાય છે. વેવલા વાંઢાઓની વસ્તી અંદાજે સોએ ત્રીસ ટકા જેટલી હોય છે.

ખોંચરો વાંઢો : વાંઢાપણાની આ અઘરી કોમ છે. જે શ્રેષ્ઠ કન્યાઓમાં પણ ખોંચરાઈ (ભૂલ) જ કાઢતી હોય છે. કન્યા પક્ષે સાવ નાક કાપીને રિજેક્ટ કર્યા હોય તો પણ આ ખોંચરા પ્રકારના વાંઢા કન્યાનો જ વાંક બતાવતા હોય છે. તો વળી ક્યારેક કન્યાનાં મા-બાપ કે ભાઈનો વાંક બતાવી સતત પોતાનો ડિફેન્સ રમતા હોય છે. ખોંચરા વાંઢા સમાજમાં સૌએ ચાલીસ ટકા જેટલા હોય છે.

અદેખો વાંઢો : આ પ્રકારના વાંઢાઓ કોઈના પણ લગ્નનો ઢોલ સાંભળી શકતા નથી. ગામ કે શહેરની લગ્નની વાડી પાસેથી સ્કૂટર લઈને નીકળવામાં પણ એને પીડા થાય છે. ફૂલેકું રોડ પર સામું મળે તો આવા વાંઢાઓ શેરીયું બદલાવી લ્યે છે. કોઈ પણ કપલને બગીચામાં બેઠેલું જોઈ, આ લોકોને રોમેરોમ અગ્નિ પ્રગટે છે. કલર્સ અને સબ ચૅનલની પારિવારિક સિરિયલો પણ આ લોકો જોતા નથી. કલર ગ્રૂપ ચલાવતી તમામ સંસ્થાઓ આ અદેખા વાંઢાઓને અંગત દુશ્મનો જેવી લાગે છે. આ પ્રકારના વાંઢાઓની સંખ્યા સોએ વીસ ટકા જેટલી હોય છે.

વેલ તમે પરણેલા હો તો આ લેખ તમને સહેજેય લાગુ પડતો નથી, પરંતુ જો તમે કુંવારા હો તો આ ચારમાંથી કયા પ્રકારમાં છો ઈ પર્સનલી જજ કરી લેજો. હા, વાંઢાઓનો અંતિમ ને પાંચમો પ્રકાર 'સાઈલન્ટ વાંઢાઓ' છે, જે કોઈને કહેતા નથી અને જણાવવા પણ નથી દેતા કે ઈ પોતે રહી ગયા છે...!!!



~ હાઉકલી ~

'ઓણ હતી નહીં તું મેળામાં,
હોય પછી તો શું મેળામાં ?

# ફિલ્મી આઈટમ

એક બાજુ વરસાદ મોડું કરીને ગુજરાતીઓના ગાલ પર તમાચો મારી જ રહ્યો છે. એમાં છાપું ખોલ્યું ને હેડલાઈન વાંચી કે ઓછાં કપડાં પહેરવાને કારણે સલમાન ખાને બિચારી કેટરીના કૈફને થપ્પડ મારી...! મને આશ્ચર્ય એ વાતનું થયું કે ફિલ્મલાઈનમાં કપડાંનો ઉલાળિયો કરવાનું ઉદ્ગમસ્થાન આદરણીય સલમાનભાઈ પોતે છે. વાતે વાતે ને ગીતે ગીતે શર્ટ કાઢીને સલમાન ખાને પોતાના મોંઘાદાટ જિમનો ને કસરતનો ખર્ચો પબ્લિક પાસેથી વસૂલ્યો છે. 'ગાંડી ડાહીને સલાહ આપે' ઈ કહેવત આપણે સહુએ સાંભળી'તી પણ બિચારી કેટરીનાએ તો એ અનુભવી.

'આમસૂત્ર'ની ઍડ્વર્ટાઈઝમાં મેંગો જ્યૂસનું જે ટીપું માંડ માંડ હોડીમાં બેઠેલી કેટરીનાના હોઠ પર પડે છે એનાથી પણ મોટાં મોટાં ટીપાં કેટરીનાની આંખોમાંથી સલમાનની ઝાપટ ખાધા પછી પડ્યાં હશે. ને ઈ મનોમન 'કર્મા'ના ડૉ. ડેન(અનુપમ ખેર)ની જેમ બબડી પણ હશે કે 'ઈસ થપ્પડ કી ગુંજ તુમ્હેં સુનાઈ દેગી સલ્લુ!' પહેલાં ઐશ્વર્યા પછી કેટરીના ને ઈ પછી ન જાણે કેટલીય સાચા દિલથી પ્રેમ કરનારી સ્ત્રીઓની આ સલમાને 'હાય' લીધી છે. એની આંતરડી બાળી છે. એના શાપે ને પાપે જ કદાચ સલમાન વાંઢો મરી જાશે.

સમય અને સંજોગો પ્રમાણે આપણા સહુની જીવનશૈલી બદલાઈ રહી છે. રાજકોટના તેજાબી શાયર અમૃત ઘાયલ સાહેબની મને ગમતી એક ગઝલ યાદ કરાવું તો...

ન કોને જીવ પ્યારો હોય, મને પણ જીવ પ્યારો છે.
પરંતુ જીવથીય પ્યારો, મને સિદ્ધાંત મારો છે.
સુધરતા જાય છે લોકો ને બગડતી જાય છે દુનિયા.
ખબર પડતી નથી કંઈ આ સડો છે કે સુધારો છે?

ડાયરામાં અમે ગળા ફાડીને કાયમ કહીએ છીએ કે પુરુષો જો વ્યસન છોડી દે ને સ્ત્રીઓ જો ફૅશન છોડી દે તો આખા ભારતના ડખા ડંભાઈ જાય, પણ અટાણે તો બોલીવૂડમાં બહુ ગરીબ ઘરની દીકરીયું આવી રહી છે. આપણે ત્યાં બાલમંદિરનાં બાળકોને પહેરાવવામાં આવતાં નાનાં કપડાં બોલીવૂડમાં હીરોઈનુંને પહેરાવવામાં આવે છે. બરોડામાં એક કૉલેજના વાર્ષિક મહોત્સવમાં મારો ડાયરો હતો. જે બહેન જી.એસ. હતા એનું ટીશર્ટ જોઈને જ મારાથી એને પુછાઈ ગયું કે બેન, આવાં કપડાં પહેરવામાં તમારાં મમ્મી-પપ્પા તમને કાંઈ ખિજાતાં નથી?

એ બહેને મસ્ત જવાબ આપ્યો કે સર, આજે મારી મમ્મી મને ખૂબ ખિજાણી. હું એનું ટીશર્ટ પહેરીને કૉલેજે આવી છું એટલે!!!... હે રામ...!!!

'તાન કે સીના ચલે હસીના, ફૅશન કી બલિહારી,
પુરુષ બેચારે પીછે રહ ગયે આગે બઢ ગઈ નારી.
પૂછા જો અૌરતોં સે આપકા પર્દા કિધર ગયા?

અૌરતોને મુસ્કરાકે જવાબ દિયા કિ, અક્કલ પે મર્દો કે પડ ગયા.'

આ ફિલ્મવાળા સામે મારો અંગત વિરોધ છે. આ લોકોએ સ્ત્રીઓને એક 'આઈટમ' તરીકે જ પેશ કરી છે. તંદુરસ્ત સમાજની ભૂખ સદા તંદુરસ્ત મનોરંજનની હોવી જોઈએ. અત્યારે તો શીલાબહેન ને મુન્નીબહેન, જલેબીબહેન ને ચમેલીબહેન ઍન્ડ અધૂરામાં પૂરું સનીબહેન આણી કંપની...! ભગવાન બચાવે. મનોરંજનનાં સ્તરને આટલું વલ્ગર કરી આ લોકો શું સાબિત કરવા માંગે છે મને તો એ જ નથી સમજાતું.

પણ આ આઈટમગર્લ ને આઈટમસોંગનો સુનામી ટૂંકા ગાળામાં શમી જાશે, કારણ કે વલ્ગર ગીતોના વંટોળિયા વચ્ચે પણ લોકોએ 'હમ આપકે હૈ કૌન', DDLJ કે 'બાગબાન'ને સુપરડુપર હિટ કરાવી છે. મતલબ કે લોકોને પારિવારિક મૂલ્યોવાળી ને લાગણીશીલ ફિલ્મો જ ગમે છે. આ તો થાળીમાં જેમ ફરસાણ હોય તો જરાક ટેસ્ટ સારો રહે! વેલ, પાપડના જમણવાર ન હોય... મારા વ્હાલા! સડેલા ટેસ્ટ સાથે મળીને સુધારીએ સહુ સાથે મળીને પૉઝિટિવ વિચારીએ ને હિન્દી ફિલ્મોમાંથી 'આઈટમો'ને V.R.S. અપાવીએ.

એક'દિ સમય આવશે. જો જો આ દાઢીવાળાને યાદ કરજો કે હિન્દી અને ગુજરાતી ફિલ્મોમાંથી ઓસ્કાર નોમિનેશન માટેની હોડ લાગશે ને ત્યાં સુધી કેવી રીતે પહોંચશું એના માટે જક્કાસ ગુજરાતી ફિલ્મ 'કેવી રીતે જઈશ?' જોઈ લેજો. શરૂઆત થઈ ચૂકી છે...!

મજૂરવર્ગને મઝા મઝા કરાવીને હવે ડૉક્ટરો અને એન્જિનિયરોને ગમે એવી ગુજરાતી ફિલ્મો બનવાનો દૌર શરૂ થઈ ચૂક્યો છે પણ... રે નસીબ ગુજરાતીઓને ગુજરાતી ફિલ્મ માટે સમય ક્યાં?



~ હાઉકલી ~

બારીશ કા મઝા દેખના હૈ તો દેખો મેરી નિગાહોં મેં, વો તો બરસ મેં બરસતા હૈ, યે તો બરસોં સે બરસતે હૈં!

# કિડનીનો કટકો

ગત બુધવારનો ફ્લેશબેક : જો ઈ.સ. ૨૦૨૦ ભારત સ્ત્રીપ્રધાન દેશ થઈ જાય અને અત્ર તત્ર સર્વત્ર મહિલાઓના જ હાથમાં બાગડોર આવી જાય તો શું થાય? કેવું ચિત્ર થાય?

સમગ્ર પુરુષની જાતિ નિર્બળ, અસહાય અને લાચાર થઈ જાય. ઘરવાળી દેશી દારૂની કોથળી પીને એના પતિને લાકડીએ લાકડીએ ઢીબી નાંખે. બીજે દી' છાપામાં હેડલાઈન આવે, 'વધુ એક પતિ ઉપર પીધેલ પત્નીએ કરેલો અત્યાચાર!' રોજ સવારમાં તમામ ઘરની સ્ત્રીઓ જીમમાં જોવા મળે અને સૌના પતિદેવ, મરદમૂછાળા શેરી વાળતા હોય. કોક તુલસીક્યારે દીવો કરતો હોય, કોઈ પોતાની પત્નીની સદ્બુદ્ધિ માટે સૂર્યને અર્ઘ્ય દેતો હોય, તો કોક બિચાકડો સાસુના સાડલાને ઈસ્ત્રી કરતો હોય.

સ્ત્રીપ્રધાન દેશમાં સ્ત્રીઓ કહે એમ જ જો કરવાનું થાય તો દોસ્ત, આ મહિલામંડળ હજારો વરસોની દાઝ આપણી ઉપર ઉતારે ઈ સો ટકા નક્કી. બ્યુટીપાર્લરમાં પુરુષોએ જ જવું પડે. કોઈ પરણેલા પુરુષના સૌભાગ્યની નિશાની એની 'ક્લીન શેવ' બને. ત્યાર બાદ કુંવારા અને વિધુર લોકોને જ દાઢી રાખવાની છૂટ મળે! (અરરર... માડી, આ વિચાર લખું છું તોય મને ધ્રુજારી છૂટી જાય છે.)

પરિણીત દરેક પુરુષોને દાઢી-મૂછની ફરજિયાત મનાઈ એવો હુકમ બહાર પડશે. જયાપાર્વતી, એવરત-જીવરત ને દિવાસા કે મોળાવ્રતની જેમ 'ગૌ-રીશંકર'ને 'પત્નીનારાયણ'ના નવાં વ્રતો બહાર પડે. લેડિઝ ક્લબની જ ચારે બાજુ બોલબાલા નીકળી પડે. ડાયરામાં લાખો મહિલાઓની મેદની વચ્ચે ત્રણ-ચાર પુરુષ કલાકારોના ડાયરા ગોઠવાય અને એમાં પાછી મહિલાઓ રુઆબથી ઘોર કરવા ઊભી થાય...! (રૂપિયા ઉડાડવાને 'ઘોર' કહેવાય.)

સૌથી ભયંકર કલ્પના તો કન્યાવિદાયનાં કરુણ દૃશ્યો સર્વત્ર જોવા મળે. કાળજાના કટકાને બદલે 'કિડનીનો કટકો' વિદાય ગીત ગાવામાં આવે. મરદ-મૂછાળા છોકરા ભેંકડા તાણી તાણી એના મિત્રોને વિદાય ટાણે પેલા ભેટશે. એમાંથી એકાદો સાસરે જતા દોસ્તને ૧૨૦ તમાકુનો માવો ચોળીને ખવરાવશે ને રોતાં રોતાં કહેશે પણ ખરો કે, ખાઈ લે ભેરુ આ છેલ્લો માવો ખાઈ લે! એકાદો વળી શિવાજી બીડીની સટ મરાવશે ને કહેશે કે :

'ભરી લે શ્વાસમાં એય દોસ્ત આ બીડીની ફૂંકો.'
સાસરીયે બીડી સિગરેટ પછી મળે ન મળે!

વરરાજો રડતો હશે. કન્યા હસતી હશે. વરનો બાપ કન્યા અને વેવાણને દંડવત્ કરી છેલ્લી પ્રાર્થના કરશે કે બેન મારા દીકરાનું ધ્યાન રાખજો. એને થોડીક ફાકી-ગુટકાની ટેવ છે. થોડોક ઉતાવળિયો છે, પણ આમ ભોળો છે! ઘરકામમાં કાંઈ ભૂલ કરે તો માફ કરજો. એને રસોઈ શીખવાડજો. બેન આજથી હવે મારો દીકરો એ તમારા ઘરનો 'ગૃહવિષ્ણુ' છે. (ગૃહલક્ષ્મીનું વિરૂદ્ધાર્થી!) આ સાંભળી વરરાજો પણ પોક મૂકશે. એ બાપા, મને ઝટ તેડવા

આવજો.

સાસરે આવો તંઈ થોડીક દેશી સોપારીની ફાકીયું બંધાવતા આવજો. એ બાપા... મને મારી સાસુ મારે તો છોડાવવા આવજો. આસપાસ ઊભેલા તમામ પુરુષોની આંખો ચોધાર આંસુડે રડતી રહે અને બંને પક્ષની સ્ત્રીઓ બેફિકરાઈથી મુસ્કુરાતી હશે, તો વળી બેકગ્રાઉન્ડમાં જુદા જુદા વિદાયગીત વાગતાં હશે કે –

બાબુલકી દુઆએ લેતા જા, જા તુજકો સુખી સંસાર મિલે.

'ભરી બપોર'નો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
લાલ ચટાક ચૂંદડી મારા ઘરની તિજોરી લઈને ચાલે.

દીકરો ને બાપ એ તો સેવકની છાપ,
દીકરો તો બૅન્કની થાપણ કહેવાય!

કિડની કેરો કટકો મારી બોડીમાં બટકી ગ્યો,
કેટલો ભણાવ્યો કેટલો ગણાવ્યો તો'ય ઈ ઉઠિયાણ થ્યો!

આ લેખ વિચાર્યો ત્યાં ત્રણ વાર પાણી પીવું પડ્યું. સાલ્લુ આ સપનું હકીકત બને તો? પ્લીઝ સેવ ગર્લ ચાઈલ્ડ. એક 'દી આપણી ગૃહિણીઓની જેમ ચૂપચાપ ચાર દીવાલો વચ્ચે ઈ જેમ જીવે છે એમ મૂંગા મોઢે આ દેશનો કોઈ પણ પુરુષ રહી બતાવે ને સહી બતાવે એટલે આપણે એના આજીવન ગુલામ...!

સલામ આ દેશની સન્નારીઓને! વંદન ઓલ ધ વુમન્સ ઑફ ઈન્ડિયા.



~ હાઉકલી ~

ભારતની પતિવ્રતા ગૃહિણીઓ જિંદગીના રિયાલિટી શોની સાચી હીરોઈનનું છે. જેનો બિગબૉસ એનો પરિવાર છે.

# ટોટલી બહેનોની ફેવરમાં

વાતવાતમાં આજે 'મસ્તીના પૂર' પચાસ અઠવાડિયાંનું થઈ ગયું. મને આ જગ્યા ઉપર દબાણ કરીને પણ શબ્દોના બાણ મારવાની એટલે મજા પડે છે કે વાચકોનો અપાર પ્રેમ હું ઝીલી રહ્યો છું. શબ્દોથી તમને પોંખું છું અને હું જ મારો અંગૂઠો ધોઈને ચરણામૃત લઈ લઉં છું અને મારું મહત્ત્વ વધારી લઉં છું. જેથી તમારે કાઈંશ નહીં. મોટા ભાગે લેખકો અને કલાકારો ઉપર અનાદિકાળથી એવા આરોપ મૂકવામાં આવ્યા છે કે અમે લોકો હાસ્ય જન્માવવા સ્ત્રીઓની જ પટ્ટી ઉતારીએ છીએ. જો કે એ વાત અલગ છે કે અમે તો માત્ર પટ્ટી જ ઉતારીએ છીએ, પણ આ દેશમાં સ્ત્રીઓએ ઘણાય મરદ મૂછાળાને પાટા હેઠે ઉતારી દીધા કે પાટ હેઠે કપાવી દીધા એનું કાંઈ નહીં? ખેર, આજનો લેખ ટોટલી બહેનોની ફેવરમાં. બા અદબ, બા મુલાઈજા, હોશિયાર! મને ગમતો દુહો કહું તો –

કૂવાનું ઢાંકણ પાવઠો * , જગતનું ઢાંકણ નાર.

સ્ત્રીને ઘરનું ઢાંકણ કહીને લોકાચાર્યોએ વર્ષોથી બિરદાવી છે, પરંતુ પુરુષપ્રધાન દેશમાં આપણે સ્ત્રીને ઈમોશનલી બ્લેકમેઈલ કરીને યુઝ ઍન્ડ થ્રોની નીતિ જ અપનાવી છે. પતિદેવો ભેગા થાય એટલે હંમેશાં પત્નીઓની નિંદા-સ્તુતિ શરૂ થાય છે, પરંતુ મને વિચાર એ આવે છે કે આ દેશમાં દસ વર્ષ પછી સ્ત્રીઓનું જ રાજ આવી જાય તો? (આમેય અટાણે દેશ તો મેડમ ક્યે એમ જ હાલે છે! ઘડીક વિચારો તો ઘરમાં અને સમાજના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓનું રાજ હાલવા લાગે તો...!) સપનું વિચારવામાં ક્યાં રૂપિયા થાય છે. એસ.ટી.ની બસ બહેનો ચલાવતી હોય...! છકડો રિક્ષા બાયું ચલાવતી હોય...! જીન્સ અને ટીશર્ટ પહેરેલી છોકરીયું ટેસથી પાનના ગલ્લે ઊભી ઊભી મજાક-મસ્તી કરીને માવા ફાકી ખાતી હોય ને કોઈ છોકરો બિચાકડો નીચું જોઈને ડરતો ડરતો એના ઘરભેગો થઈ જાતો હોય...! આ હા હા... ક્યા સીન હૈ!

ઘરના ઝૂલા પર બેઠી બેઠી ઘરવાળી ત્રાડ નાંખે કે ક્યાં મરી ગ્યો તું રમલા? (રમેશ ધારો કે એના પતિનું નામ હોય તો...!) અસહાય અને લાચાર રમલો પત્નીજીની ત્રાડ સાંભળીને ફફડતો સાવરણી મૂકીને પત્નીજીને પાણીનો ગ્લાસ આપવા આવે. ઘરવાળી રુઆબથી પાણી પીને એની સામે (નેણ ઊંચા કરીને કમર પર હાથ દઈને) ઊભી રહે ને પૂછે કે તને કીધું નો'તું, આ શર્ટ ઘરમાં નથી પહેરવાનું? કેટલી વાર ના પાડી છે, બહેરો છો? તારા બાપે કે ભાઈઓએ પિયરિયામાં પત્નીની આજ્ઞાપાલન કરતાં શીખવ્યું નથી? હં... સટાક્! (પતિના ગાલ ઉપર પત્નીની ઝાપટ નંબર એક પડે) છોકરાંવને લેસન કરાવી લીધાં? રસોઈ થઈ ગઈ? જવાબ દે, મૂંગો શું ઊભો છો?

ગાલ પર પડેલી થપાટની લાલાશ ચચરાવતો રાંકડો પતિ જવાબ આપે, હે પ્રિયતમ સ્વામી, એકડા લખાવાઈ ગ્યા છે, દાળ બસ ચડી રહી છે, નાનકડા છોકરાએ છી કર્યું છે, એને નવડાવી દઉં ને પછી આપ ક્યો તો રોટલી માંડું! આય હાય મેં સદકે જાવા. આઈ નો. આ લેખ

વાંચનારાં તમામ મહિલા વાચકોને અત્યારે ફિલગુડ થઈ રહ્યું છે ને તમામ પુરુષ વાચકો મને પાંચમા વેદની મનમાં ને મનમાં સંભળાવી રહ્યા છે.

પણ દોસ્ત, દીકરીઓની સંખ્યા રોજ ઘટી રહી છે. એક હજાર છોકરાના પ્રમાણમાં સાડા આઠસો કન્યાઓ જ વધી છે. દર એક હજાર છોકરાએ દોઢસોથી બસ્સો વાંઢા મરી જાવાના છે. આ ફેક્ટ અને ફાઈનલ વાત છે. ઈ.સ. ૨૦૨૦માં સ્ત્રીપ્રધાન ભારતદેશમાં સાસરીયે જાવાનો નિયમ ઊંધો થાય તો નવાઈ નહીં...? દીકરીને બદલે દીકરાને સાસરે મોકલવાનું શરૂ થાય તો શું થાય? ફરી ક્યારેક!



~ હાઉકલી ~

ભગવદ્ગોમંડલના ભુલાઈ ગયેલા શબ્દો : ક્ષીરકીટ – દૂધનો કીડો . ખપુકલું – ઝૂંપડું. ગળીવેડમી – પુરણપોળી. ઘર્મોદક – પરસેવો.



* કૂવા પરની લોખંડની જાળીને પાવઠો કહેવાય.